વર્ષ : ૪૨ ✦ અંક : ૪
એપ્રિલ - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

**“હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.”** - શ્રીમદ્ રાજચંદ્રજી



સમાધિમરણ : ચૈત્ર વદ પાંચમ, વિ.સં. ૧૯૫૭

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

સંસ્થામાં બા.બ્ર.પૂ. ગોકુળભાઈની યોજાયેલ
સ્વાધ્યાયશ્રેણી વેળાએ (તા. ૨૫ થી ૨૮ માર્ચ)



સંસ્થામાં અખિલ ભારતીય ગૌસેવાના પ્રમુખ
આદ. શંકરલાલજીના પરિસંવાદ વેળાએ (૧૮ માર્ચ)



સંસ્થામાં પૂ. શુકદેવાનંદજી મહારાજ તથા પૂ.સાધ્વી હંસાબાના સત્સંગની વેળાએ (તા. ૩૧-૩ અને ૧-૪)





શાશ્વતી ચૈત્ર માસની ઓળીના તપસ્વીઓના પારણા (તા. ૧-૪-૨૦૧૮)







વિવિધ સંસ્થાઓના ઉપક્રમે ભગવાન મહાવીર જન્મકલ્યાણકદિનની ઉજવણી વેળાએ
(તા. ૨૯-૩-૨૦૧૮, અમદાવાદ)







# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) રત્નત્રયધર્મની પ્રાપ્તિ ..... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) ભીતરમાં ઉકળતી વેદના, બહાર પરમ સંતોષ..
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ................
..................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૨

(૫) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ ....૧૫

(૬) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૧૯

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૨

(૮) આત્માની વિરુદ્ધધર્મત્વ શક્તિ ....શ્રી વલભજી હીરજી .... ૨૬

(૯) સર્વોદયી સંતની રાષ્ટ્રીય દેશના ..............
............... લે. પૂ. ક્ષુલ્લકશ્રી ધૈર્યસાગરજી
...................અ. : સુ.શ્રી બ્ર. બિંદુદીદી ... ૨૭

(૧૦) ધ્યાન-બેધ્યાન ............ શ્રી ચંદ્રહાસ ત્રિવેદી ... ૩૦

(૧૧) આયંબિલ ઓળીનું મહત્ત્વ ..શ્રી પારૂલબેન ગાંધી ... ૩૨

(૧૨) કર વિચાર તો પામ . શ્રી નવનીતભાઈ પી. શાહ ... ૩૫

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૬



**વર્ષ : ૪૨ — એપ્રિલ, ૨૦૧૮ — અંક - ૪**

**-: પ્રેરક :-**
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank** : Kotak Mahindra Bank
**Branch** : Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

‘જે ઝૂકે તે તરે’ એમ કહેવાય છે તે કથન કેટલું વાસ્તવિક છે !

હિન્દુ ધર્મના પ્રકાંડ પંડિત ગૌતમસ્વામી માન ત્યજીને વીરપ્રભુના ચરણમાં ઝૂકી ગયા અને સર્વસમર્પણ કરીને સ્વ અને પરનું હિત સાધી ગયા.

પાંચમા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી પોતાને ‘યાકિની મહત્તરા સુનૂ’ એટલે કે યાકિની મહત્તરા સાધ્વીજીના પુત્ર તરીકે ઓળખાવતા હતા !

આપ પરમજ્ઞાની પણ પોતાને વીરપ્રભુના અંતિમ શિષ્ય, વીતરાગના સાચા અનુયાયી માનતા હતા. આવા તો કેટલાયે મહાન આત્માઓ તરી ગયા છે, તરે છે અને ભાવિમાં તરશે. જ્યારે અમે આપનું શરણ પામીને પણ ‘‘અહંભાવથી રહિત’’ થઈ શકતા નથી ! બાહુબલીજી ત્યારે જ કેવળજ્ઞાન પામ્યા કે જ્યારે એમણે નાના ભાઈઓને વંદન કરવા માટે પગ ઉપાડ્યો !

‘હું’ અને ‘મારું’ એ મોહરાજાનો મંત્ર છે. વીતરાગદેવે કહ્યું છે કે, ઉપાદાન ગમે તેટલું તૈયાર હશે પણ જ્ઞાનીપુરુષના નિમિત્ત સિવાય કાર્ય નહીં થાય. ‘‘જ્ઞાનીપુરુષ જ મૂળ નિમિત્ત છે, જે શુદ્ધાત્માનું ઉપાદાન કરાવે અને અહંકાર તથા મમતાનું અપાદાન કરાવે.’’ આત્મજ્ઞાની સિવાય જીવને કોઈ મુક્તિ અપાવી શકે નહીં. તેથી જ આપે કહ્યું છે કે, ‘‘બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.’’ હે નાથ ! અમને તો આપ મળી ગયા છો. આજે બીજા જીવો માટે પણ એક પ્રાર્થના કરીએ છીએ કે –


‘‘ભવોભવ મળજો સર્વ જીવોને, કૃપાદૃષ્ટિ સૌ પર કરજો,
સાચો રાહ બતાવી સૌના, જન્મમરણના દુઃખ હરજો.’’

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક ૨૬૨



**મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૭**

ઉપાધિના ઉદયને લીધે પહોંચ આપવાનું બની શક્યું નથી, તે ક્ષમા કરશો. અત્ર અમને ઉપાધિના ઉદયને લીધે સ્થિતિ છે. એટલે તમને સમાગમ રહેવો દુર્લભ છે.

આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સત્સંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતોવખત અને પ્રસંગે પ્રસંગે કર્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઇચ્છા, અસત્સંગમાં ઉદાસીનતા રહેવામાં મુખ્ય કારણ તેવો પુરુષાર્થ છે, એણ જાણી જે કંઇ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.

અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે “શું કરવું ?” અથવા “કોઈ પ્રકારે થતું નથી ?” એવું તમારા ચિત્તમાં વારંવાર થઇ આવતું હશે, તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે, તેને કંઇ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે, અને કોઈ પ્રકારે થતું નથી એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે, અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

દોષ કરે છે એવી સ્થિતિમાં આ જગતના જીવોના ત્રણ પ્રકાર જ્ઞાનીપુરુષે દીઠા છે. (૧) કોઈ પણ પ્રકારે જીવ દોષ કે કલ્યાણનો વિચાર નથી કરી શક્યો, અથવા કરવાની જે સ્થિતિ તેમાં બેભાન છે, એવા જીવોનો એક પ્રકાર છે. (૨) અજ્ઞાનપણાથી, અસત્સંગના અભ્યાસે ભાસ્યમાન થયેલા બોધથી દોષ કરે છે તે ક્રિયાને કલ્યાણસ્વરૂપ માનતા એવા જીવોનો બીજો પ્રકાર છે. (૩) ઉદયાધીનપણે માત્ર જેની સ્થિતિ છે, સર્વ પરસ્વરૂપનો સાક્ષી છે એવો બોધસ્વરૂપ જીવ, માત્ર ઉદાસીનપણે કર્ત્તા દેખાય છે; એવા જીવોનો ત્રીજો પ્રકાર છે.

એમ ત્રણ પ્રકારના જીવસમૂહ જ્ઞાનીપુરુષે દીઠા છે. ઘણું કરી પ્રથમ પ્રકારને વિષે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિના પ્રકારને વિષે તદાકાર-પરિણામી જેવા ભાસતા એવા જીવો સમાવેશ પામે છે. જુદા જુદા ધર્મની નામક્રિયા કરતા એવા જીવો, અથવા સ્વચ્છંદ-પરિણામી એવા પરમાર્થમાર્ગે ચાલીએ છીએ એવી બુદ્ધિએ ગૃહીત જીવો તે બીજા પ્રકારને વિષે સમાવેશ પામે છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિ એ આદિ ભાવને વિષે જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, અથવા થયા કરે છે; સ્વચ્છંદ પરિણામ જેનું ગળિત થયું છે, અને તેવા ભાવના વિચારમાં નિરંતર જેનું રહેવું છે, એવા જીવના દોષ તે ત્રીજા પ્રકારમાં સમાવેશ થાય છે. જે પ્રકારે ત્રીજો સમૂહ સાધ્ય થાય તે પ્રકાર વિચાર છે. વિચારવાન છે તેને યથાબુદ્ધિએ, સદ્‌ગ્રંથે, સત્સંગે તે વિચાર પ્રાપ્ત થાય છે, અને અનુક્રમે દોષરહિત એવું સ્વરૂપ તેને વિષે ઉત્પન્ન હોય છે. આ વાત ફરી ફરી સૂતાં તથા જાગતાં અને બીજે બીજે પ્રકારે વિચારવા, સંભારવા યોગ્ય છે. ■

# રત્નત્રયધર્મની પ્રાપ્તિ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ભગવાન મહાવીરની વાણીનો મુખ્ય સંદેશ છે રત્નત્રય ધર્મ. મનુષ્યભવને સાર્થક કરવા માટે રત્નત્રયધર્મની પ્રાપ્તિ કરવી આવશ્યક છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે, "હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો."

સમ્યગ્દર્શન ક્યારેય એકલું હોતું નથી. તેની સાથે જ્ઞાન અને અમુક અંશે ચારિત્ર પણ હોય છે. આવો અવિનાભાવી સંબંધ છે. સંસારી જીવને હજુ રત્નત્રયધર્મના લાભની ખબર નથી, એટલે તેની રુચિ થતી નથી. સાંસારિક પદાર્થો - ગાડી, બંગલા, રૂપિયા આદિ પ્રાપ્ત કરવા માટે આખું જીવન ગધેડાની જેમ મજૂરી કરે છે, પરંતુ તેને ખબર નથી કે દુનિયાના કોઈ પણ પદાર્થમાંથી તેને જે સુખ જોઈએ છે તે પ્રાપ્ત થવાનું નથી. કારણ કે તેમાં સુખ છે જ નહીં તો પછી પ્રાપ્ત ક્યાંથી થાય ? જો દુનિયાના કોઈપણ પદાર્થમાં સુખ હોત તો કામદેવ, ચક્રવર્તી, તીર્થંકર એવા ત્રણ પદના ધારી શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ સમસ્ત જાગતિક વૈભવ છોડીને જંગલમાં શા માટે જાત ? માટે અત્યંત પ્રામાણિકપણે અંતરમાં વિચાર કરીને નિર્ણય કરવો કે પર પદાર્થમાં સુખ નથી. સાચું સુખ આત્મામાં જ છે અને તેને પ્રાપ્ત કરવાનો માર્ગ અધ્યાત્મ યોગીશ્વર શ્રી ઉમાસ્વામી મહારાજે 'તત્ત્વાર્થસૂત્ર' શાસ્ત્રમાં કહ્યો છે કે,

तत्वार्थश्रद्धानंसम्यग्दर्शनम् ।

આ વિશ્વમાં જીવ, અજીવ આદિ જે પદાર્થો છે તે જેવા છે તેવી જ, તે પ્રકારે તેમની શ્રદ્ધા કરવી તેને સમ્યગ્દર્શન કહે છે. આવું શ્રદ્ધાન માત્ર બુદ્ધિપૂર્વકનું નહિ પણ અંતરંગથી અનુભૂતિપૂર્વકનું હોવું જોઈએ. સમ્યક્દૃષ્ટિ જીવ જીવનમાં ઉપર ઉઠવા ઇચ્છે છે, સંયમમાર્ગે આગળ વધવા ઇચ્છે છે, ભલે તે વર્તમાનમાં સંયમ અંગીકાર ન કરી શકતો હોય, પણ તેના મનમાં રાત-દિવસ સાચો શ્રાવક તથા મુનિ બની જલદી જલદી પરમાત્મા બનવાની ઝંખના હોય છે. આપણે જાણીએ છીએ ઘણું પણ તે પ્રમાણે માનીને આચરણ ઘણું ઓછું કરીએ છીએ કારણ કે આપણને હજુ અંતરંગ શ્રદ્ધા થઈ નથી.પરમધ્યાની, તપસ્વી યોગીશ્વર શ્રી શુભચંદ્રાચાર્યે શ્રી 'જ્ઞાનાર્ણવ' શાસ્ત્રમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરતા સુંદર ગાથા લખી છે,

**एकं प्रशमसंवेगदयास्तिक्यादिलक्षणम् ।**
**आत्मनः शुद्धिमात्रं स्यादितस्च्च समन्ततः ॥**

**— दर्शनविशुद्धि ६-४**

આચાર્ય ભગવાને એક જ ગાથામાં વ્યવહાર સમ્યક્ત્વ તથા નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે, કારણ કે નિશ્ચય વ્યવહારપૂર્વક જ હોય છે.

**(૧) પ્રશમ :** વિભાવભાવોના ઉભરાને ઉપશમિત કરવા તે પ્રશમ. હું ક્રોધ, અભિમાન, માયાચાર, લોભાદિ કરીશ નહીં. હું મારા ભાવોને હંમેશાં કોઈપણ જગ્યાએ, કોઈપણ સમયે સારા રાખીશ. મા જેમ બાળકની રક્ષા કરે છે તેનાથી અનેક ગણી રક્ષા સમ્યક્દૃષ્ટિ તેના રત્નત્રયધર્મની કરે છે કારણ કે તેમને તે સૌથી વહાલું છે. આપણા જીવનમાં જે અસાવધાનીથી, અજ્ઞાનતાથી, કર્મના ઉદયથી વિવિધ પ્રકારના કષાય થાય છે તેને પ્રશમિત(શાંત) કરી દેવા જોઈએ.

**(૨) સંવેગ :** સંવેગભાવ વૈરાગ્ય સહિત હોય છે. દુન્યવી કાર્યો કરવા તરફ બ્રેક લગાવવી તે સંવેગ. આવું જો આપણા જીવનમાં ન થાય તો આપણા જીવનમાં વ્યવહાર સમ્યક્ત્વ પણ નથી. માટે પ્રથમ સાચો વ્યવહાર પ્રગટાવવો તો નિશ્ચય સમ્યક્ત્વ તરફ જઈ શકીશું.

**(૩) દયા :** સર્વ જીવમાં પોતાના સમાન આત્મા જોઈને, કોઈને પણ હાનિ ન પહોંચે તેવા ભાવ, શ્રદ્ધા કરવી તે દયા.

सर्वेपि सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित दुःखआप्नुयात् ॥

નીચી અવસ્થા હોવાથી આપણે સર્વ જીવની રક્ષા કરી શકતા નથી પરંતુ સમ્યક્દૃષ્ટિને ભાવના તો સર્વ જીવની રક્ષા કરવાની જ હોય છે.

**(૪) આસ્તિક્ય :** હું જીવ છું અને મારો મોક્ષ થઈ શકે છે. હું આ જન્મ-મરણના બંધનથી, આધિ-વ્યાધિ-ઉપાધિથી છૂટીને સમ્યક્ સમાધિના માધ્યમથી પૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત કરી શકું છું. આવું જે માને છે તે આસ્તિક છે.

આ આસ્તિક્ય ગુણમાં જ સાત તત્ત્વોનું શ્રદ્ધાન થઈ જાય છે. ભગવાનની શ્રદ્ધા થવાથી મોક્ષતત્ત્વનું શ્રદ્ધાન થઈ જાય છે. ગુરુની શ્રદ્ધા થવાથી સંવર, નિર્જરા તથા પુણ્યાનુબંધી પુણ્ય તત્ત્વની શ્રદ્ધા થઈ જાય છે.

**● આત્માની વિશુદ્ધિમાત્ર નિશ્ચયસમ્યગ્દર્શન છે :**

આચાર્ય ભગવાન નિશ્ચય સમ્યગ્દર્શનની વાત કરે છે. તે થવાથી આત્માની પરમાર્થ શુદ્ધિ થાય છે કારણ કે અનાદિકાળની લાગેલી દુષ્ટમોહગ્રંથિ તેનું ભેદન થઈ જાય છે અને તેના ફળરૂપે આત્મા એટલો નિર્મળ થઈ જાય છે કે ૪૧ પ્રકારની કર્મપ્રકૃતિઓ તેને બંધાતી જ નથી. જેમ સતી સ્ત્રીને પર પુરુષનો વિચાર આવતો જ નથી તેમ સમ્યક્દૃષ્ટિ જીવને પર પદાર્થમાં આત્મબુદ્ધિ થતી નથી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતા મેં કલિ કરે;
શુદ્ધતા મેં સ્થિર વ્હૈ, અમૃતધારા બરસે."

જેટલી નિર્વિકલ્પ અવસ્થાનો કાળ હોય છે તેટલું અમૃત વરસે છે. તે સમય ૨, ૪ કે ૧૦ સેકન્ડ જેટલો હોય છે. ભલે ધ્યાનમાં ૪ કલાક બેઠા હોય પણ અનુભૂતિ તો થોડીવાર માટે જ થાય છે; બાકીનો સમય તો તે અનુભૂતિને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ છે. જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેમણે પ્રથમ ભગવાનની ભક્તિ કરવી જોઈએ, ગુરુ અને સંતોનો સમાગમ કરવો જોઇએ અને તેમના દ્વારા નિર્દિષ્ટ કરાયેલ શાસ્ત્રોનો રૂડી રીતે સ્વાધ્યાય કરવો જોઈએ. સત્દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા થવી તેને વ્યવહાર સમ્યક્ત્વ કહે છે. ભગવાનની વાણીનું અચિંત્ય માહાત્મ્ય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી તેના માટે કહે છે કે,

"સકલ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે."

ભગવાનની વાણી મોહનો નાશ કરનારી છે. ભગવાનની વાણી સત્પાત્રતા પ્રાપ્ત કરીને ગુરુમુખે શ્રવણ કરવી જોઈએ. જ્ઞાન પોતાની મેળે થતું નથી. પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિશાસ્ત્રગાથા - ૧૨માં કહ્યું છે,

"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ."

વળી, અંતિમ સંદેશમાં કહ્યું છે,

"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ."

ગુરુનો અને સંતોનો મહિમા, તેમના ગુણોનો મહિમા આવવો જોઈએ. તેઓ અલ્પકાળમાં પરમાત્મા થઈ જવાના છે તેવી અંતરની શ્રદ્ધા થવી

જોઈએ. સર્વ પ્રથમ ભગવાનની ઓળખાણ કરીને તેમનાથી પ્રેમ કરવો, સદ્‌ગુરુની ઓળખાણ કરીને તેમનાથી પ્રીતિ કરવી, સત્શાસ્ત્રોનું અધ્યયન અને તેમની આજ્ઞા પ્રમાણે પ્રયોજનભૂત તત્ત્વોનો અભ્યાસ કરવો. કારણ કે આપણું આયુષ્ય તો ૧૦૦ વર્ષનું પણ નથી અને ભગવાનનો ઉપદેશ તો હજારો વર્ષ સુધી વાંચતા રહીએ તો પણ સમાપ્ત થાય તેવો નથી. તો શું કરવું ? તેનો જવાબ પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્‌ રાજચંદ્રજીએ આપ્યો છે,

"અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ."

સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન કરવાથી આપણા 'ભાવ' નિર્મળ થાય, વિશુદ્ધ થાય, પાપ-વિચાર તથા પાપકર્મ ઘટતાં જાય અને વિશુદ્ધ વિચાર વધતાં જાય છે. ભગવાનની ભક્તિ ભાવપૂર્વક કરવી જોઈએ. સારા કંઠથી ગાવું તે ભક્તિ નથી, તે તો સુસ્વર નામ કર્મનો ઉદય છે. 'ભાવ' તે જુદી વસ્તુ છે. ભક્તિ કરવા માટેનો કોઈ સમય નિશ્ચિત નથી, જ્યારે સમય મળે ત્યારે વિશેષ ભક્તિ કરવી જોઈએ અને તે સિવાયના સમયમાં કામ કરતાં કરતાં પણ સ્મરણભક્તિ કરવી જોઈએ. "જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું." સત્‌નું ચરણ એટલે દેવ, ગુરુ અને ધર્મ તથા નિજ આત્માનું સતત સ્મરણ કરવું. તેનું વિજ્ઞાન પણ અલગ છે. તે ગુરુગમથી સમજમાં આવે છે. આજ્ઞાનું આરાધન કરતાં કરતાં જેટલી વિશુદ્ધિ વધશે, તત્ત્વની પકડ થશે તેટલો આત્મા પકડાશે. ભૂમિકા વધતાં ભગવાન અને ગુરુ કહેશે કે ભાઈ, મારી ભક્તિ કરવાથી તો તને ઉપર ઉપરના સ્વર્ગ મળશે માટે પોતાનો શુદ્ધ ચૈતન્ય-જ્ઞાયક આત્મા જે છે તેની દૃષ્ટિ બનાવો, તેનો અનુભવ કરો, તેની તરફ ઉપયોગ લઈ જાઓ. આવું એકદમ થશે નહીં. દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે પણ તેના માટે પ્રતિજ્ઞાબદ્ધ થવું આવશ્યક છે. સંતશ્રી અમરમુનિએ પણ કહ્યું છે કે,

"જીવન સેજ નહીં સુમનોં કી, સો જાઓ ખરાઁટે માર,
જીવન હૈ સંગ્રામ નિરંતર, પ્રતિપલ કષ્ટોં કી ભરમાર."

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે તથા પ્રાપ્ત હોય તો તેની શુદ્ધિ, વૃદ્ધિ અર્થે દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર - આ પાંચે આચાર જોઈએ. વિશ્વની સર્વોત્કૃષ્ટ પદવી પ્રાપ્ત કરવી હોય તો સર્વોત્કૃષ્ટ પુરુષાર્થ કરવો આવશ્યક છે. જ્ઞાનીનો પુરુષાર્થ યશપ્રાપ્તિ માટેનો નહીં પણ આત્મવિશુદ્ધિ અર્થે હોય છે. જ્યારે અજ્ઞાની જીવ મોટી સભા ભરવી, હજારો માણસો પ્રવચન સાંભળવા કેમ કરી આવે તે તરફ એટલે કે યશનામકીર્તિ તરફ તેની દૃષ્ટિ અને પુરુષાર્થ હોય છે, જે કર્મબંધનું કારણ છે. જ્ઞાનીને સહજ યશપ્રાપ્ત થાય તો ઠીક છે પરંતુ તેની રુચિ કે દૃષ્ટિ તે તરફ હોતી નથી કારણ કે તેઓ તેને પરદ્રવ્ય માને છે. આટલો જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે તફાવત હોય છે. તેમની દશાનું વર્ણન કરતાં કહ્યું પણ છે કે,

"ચાહ ગઈ ચિંતા ગઈ, મનવા બેપરવાહ;
જિનકો કછુ ન ચાહિયે, વો શાહનકા શાહ."

વર્તમાનમાં જ્ઞાનીને આવું શ્રદ્ધામાં છે, જો તે ચારિત્રમાં આવે તો તેઓ ક્રમે કરીને ભગવાન થઈ જાય છે. આવી દશા અને રત્નત્રય ધર્મની પ્રાપ્તિ કરવા માટે આપણે પ્રથમ હેય એટલે છોડવા યોગ્ય, જ્ઞેય એટલે જાણવા યોગ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વોને ઓળખીને, ઉપાદેય તત્ત્વનો પરિચય કરવાનો વારંવાર અભ્યાસ કરીશું તો કામ થશે. અનંત દુઃખથી છૂટવાનો અને અનંત આનંદ પ્રાપ્ત કરવાનો ઉપાય એક માત્ર રત્નત્રયધર્મ જ છે. તેને પ્રાપ્ત કરી મનુષ્યભવને સફળ કરીએ એવી શ્રી દેવગુરુના ચરણમાં પ્રાર્થના.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

પરમનો સ્પર્શ - ૯૯

# ભીતરમાં ઉકળતી વેદના, બહાર પરમ સંતોષ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

મશહૂર શિલ્પી બર્ટાન થોર્વાલ્ડસને આખી જિંદગી ઉત્તમ કલાકૃતિઓ કંડારવામાં પસાર કરી. નારીની નમણાશને કે વીરની વીરતાને અનેરી છટાથી શિલ્પમાં સાકાર કરે.

સહુ કહે, 'આ શિલ્પી તો મૂંગા પથ્થરને બોલતા કરી દે છે !' પણ શિલ્પીને સહેજે નિરાંત નહિ. એ માનતો કે પ્રગતિ માટે ગતિ સતત આવશ્યક છે ! આથી વળી એક હાથમાં હથોડી અને બીજા હાથમાં ટાંકણું લઈને પોતાની એ કલાકૃતિને એકીટસે નીરખે અને એમાં સહેજે અપૂર્ણતા રહી ગઈ નથી ને એની તપાસ કરે. લોકોએ સંપૂર્ણ કલાકૃતિ કહીને વધાવી હોય એવી કૃતિમાંય એને પોતાની અપૂર્ણતા જોવા મળે.

ફરી હથોડી અને ટાંકણું લઈને બેસી જાય. એનાથીય અદકી એવી મૂર્તિ ઘડી કાઢે. એક વાર એણે મોહક સુંદરીનું શિલ્પ ઘડ્યું. એનાં અંગેઅંગ એવી બારીકાઈથી કંડાર્યાં કે જાણે એમાંથી સૌંદર્ય નીતરતું લાગે ! કોઈ સૌંદર્યવતીની જીવતી-જાગતી મનોહર દેહલતા જ દેખાય.

શિલ્પીની કારીગરી પર સહુ કોઈ આફરીન પોકારી ગયા. સમગ્ર ડેન્માર્ક દેશે આ શિલ્પને ઉમળકાથી વધાવી લીધું, કિંતુ શિલ્પીના હૃદયમાં કોઈ આનંદ ન હતો, મુખ પર વિષાદ છવાયેલો હતો. કલાકોના કલાકો સુધી ઊંડા વિચારમાં ડૂબીને શિલ્પને નિહાળ્યા કરે, પણ ક્યાંક ખામી જડે નહિ.

સૌંદર્યવતી નારીના શિલ્પની પ્રશંસા સાંભળીને દેશવિદેશના કુશળ શિલ્પીઓ આ મહાન કલાકૃતિ જોવા ઊમટવા લાગ્યા. સહુ કોઈ શિલ્પને જુએ અને એની નખશિખ સંપૂર્ણતા જોઈને આદરપૂર્વક મસ્તક નમાવે. ચોતરફ ધન્યવાદના શબ્દો ગુંજી રહ્યા હતા. કલાકાર પર પ્રશંસાનાં પુષ્પોની ઝડી વરસતી હતી, ત્યારે પોતાના શિલ્પનું બારીક અવલોકન કરતો શિલ્પી એકાએક રડવા લાગ્યો !

સહુ આશ્ચર્યમાં ડૂબી ગયા. અનેરા આનંદના સમયે શિલ્પી વિષાદમાં કેમ ડૂબી ગયો ? જીવનના સાર્થક્યના પ્રસંગે એ શોક કેમ અનુભવી રહ્યો ?

કોઈએ શિલ્પીને પૂછ્યું, ''અરે ! તમે શા માટે રડો છો ? આજે તો તમે સિદ્ધિની ટોચે બિરાજ્યા છો, ત્યારે આવું કેમ ?''

શિલ્પી થોડી વારે શાંત થયો. એણે પોતાની કલાકૃતિ સામે જોઈને કહ્યું, ''કલાકોના કલાકોથી હું મથું છું, પણ મારા આ શિલ્પમાં ઘણું શોધવા છતાંય કોઈ ખામી જણાતી નથી.''

સહુએ કહ્યું, ''વાહ ! એથી તો આનંદિત થવું જોઈએ. જીવનમાં આવી સોનેરી ઘડી ક્યારેક જ આવે છે. કલાકાર કવચિત્ જ પૂરણ કલાકૃતિ ઘડી શકે છે, કિંતુ જ્યારે એ નખશિખ સુંદર કલાકૃતિ રચાય, ત્યારે અંતરના આનંદથી એ નાચી ઊઠે છે. જ્યારે તમે તો ચોધાર આંસુએ રડી રહ્યા છો.''

ડેન્માર્કના શિલ્પી થોર્વાલ્ડસને જવાબ વાળ્યો, 'ભાઈઓ, મારા રુદનનું રહસ્ય તમને સમજાવું ! જ્યારે આપણા કોઈ કાર્યમાં અપૂર્ણતા લાગે, ત્યારે જ પૂર્ણતા પામવા આગળ વધવાનું મન થાય છે. પૂર્ણતા પામવા માટેનું પ્રેરકબળ જ અપૂર્ણતા છે ! આજે આ શિલ્પમાં મને કોઈ અપૂર્ણતા દેખાતી નથી. પૂર્ણતાનું ભાન થતાં પ્રગતિ અટકી પડે છે અને તેથી જ હું રડી રહ્યો છું !''

આ જ રીતે સાધકને માટે બાહ્ય પૂર્ણતા અને આંતરિક અપૂર્ણતાનું જ્ઞાન જરૂરી છે. જેમ શિલ્પીને પોતાની પૂર્ણતાને બદલે કલામાં રહેલી અપૂર્ણતા જોવામાં રસ હતો અને તેમાંથી એ પૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો હતો, એ જ પરિસ્થિતિ સાધકની છે. એ પોતાના ભીતરની અપૂર્ણતા પ્રત્યે પૂર્ણરૂપે જાગ્રત હોવો જોઈએ. પોતાના ભીતરના દોષોને જાણતો હોવો જોઈએ અને એના હૃદયમાં જાગતા કામ, ક્રોધ, લોભ, માયા, મોહ જેવા કષાયોને ઓળખતો હોવો જોઈએ.જો એ પોતાના ભીતરની અપૂર્ણતાને ન જુએ તો એને ક્યારેય જીવનની પૂર્ણતા હાથ લાગતી નથી. એના હૃદયમાં ક્યારેક કોઈનાં કટુવચન સાંભળીને પ્રબળ ક્રોધ જાગતો હોય છે, કોઈ શૃંગાર ભરેલી ચેષ્ટા જોઈને કામ જાગતો હોય છે. એની અંદર કોઈને કોઈ પ્રકારનો અહંકાર રહેલો હોય છે. ક્યારેક એ ધનના અહંકારથી, તો ક્યારેક રૂપના અહંકારથી ડોલતો હોય છે. આ અહંકાર વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વને ઝાંખું પાડી દે છે. એનાં સમગ્ર વ્યક્તિત્વનો ઘડવૈયો એનો અહંકાર બની જાય છે. પરિણામે એ જ્યાં જશે ત્યાં પોતાના રૂપ, ધન કે સત્તાનો અહંકાર પ્રગટ કરવા માટે કોશિશ કરશે અને તે માટે નિમ્ન કે હાસ્યાસ્પદ કક્ષાએ ઉતરતાં પણ એ અચકાશે નહીં. એની ભીતરમાં લોભ અને તૃષ્ણા રહેલા છે અને તેથી સાધકે સતત પોતાની અપૂર્ણતાથી સભાન રહેવું જોઈએ અને તેને દૂર કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

પોતાના ભીતરની આવી અપૂર્ણતાઓ તરફ સાધકનું કેવું વલણ હશે ? એ અંગે સાધક સતત અકળામણ અને અજંપો અનુભવતો હોવો જોઈએ. એ પોતાની ત્રુટિઓ જોઈને મનમાં અકળાશે. પોતાની ખામીઓને કારણે જીવાતા જીવનથી બેચેન બની જશે.

જો એનામાં આ અકળામણ, તરફડાટ કે અજંપો નહીં હોય, તો એ ક્યારેય પોતાના દોષો પ્રત્યે દૃષ્ટિ કરશે નહીં. એ તો માની જ લેશે કે પોતે પૂર્ણ છે અને પછી પોતાના હૃદયમાં પરમાત્માની દિવ્યતાને સ્થાપવા પ્રયત્ન કરશે. પરિણામે એક એવી વિચિત્ર પરિસ્થિતિ સર્જાશે કે હૃદયમાં સ્વાર્થ, લોભ જેવા ક્ષુદ્ર ભાવો સળવળતા હોય અને એમાં કરુણા, માનવતા જેવા ઉત્કૃષ્ટ ભાવોને સ્થાપવામાં આવે, ત્યારે સાધકનું ભીતર અસ્તવ્યસ્ત બની જશે. ક્યારેક એ મહોરું પહેરીને જીવવા લાગશે. ભીતરમાં ભયાવહ વૃત્તિઓ હશે અને બહાર આડંબરી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ હશે. વર્તમાન સમયમાં ઘણાં બાબા કે ગુરુમાં આવું જોવા મળે છે.

જ્યાં સુધી આ વૃત્તિઓની ઓળખ મળી નથી, એનાથી જીવને અકળામણ થઈ નથી, મનને અજંપો જાગ્યો નથી અને ચિત્તે એમાંથી બહાર નીકળવા માટે પ્રયત્ન કર્યો નથી, ત્યાં સુધી સઘળું વ્યર્થ છે. હૃદયના આંગણામાં કચરો પડ્યો હોય અને એના પર ગુલાબના છોડ ઉગાડવાના પ્રયત્ન જેવું ગણાય. આથી વ્યક્તિએ પોતાના હૃદયની અશુદ્ધિઓ અને અપૂર્ણ આત્મદશા પ્રત્યે સતત અજંપો સેવવો જોઈએ. એને દૂર કરવાનો એનો પ્રયત્ન એ જ સાધકનું પરમ લક્ષ છે.

એક બાજુ ભીતરમાં આત્મવેદના હશે અને બીજી બાજુ બાહ્ય આત્મસંતોષ હશે. ભીતર વ્યથિત હશે તો ય બાહ્ય શાંત હશે. આનો અર્થ એ કે એ પોતાના ભીતરની બાબતમાં અસંતુષ્ટ રહેશે, પરંતુ પોતાની બાહ્ય બાબતોથી એ સંતુષ્ટ રહેશે. જીવનમાં સુખની ભરતી અને દુઃખની ઓટ આવતી રહે છે. વારંવાર સારા-નરસા પ્રસંગો બનતા રહે છે. કેટલાંક દુઃખો આપણે સર્જેલાં હોય છે, કેટલાક બીજાએ આપણા માટે સર્જેલાં હોય છે અને કેટલાક આપણા નસીબમાં હોય છે. આવી જ વાત સુખોની છે. કેટલુંક સુખ આપણે સર્જેલું હોય છે, કેટલુંક આપણને પ્રાપ્ત થતું હોય છે અને કેટલુંક આપણા તકદીરમાં હોય છે, પરંતુ જેમ દરિયાનો કિનારો ભરતી અને ઓટને સમાનભાવે જુએ અને અનુભવે છે, એ જ

રીતે સાધક એ સુખની ભરતી અને દુઃખની ઓટને સમાન ભાવે અનુભવે છે. અર્થાત્ ભરતી આવતા સાગરનો કિનારો ફુલાઈ જતો નથી કે ઓટ આવતા સાગરનો કિનારો તૂટી જતો નથી કે એમાં કોઈ ઊંડા ખાડા પડી જતા નથી. એ કિનારાની પેઠે સાધક સુખ-દુઃખની ઘડીઓમાં વસતો હોય છે.

સાધક એ વિચારતો હોય છે કે આ સંતોષથી મારે પૂર્ણ સુખ સુધી જવાનું છે અને તેથી એ સંપત્તિ વચ્ચે જીવતો હોય, એનો પરિવાર હોય, તેમ છતાં એ બધાને માટે પોતાનું કર્તવ્ય બજાવીને એનું લક્ષ્ય તો પૂર્ણતા તરફ રાખે છે. એ સાધક જાણે છે કે સાચો આનંદ ક્યાં છે.

સંત કવિ દેવાનંદ સ્વામીએ પોતે સંત હોવા છતાં સંસારજીવનનું પૂરેપૂરું નિરીક્ષણ કર્યું હતું અને તેઓ આ સંસારનું ચિત્ર આલેખતાં પોતાની સીધી-સાદી સંતવાણીમાં કહે છે,

'ધન દોલત નારી ને ઘણા દીકરા રે,
ખેતીવાડી ઘોડી ને ઘરબાર,
મેડી મંદિર ઝરૂખા ને માળિયાં રે
સુખદાયક સોનેરી સેજ
તેમાં ભૂલી ગયો ભગવાનને રે.'

આનો અર્થ જ એ કે વ્યક્તિ લક્ષ્મી, પરિવાર, ઘરબાર અને વૈભવની પાછળ ભગવાનને ભૂલી જાય છે. આ ભૂલી જવાનું કારણ છે બાહ્ય જીવનમાં સંતોષને બદલે અસંતોષ અને એનું બીજું કારણ છે માનવીની સુખની પાછળની દોડ. માનવી કલ્પના કરે છે કે આ વસ્તુથી મને સુખ મળશે. સાચા સુખ કરતાં એની કલ્પના વધુ રમણીય અને ઉત્તેજક હોય છે. એ વિચારે છે કે આટલું ધન મળશે તો મને જીવનનો પરમ આનંદ પ્રાપ્ત થશે. પછી એ ધનની દોડ શરૂ કરે છે, ધન મેળવે છે પણ પેલો પરમ આનંદ પ્રાપ્ત થતો નથી. એટલે એનું મન વિચારે છે કે હજી આટલા ધનથી કદાચ આનંદ નહીં મળે. આનાથી બમણા ધનની જરૂર છે અને ફરીવાર એ બમણું ધન મેળવવા માટે પ્રયત્ન કરે છે.

સુંદરીના રૂપની પાછળ ઘેલો થયેલો માણસ પણ એક પ્રકારે આવા પ્રયત્નો કરતો રહે છે અને છતાં અંતે એને કોઈ આનંદની પ્રાપ્તિ થતી નથી. સત્તાધારી વિચારે છે કે આટલી સત્તા છે એ બરાબર, આટલા પદ અને માનપાન છે એ બરાબર, પરંતુ આ સત્તાથી જે મજા આવવી જોઈએ એ આવતી નથી. આથી એ વધુ સત્તા મેળવવા પ્રયત્ન કરે છે અને પરિણામ એ આવે છે કે એની સત્તાની દોટ સિકંદર, નેપોલિયન કે હિટલરની માફક સતત ચાલતી રહે છે. એને ક્યારેક સંતોષ થતો નથી. નરસિંહ, મીરાં, કબીર, ચૈતન્યપ્રભુ, એકનાથ જેવા સંતો સદા સંતોષી હતા.

● ● ●

## શ્રી ભક્તામર સ્તોત્ર

**(પાના નં. ૨૫ પરથી ચાલુ...)**

પ્રદેશમાંથી ઉદ્ભવતું શુદ્ધ પર્યાયરૂપી નામસ્મરણ પરમશાંતિનો અનુભવ કરાવે છે. આ છે દર્શકનું આધ્યાત્મિક રહસ્ય.

સમગ્ર વિશ્વ પૃથ્વી, પાણી અને આકાશ– આ ત્રણે ભાગોમાં વહેંચાયેલું છે. ભારતીય સંસ્કૃતિનો પ્રસિદ્ધ ગાયત્રીમંત્ર પણ ભૂર્ભૂવસ્વઃ અર્થાત્ પૃથ્વી, પાણી અને અંતરિક્ષનો ઉલ્લેખ કરે છે. વ્યાપકતાની દૃષ્ટિએ પૂરા સ્તોત્રમાં આ શ્લોક ઘણો મહત્ત્વપૂર્ણ છે. સમુદ્ર (બાહ્ય અને આંતરિક ભવરૂપ)ના યાત્રીઓ માટે આ શ્લોક દીવાદાંડી જેવો છે.

અંતમાં સર્વ જીવ પ્રભુ નામસ્મરણને સાધનાનું આવશ્યક અંગ બનાવી, ત્વરાથી આત્મવિકાસ સાધે તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥
॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૫)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

અધ્યાત્મ આદિત્ય, દિવ્ય અધ્યાત્મ શૈત્યધર, અધ્યાત્મ સત્‌માર્ગના તારક નક્ષત્ર સમાન પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની સત્ત્વસભર તપ વિષયક સૂક્તિઓ છે કે "મહાવીર પ્રભુ જે વાટથી તર્યા અને જેવો તપ કર્યો તેવો નિર્મોહપણે તપ કરવો. સૃષ્ટિલીલામાં શાંતભાવથી તપશ્ચર્યા કરવી એ પણ ઉત્તમ છે. તપશ્ચર્યા બાર પ્રકારે કહી છે. આહાર નહીં લેવો એ વગેરે બાર પ્રકાર છે. સત્ સાધન કરવા માટે જે કાંઈ બતાવ્યું હોય તે સાચા પુરુષને આશ્રયે તે પ્રકારે કરવું. પોતાપણે વર્તવું તે જ સ્વચ્છંદ છે એમ કહ્યું છે. રાગદ્વેષ જતાં નથી ત્યાં સુધી તપશ્ચર્યા કરી તેનું ફળ શું ? હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય. સ્વચ્છંદથી, અહંકારથી, લોકલાજથી, કુળધર્મના રક્ષણ અર્થે તપશ્ચર્યા કરવી નહીં, આત્માર્થે કરવી. પહેલું તપ નહીં પણ મિથ્યાત્વ અને પ્રમાદને પહેલા ત્યાગવા જોઈએ." દિવ્ય ચેતનામાંથી પ્રગટ થયેલી ગરિમાપૂર્ણ સૂક્તિઓ જીવને ઊર્ધ્વગામિની ચેતનામાં સ્થિતિ કરાવે છે.

શ્રી 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. અમૃતસમાન ગ્રંથના રસપાનથી અમૃત સ્વરૂપ પરમાત્મદશા પ્રાપ્ત થાય છે. શ્રી પૂજ્યપાદ આચાર્ય બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના ગુપ્ત ભેદનો સાધકને અભ્યાસ કરાવે છે કે જેના અભ્યાસથી વસ્તુ સ્થિતિ સમજાય છે. જો તે પ્રમાણે પ્રયોગ થાય તો પરમાત્મપદ સાધી શકાય છે. સદ્‌ગુરુ ઉપદેશબોધનાં આશયને અનુસરવાથી સ્વચ્છંદ, મિથ્યા આગ્રહો દૂર થાય છે. સત્ માર્ગે સીધું ચાલી જવાય છે. ગાથા ૩૩માં આપણે અધ્યયન કર્યું કે જે દેહ અને આત્માની ભિન્નતાનો - ભેદજ્ઞાની થતો નથી તે ઘોર તપ તપે છતાં પરમાત્મદશાને પ્રાપ્ત કરી શકતો નથી. मूलो नास्ति कुतो शाखा - મૂળ નથી તો શાખા - ડાળીઓ ક્યાંથી હોય, તેમ જ્યાં દેહાત્મબુદ્ધિ છે ત્યાં સત્ માર્ગ મળતો નથી. માટે ભેદજ્ઞાન થતાં આત્મઊર્ધ્વતા પમાય છે.

હવે શ્લોક ૩૪માં શિષ્યનો પ્રશ્ન છે કે પરમ તપસ્વીઓને ઉગ્ર તપ કરવાથી મહાદુઃખની ઉત્પત્તિ થાય અથવા મનમાં ખેદ ઉત્પન્ન થાય તો તેઓને નિર્વાણની પ્રાપ્તિ કેમ સંભવે ? પૂ. આચાર્યદેવ સમાધાન કરતા શ્લોક-૩૪માં કહે છે,

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत्तः ।**

**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ॥३४॥**

**અન્વય :** आत्मदेहान्तर ज्ञानजनिताह्लादनिवृत्तः – तपसा घोरं दुष्कृतं भुञ्जानः अपि न खिद्यते ।

**શબ્દાર્થ :** आत्मा देहान्तर ज्ञान - આત્મા અને દેહના ભેદજ્ઞાનથી, जनित - જન્મેલ, आह्लाद - પ્રસન્નતાથી, निर्वृत्तः – જે આનંદ થયો છે તે, तपसा - તપ દ્વારા, घोरं दुष्कृतं - ભયંકર દુષ્કર્મોને, भुञ्जानः अपि - ભોગવતો હોવા છતાં, न खिद्यते - ખેદ પામતો નથી.

**ભાષાન્તર :** આત્મા અને દેહના ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્‌લાદથી જે આનંદિત છે તે તપથી થતાં ભયાનક દુષ્કર્મોને ભોગવતો હોવા છતાં પણ ખેદ - દુઃખ પામતો નથી.

**ભાવાર્થ :** જૈનદર્શન બાહ્ય ક્રિયા કરતાં

અંતરમાં પરિણમન શું થઈ રહ્યું છે તેને મુખ્યતા આપે છે. જેને આત્મા અને દેહનું ભેદજ્ઞાન વર્તે છે તે ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદની મસ્તીમાં મસ્ત છે. તેને અનશનઆદિ બાર પ્રકારના તપ હોય છે. તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મના ફળ સ્વરૂપ શરીરમાં રોગાદિ કે ઉપસર્ગો આવે તો પણ આનંદમાં વિક્ષેપ આવતો નથી. ખેદ વેદાતો નથી. કેટલીક વાર આવા વિપરીત સમયે પુરુષાર્થ પ્રગાઢ બને છે.

જેને જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માના દર્શન થાય છે, દેહની ભિન્નતા ભાસી છે તે દેહના દુઃખે દુઃખી અને દેહના સુખે સુખી થતો નથી. સુખનો આધાર પરવસ્તુ નથી તે સમજણ યથાર્થ રૂપે રહી છે. જ્ઞાની ધર્માત્માનું જીવન પરાશ્રિત નથી, સ્વાશ્રિત છે. તેથી ઘોર તપ હોવા છતાં ખેદ પામતા નથી. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ 'આઠ દૃષ્ટિની સજ્ઝાય'માં કહે છે,

"સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહિયે;
એ દૃષ્ટે આતમ-ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયે રે
ભવિકા, વીર-વચન ચિત્ત ધરિયે."

સ્વ-વશ વિચરતાં જ્ઞાનીને - મુનિને તપશ્ચરણમાં વિપરીત ઉદય આવે તો અપ્રસન્ન થતાં નથી. ચિન્મય ચમત્કારની ચાવી તેઓને હસ્તગત છે તેથી આત્મા અને દેહની ભિન્નતામાં-નિજ સ્વરૂપમાં રમમાણ કરે છે.

શ્રી આચાર્યદેવ શિષ્યના પ્રશ્નનું સમાધાન કરે છે કે પરમ તપસ્વીઓને બાહ્ય રીતે ઉપસર્ગ કે રોગાદિ આવે છતાં ભેદજ્ઞાનની તીક્ષ્ણતા હોવાથી તેને કર્મનો બંધ થતો નથી તેથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. જો ખેદ પામે તો શરીરભાવમાં જીવતા મુનિને - શ્રાવકને કર્મબંધ થાય છે. આત્મભાવની ધારામાં સ્થિર થયેલાને બંધ ન થતાં નિર્વાણ મળે છે. અસ્થિરતાના બંધની વાત આચાર્યદેવે ગણી નથી. જો કોઈ નીચેની ભૂમિકાએ હોય અને રોગાદિ કે ઉપસર્ગ આવે તો થોડી આકુળતા આવી જાય તો પણ ભેદજ્ઞાનની કૃપાણ હાથમાં હોવાથી અસ્થિરતા જેટલી છે તેટલો બંધ પડે છે પણ ક્યાંય મમત્વભાવ વેદાતો નથી. સ્વભાવ દૃષ્ટિના બળે આત્મ સ્વરૂપના પુરુષાર્થમાં જામતો જાય છે.

**વિશેષાર્થ :** (૧) आत्म देहान्तर ज्ञानजनित आह्लाद निवृत्ताः । આત્મા ભિન્ન છે અને દેહ ભિન્ન છે એવા ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલ આહ્‌લાદથી આનંદિત છે.

જૈનદર્શન પ્રથમ વ્રત-તપ-પૂજા-પ્રક્ષાલન આદિનો બોધ ગૌણપણે આપે છે. આત્મજ્ઞાન પ્રાપ્તિમાં અહં અને મમત્વના પાયાના પાઠનો બોધ આપે છે. દેહ આદિ હું નથી; સ્ત્રી, પુત્ર, પરિવાર, સંપત્તિ, સત્તા એ મારા નથી. તેથી ભિન્ન એવો જ્ઞાન સ્વરૂપી આત્મા છું. પરમકૃપાળુદેવની ઉત્તમ સૂક્તિ છે,

'હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.' अहं અને मम ને સ્થાને नाहं – न मम એવો ભાવ અંતઃકરણમાં વેદાતા ભેદજ્ઞાન પુષ્ટ બને છે. પરમકૃપાળુદેવના કાવ્યોમાં ભેદજ્ઞાનની સૂક્ષ્મતાને મુખ્યપણે વર્ણવી છે. અમૂલ્ય તત્ત્વવિચાર, યમનિયમ સંયમ, જિનવર કહે છે જ્ઞાન, મૂળમારગ સાંભળો, જડ અને ચેતન દ્રવ્યનો સ્વભાવ, જડભાવે જડ પરિણમે, હોત આસવા પરિસવા વગેરે કાવ્યોમાં ભેદજ્ઞાનની દૃષ્ટિને દૃઢ કરાવી છે.

**દૃષ્ટાન્ત :** મુનિરાજ શિવભૂતિ અણગાર - માષતુષમુનિ એવું અપરનામ મળ્યું તેવા મુનિરાજે ચોખા અને ફોતરા ભિન્ન છે એમ જાણી આત્મા અને દેહ તે બંનેના લક્ષણો ભિન્ન છે એવો અંતરમાં આહ્‌લેક જગાડ્યો - તત્ત્વને પામ્યા અને આત્મસિદ્ધિ મેળવી.

ઘઉં અને કાંકરા છે. ઘઉંમાંથી કાંકરાઓ વીણી લેવાય છે એ પણ ભેદજ્ઞાન છે. ઘઉંની જાત જુદી છે અને કાંકરા જુદા છે. બંને ભિન્ન ભિન્ન છે. દેહ અને આત્મા બંને ભિન્ન છે. એવી આત્મભાવના થતાં પ્રસન્નતા જન્મે છે. આનંદ થાય છે. માટે ભેદજ્ઞાની ગમે તેવા વિપરીત ઉદયમાં આત્મસ્થિત રહે છે.

**દૃષ્ટાન્ત :** સૂફી સંતની વાત છે. શબ્દભેદ આવશે પણ ભાવભેદ નહિ આવે એ દૃષ્ટિએ આ સંતની વાત સમજવાની છે. સૂફી સંત મનસુર અનેક વર્ષોની સાધનાન્તે अनलहक એવું પામી શક્યા. ભાવ અર્થ થાય છે. — હું આત્મા છું. હું અલ્લાહ છું. હું ખુદા છું. તે સમયની ઝાર રાજાઓની અને કહેવાતા સંતોની ઉશ્કેરણીથી તેઓને દેહાન્ત દંડની સજા આપી. સંત મનસુરે તે સહજ સ્વીકારી લીધું પણ તેણે જે આનંદ અનુભવ્યો છે તેનો અનાદર કેમ કરી શકે ? તેઓને સજા દેવા લોકો આવ્યા. તે સ્થાને તેઓને લઈ ગયા. પ્રથમ હાથની આંગળીઓ કાપી, પછી હાથ કાપ્યા, પછી પગની આંગળીઓ કાપી, પછી પગ ધીમે ધીમે કાપ્યા. આ બધા ઉદયની વિપરીતતામાં મુખમાંથી એક ભાવપૂર્ણ શબ્દ આવતો अनलहक હું આત્મા છું. પછી મોઢામાંથી જીભને ખેંચી લીધી. આંખો ફાડી નાખી પણ अनलहक એક જ ધ્વનિ પ્રગટ થતો.

કોઈ પણ દૃષ્ટાન્ત એકદેશ હોય છે. તેથી દૃષ્ટાન્તમાંથી સ્વબોધ-વિધેયાત્મક દૃષ્ટિથી ગ્રહણ કરી આત્મબોધ અંગીકાર કરવો હિતસ્વી છે. આગળ આપણે મુનિ ગજસુકુમાર, સુકોશલમુનિ વગેરેની વાતનો અભ્યાસ કરીશું. પરમકૃપાળુદેવે ફરમાવ્યું છે કે જૈનદર્શનની રીતે સમ્યગ્દર્શન છે અને અન્ય-વેદાન્તાદિની રીતે અમને કેવળજ્ઞાન છે. પૂર્ણ સત્યદૃષ્ટિ જૈન દર્શનથી પ્રાપ્ત થાય છે કારણ કે પરમકૃપાળુદેવની દિવ્યતામાં આવ્યું છે કે પ્રિય ભવ્યો ! જૈન જેવું એકકે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી. **(શિક્ષાપાઠ - ૯૪)** **(ક્રમશઃ)**

## શ્રી દેવચંદ્રજી ચોવીશી

**(પાના નં. ૧૮ પરથી ચાલુ...)**

સમાધિસુખમાં તે બિરાજે છે !

ગણિશ્રી દેવચંદ્રજીએ શ્રી સુપાર્શ્વનાથના ગુણગાન કરતાં આ સ્તવનમાં પ્રભુના એવા એવા ગુણોનું દર્શન કરાવ્યું કે “શ્રી સુપાસ આનંદ મેં” રહે છે તો હું કેમ નહીં ? હું પણ તે અવ્યાબાધ આનંદને પામું એવી રુચિ જગાડી. વળી, મારું જ્ઞાન અને ચારિત્ર આનંદપૂર્વક જ હોય, જેથી જ્ઞાનમાં શુષ્કતા ન રહે અને ચારિત્રમાં નીરસતા ન રહે - આમ, ધર્મ તે આનંદપ્રાપ્તિનો જ માર્ગ છે એવી શીખ પણ પ્રભુના જ્ઞાનાનંદ, ચારિત્રાનંદ ગુણમાંથી મળી. પ્રભુની જેમ જ હું એવી અજેય દશા પામું કે જ્યાં કોઈ ભય નહીં તેથી કોઈ સંરક્ષણની જરૂર નહીં, દ્રવ્ય વિના જ ધનવંતપણું હોય, પાંચેય પ્રકારે અનંત વીર્ય ઉલ્લસે અને સહજ, આત્યંતિક, સ્વાધીન સુખને ભોગવું, તેમાં રમણતા કરું અને તેનો અતીન્દ્રિય આસ્વાદ માણું એવી “અવ્યાબાધની રુચિ” જગાડી, એટલું જ નહીં પણ તેને સાધવાની પ્રેરણા કરી તે માટે શ્રી દેવચંદ્રજીનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. ખરેખર તો તેમના જેવી પ્રભુભક્તિ પામીએ તો પણ ઘણું ! તેઓશ્રીને અનેકાનેક વંદન કરી સ્તવનની વિચારણા અહીં સમાપ્તિને પામે છે. શ્રી દેવચંદ્રજી તેમજ સમસ્ત સત્પુરુષોના આશયથી કંઈ પણ વિપરીત લખાયું હોય તો શ્રી દેવ-ગુરુ-ધર્મની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.

-- ૐ --

● ● ●

- **જે શુદ્ધ થાય છે તે સિદ્ધ થાય છે.**
- **મૌન એ પોતે પોતાને પ્રેમ કરવાનો અવસર છે.**
- **‘હું આત્મા છું,’ એ સાંભળેલા સત્યને અનુભૂતિનું સત્ય બનાવવું એ જ સાધના છે.**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## ભગવાન શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

ગણિશ્રી દેવચંદ્રજીએ શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર ભગવાનના વિવિધ લોકોત્તર ગુણોનું દર્શન ચાર ગાથાઓમાં કરાવી આપણી પ્રભુભક્તિને પુષ્ટ કરી 'મારે પણ આવું જોઈએ !' - એવું ધ્યેય બંધાવ્યું. હવે પછીની ગાથામાં તો પ્રભુના 'સુખ' ગુણનું એવું અલૌકિક સ્વરૂપ બતાવ્યું છે કે આપણા આત્મામાં એવું દઢત્વ પ્રકાશે કે આવા સુખ માટે હું અત્યાર સુધી 'માનેલા' સર્વ દુન્યવી, કાલ્પનિક અને ક્ષણિક સુખને ઠોકર મારવા તૈયાર છું. તો કેવું છે પ્રભુનું સુખ તે ગણિશ્રીના શબ્દોમાં જોઈએ.

**એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો, જિનજી**
**નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો. જિ.શ્રી૦૫**

**શબ્દાર્થ :** પ્રભુનું સુખ એકાંતિક છે, આત્યંતિક છે, સહજ છે, અકૃત્રિમ છે, સ્વાધીન છે, ઉપચરિત નથી, દ્વંદ્વાતીત છે, અન્યના સંયોગ વગરનું અકારણ છે અને પ્રબળ છે, પુષ્ટ છે. (અકૃત = અકૃત્રિમ, સ્વાભાવિક; નિરુપચરિત = વાસ્તવિક, કાલ્પનિક નથી તેવું; નિર્દ્વંદ્વ = દ્વંદ્વ રહિત; અહેતુક = અકારણ, કારણ વગરનું; પીન = પ્રબળ, પુષ્ટ)

**વિશેષાર્થ :** આજકાલ 'સુખનું સરનામું' - આ શબ્દો ઘણા પ્રચલિત થયા છે. અનેક વિચારકો, વિદ્વાનો અને ચિંતકોએ 'સુખ'ની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે - જેમ કે, ''સંતોષી નર સદા સુખી'', ''પહેલું સુખ તે જાતે નર્યા'' અથવા ''માનસિક શાંતિ તે સુખ'', વગેરે વગેરે. તે જો કે લૌકિક દૃષ્ટિએ પ્રશંસનીય છે, પરંતુ તે અવ્યાબાધ આત્મિક સુખ તરફ લઈ જતા સરનામા નથી હોતા અને કર્મોદય પ્રમાણે તેમાં વધઘટ થયા કરે છે. જ્યારે અહીં ગણિશ્રીએ શ્રી સુપાર્શ્વનાથ અથવા સર્વ અરિહંત વીતરાગી પ્રભુના સુખના જે નવ જેટલા લક્ષણો બતાવ્યા છે તે જોતાં મોક્ષસુખના કામી એવા ભવ્ય જીવને દઢ શ્રદ્ધા થશે કે બસ, આ જ Ultimate સુખ છે, જે પ્રભુ જેવું જ મારા આત્મામાં સત્તાગતરૂપે પડેલું હોવા છતાં હું કસ્તુરીમૃગની જેમ બહાર ભટક્યો. હવે ''મારે આ જ જોઈએ'' એવી તૃષા જાગતાં તેવા સુખની ચાવી શ્રી દેવચંદ્રજી જેવા કોઈ સદ્ગુરુ પાસેથી મેળવી તે પોતાનો પુરુષાર્થ ઉપાડે છે. તો પ્રભુનું સુખ કેવું છે તેનું દર્શન ગણિશ્રી કરાવે છે :

**(૧) એકાંતિક :** પ્રભુનું સુખ એકાંત સુખમય છે, અર્થાત્ તેમાં દુઃખનો અનંતાંશ પણ નથી કારણ કે, પ્રભુને વિકારનો અનંતાંશ પણ નથી. તેઓ ''સાદિ અનંત અનંત સમાધિસુખમાં'' બિરાજે છે. આપણા સુખ સાથે સરખામણી કરતા આ વાત સમજાશે કે આપણા સર્વ સુખમાં પશ્ચાત્ દુઃખ અને ભય રહેલાં છે. ભોગમાં રોગનો ભય, ધનમાં સરકારી ટેક્સ કે ચોરનો ભય, માનમાં દીનતાનો ભય તો કાયામાં મૃત્યુનો ભય. તેથી જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે : ''પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં'' જ્યારે પ્રભુને તો પશ્ચાત્ સુખ, સુખ ને સુખ ! અનંત કાળ સુધી, કારણ કે દુઃખ આપનારા વિભાવભાવો ઉપર પ્રભુએ સંપૂર્ણ વિજય મેળવ્યો છે.

**(૨) આત્યંતિકો :** પ્રભુનું સુખ આત્યંતિક એટલે Ultimate છે, જેનાથી ચડિયાતું બીજું કોઈ સુખ નથી. પ્રભુનું સુખ પરિપૂર્ણ છે. આપણું કહેવાતું સુખ પુણ્ય અને અનુકૂળ સંયોગોને આધીન હોવાથી

તેનાથી ચડિયાતું સુખ બીજે જોતાં આપણી તૃષ્ણા આપણને તે તરફ દોડાવે છે. શ્રીમદ્જી 'તૃષ્ણાની વિચિત્રતા' કાવ્યમાં કહે છે તેમ "હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ". આવી દયામણી પરિસ્થિતિનું કારણ એ છે કે આપણું પુણ્યાધીન અને ઇન્દ્રિયાધીન સુખ આત્યંતિક નથી. પ્રભુનું સુખ આત્યંતિક હોવાથી તેઓ કૃતકૃત્યતા, પરિતૃપ્તપણું અનુભવે છે. સાધકને તેનો મહિમા આવતાં તે પણ આવા સુખ માટેનો અભિલાષી બને છે. (૩) **સહજ :** પ્રભુનું સુખ સહજ એટલે કે સ્વાભાવિક છે. કોઈ સંયોગોથી નહિ પણ સ્વભાવથી જ ઉપજતું સ્વાત્મોત્પન્ન છે. (૪) **અકૃત** છે અર્થાત્ કોઈ બીજાથી કરવામાં આવતું નથી; અકૃત્રિમ છે. (૫) **સ્વાધીન :** સ્વભાવથી જ સુખ ઉત્પન્ન થતું હોવાથી, પ્રભુનું સુખ સ્વાધીન છે. તે માટે કોઈની પરાધીનતા સેવવી નથી પડતી. (૬) **નિરુપચરિત :** એટલે પ્રભુનું સુખ કાલ્પનિક નથી, વાસ્તવિક છે. સંસારના સુખો ઉપચરિત અર્થાત્ માત્ર ઔપચારિક છે, કહેવા માત્ર છે, કાલ્પનિક છે, કારણ કે જે વસ્તુમાં એક વ્યક્તિ સુખ માને છે તેમાં જ બીજાને દુઃખ લાગે છે. જેમ કે મીઠાઈમાં સામાન્ય માણસને સુખ લાગે છે તો ડાયાબીટીઝવાળાને દુઃખ લાગે છે. એટલું જ નહીં, એક જ વ્યક્તિને આજે મીઠાઈ સુખદ લાગે છે તે કાલે કોઈ ધંધામાં ખોટ કે પ્રિય વ્યક્તિનો વિયોગ આદિ ચિંતાજનક પરિસ્થિતિમાં દુઃખદ લાગે છે ! માટે જ શ્રીમદ્જી કહે છે "સુખ-દુઃખ એ બંને મનની કલ્પના છે." પ્રભુને આવી કલ્પનાઓ રહિત વાસ્તવિક 'નિરુપચરિત' સુખ છે. (૭) **નિર્દ્વંદ્વ :** અર્થાત્ પ્રભુનું સુખ તે બધા પ્રકારના દ્વંદ્વોથી રહિત છે. પ્રભુને એકાંતે માત્ર સુખ જ હોવાથી અને તે આત્યંતિક હોવાથી તેમને તે સુખ ભોગવતા સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, ગમા-અણગમા, રાગ-દ્વેષ, હર્ષ-શોક, આદિ દ્વંદ્વો ન થતાં હોવાથી પ્રભુનું સુખ નિર્દ્વંદ્વ છે. (૮) **અન્ય હેતુક :** અર્થાત્ પ્રભુનું સુખ કોઈ અન્ય પરદ્રવ્યના કારણે નથી, પરંતુ સ્વભાવથી જ પ્રગટે છે માટે અહેતુક, અકારણ છે. જેમ કોઈ નાનું બાળક અકારણ જ, કોઈ કારણ વિના મીઠું હસે છે એવો બાળકનો સ્વભાવ જ હોય છે, એ રીતે (૯) **પીન :** અર્થાત્ પ્રભુનું સુખ પુષ્ટ છે, પ્રબળ છે. Quality અને Quantity બંને અપેક્ષાએ પ્રભુનું સુખ અનંત છે, અને અનંતકાળ સુધી રહેશે એવું સામર્થ્ય તેમાં હોવાથી તેને પુષ્ટ અને પ્રબળ કહ્યું.

ભગવાનના આવા સુખને વર્ણવતાં શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રવચનસાર ગાથા-૧૩માં ફરમાવે છે કે :

*અત્યંત, આત્મોપન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને;*
*વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગ પ્રસિદ્ધ ને.*

(ગુજરાતી ભાવાનુવાદ)

ભગવાનનું સુખ અનંત તો ખરું, પણ તે કેવું અને કેટલું અનંત તે આપણા જેવા અલ્પમતિની બુદ્ધિમાં બેસે એવું નથી. તેમ છતાં ગણિશ્રી દેવચંદ્રજી એક ઉપમા દ્વારા હવે પછીની ગાથામાં સમજાવે છે તે આપણે યથાશક્તિ સમજવાનો પ્રયત્ન કરીએ :

**એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો, જિનજી.**
**તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો, જિ.શ્રી૦૬**

**શબ્દાર્થ :** હે જિનેશ્વર ! તારા આત્માના એકેક પ્રદેશે અવ્યાબાધ સુખ સમાયેલું છે. તે એક પ્રદેશમાં રહેલા સુખના પર્યાયના એકેક અવિભાજ્ય અંશને આકાશના એકેક પ્રદેશમાં ગોઠવતા જઈએ તો પણ લોકાલોકના સર્વ પ્રદેશોમાં પણ સમાઈ ન શકે ! (અવ્યાબાધ = જેને કોઈ બાધા ન પહોંચે તેવું, નિરપેક્ષ; તસુ = તેની; પર્યાય = એક સમયની અવસ્થા; અવિભાગતા = નાનામાં નાનો અવિભાજ્ય અંશ; સર્વાકાશ = લોકાકાશ તેમજ અલોકાકાશ એવા સર્વ આકાશના પ્રદેશો, ન માય = સમાઈ ન શકે)

**વિશેષાર્થ :** હે સુપાર્શ્વનાથ જિનજી ! તારું સુખ અવ્યાબાધ - જેને કદાપિ કોઈ બાધા ન પહોંચી

શકે તેવું છે. કારણ કે પ્રભુ, અંતરાય કર્મનો તેં સંપૂર્ણ ક્ષય કર્યો છે. કોઈ વસ્તુને કોઈ બાધા ન પહોંચે ત્યારે તે અસીમ, અનંતપણું પામે છે. તેથી આત્મા એક અખંડિત દ્રવ્ય હોવાથી તેના અસંખ્ય પ્રદેશમાં, પ્રદેશે પ્રદેશે આવું અવ્યાબાધ અનંત સુખ સમાયેલું છે. એ સુખ કેટલું અનંત તે ખરેખર વાણીનો વિષય નથી; માત્ર કેવળીગમ્ય છે. પરંતુ આપણને તેવા આત્યંતિક સુખનો મહિમા આવે તે માટે તેનું પરિમાણ એક ઉપમા દ્વારા આ રીતે શ્રી દેવચંદ્રજી આપે છે. એક પ્રદેશમાં રહેલા સુખની દરેક સમયની પર્યાયમાં અનંત સુખ પ્રગટે છે. એક સમયની પર્યાયના સુખનું અનંતપણું એટલું વિશાળ અને અમર્યાદિત છે કે તેના ધારો કે અનંત અવિભાજ્ય અંશ કરીએ અને તે એકેક આકાશના પ્રદેશમાં ગોઠવીએ તો પણ લોકાલોકના અનંત પ્રદેશોમાં પણ તે સમાઈ ન શકે. આ ઉપમા દ્વારા કહેવાનું તાત્પર્ય એટલું જ કે એક બાજુ ઈન્દ્ર - નરેન્દ્રનું કે ચૌદ રાજલોકનું સુખ મુકીએ અને બીજી બાજુ સિદ્ધ ભગવાનના માત્ર એક સમયની પર્યાયના સુખને મુકીએ તો પણ સિદ્ધ ભગવાનના સુખનું પલ્લુ ભારે જ રહે ! કારણ કે તે સુખના લક્ષણો જ ગાથા - ૫માં કહ્યાં તેવા અભૂતપૂર્વ છે. અરે, સિદ્ધ ભગવાનની વાત જવા દો, પણ સમ્યક્દૃષ્ટિ નિર્ગ્રંથ મુનીશ્વરોને જ એવું અકથ્ય આત્મિક સુખ પ્રગટે છે કે જે ઈન્દ્ર-નાગેન્દ્ર-નરેન્દ્રને પણ નથી હોતું એમ શ્રી દૌલતરામજી 'છહ ઢાળા'ને અંતે કહે છે. પ્રભુના સુખનું આવું અચિંત્ય સામર્થ્ય જોઈને સાધકને દૃઢ વિશ્વાસ આવે છે કે મેં જેનું શરણું લીધું છે તેવા જિનેશ્વર અને તેમના માર્ગ પ્રત્યે જો મારો પ્રેમ, પરિચય અને સમર્પણ વધશે તો આવા અલૌકિક સુખ માટે સંસારના સમસ્ત તુચ્છ સુખ છોડીને હું વૈરાગ્ય અને સંયમના માર્ગે આગળ વધીશ અને સમય આવ્યે હું પણ એવા સુખનો સ્વામી બનીશ ! પ્રભુના ઐશ્વર્યના વધુ ગુણગાન કરતાં શ્રી દેવચંદ્રજી આગળ કહે છે :

**એમ અનંત ગુણનો ધણી, ગુણ ગુણનો આનંદ હો, જિનજી.**
**ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો. જિ.શ્રી૦૭**

**શબ્દાર્થ :** આમ શ્રી સુપાર્શ્વજિનજી અનંત ગુણના ધણી છે. ગુણ ગુણનો એટલે પ્રત્યેક ગુણનો આનંદ ભોગવે છે, તેમાં રમણતા કરે છે અને તેનો આસ્વાદ માણે છે. માટે હે પ્રભુ ! આપ જ પરમાનંદમય છો.

**વિશેષાર્થ :** અનંત ગુણો તો સર્વ આત્મામાં છે, પરંતુ જેનામાં તે પ્રગટ્યા હોય તે જ તેના ધણી કહેવાય. પ્રભુમાં તે પ્રગટ છે માટે તેઓ અનંત ગુણના ધણી છે. વળી, પ્રભુના આનંદની ખૂબી એ છે કે દરેક ગુણનો જુદો જુદો આનંદ એકરસપણે પ્રભુ માણે છે. જેમ, શીરાનો સ્વાદ લઈએ તેમાં લોટ, ગોળ અને ઘીના સ્વાદનું પોતપોતાનું સ્વતંત્ર યોગદાન છે ત્યારે શીરાનો વિશિષ્ટ સ્વાદ એકરસપણે માણી શકાય છે તેમ આત્માના ગુણ-ગુણનો આનંદ અર્થાત્ જ્ઞાનગુણનો આનંદ જુદો, ચારિત્રરૂપ આત્મસ્થિરતાનો આનંદ જુદો, એમ અનંત ગુણોનો અનંત આનંદ એકરસપણે આવતાં પ્રભુ પરમાનંદનો અનુભવ કરે છે. કોઈ પુસ્તકોમાં "ગુણગણનો આનંદ" એમ શબ્દો આવે છે. ત્યાં એમ અર્થ કરી શકાય કે અનંત ગુણના સમૂહનો (ગણનો) એક સામટો, અનંત આનંદ પ્રભુ નિરંતર માણે છે અને તેથી પ્રભુ પરમાનંદમય છે. પ્રભુ અનંત ગુણના ધણી એટલા માટે છે કે પ્રભુ તેને માત્ર જાણતા કે માત્ર કર્તા નથી પણ તેના ભોક્તા પણ છે. પ્રભુ તે આનંદનો પૂરેપૂરો ભોગવટો કરે છે, તેને આસ્વાદે છે અને નિરંતર તેમાં રમણતા કરે છે.

આપણા અને પ્રભુના સુખ વચ્ચે આ જ મોટો ફરક છે. આપણું સુખ તે બીજા સાધનો અને સગવડો અને ખરેખર તો આપણા 'mood' પર આધારિત છે. આપણો mood ખરાબ તો સુખને દુઃખમાં

પલટાતા વાર ન લાગે ! ગાડી, બંગલા, ધન-સંપત્તિ બધું હોય છતાં રોગ આદિ બાધા આવતા તે ભોગવી શકાતું નથી. તેથી જ શ્રી પ્રવચનસાર ગાથા - ૭૬ના ભાવાનુવાદમાં ઇન્દ્રિય સુખની તુચ્છતા બતાવતાં કહ્યું છે કે :

''પરયુક્ત, બાધા સહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે.''

પ્રભુનું સુખ અનંત વીર્ય સહિત હોવાથી પ્રભુને તે ભોગવવામાં કોઈ બાધા નડતી નથી. પ્રભુ નિરંતર તેનો આસ્વાદ માણે છે અને અનંત કાળ સુધી માણતા રહેશે એવું તેમનું સુખ અવ્યાબાધ છે.

૭ ગાથા સુધી તો શ્રી દેવચંદ્રજીએ પ્રભુના ગુણોનું અને અવ્યાબાધ સુખનું વર્ણન કર્યું. પણ તેટલા માત્રથી તેમના જેવા મહાન સાધક અટકી રહે ? કદાપિ નહિ. તેથી હવે અંતિમ ગાથામાં આ સર્વ ભક્તિનું ગુણગાન કરવાનું પ્રયોજન તો સ્વયં તેવી દશા પ્રગટાવવાનું જ હોય તેની વાત અને તેનો ક્રમ બતાવતાં કહે છે :

**અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિનજી.**
**દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો. જિ.શ્રી૦૮**

**શબ્દાર્થ :** (સાધકને) આવા અવ્યાબાધ સુખની રુચિ થઈ અને તે અવ્યાબાધ સુખ માટે તે સાધના કરે છે ત્યારે પરમાનંદ સમાધિને પામી તે સ્વયં દેવોમાં પણ ચંદ્ર સમાન એવા પરમાત્મપદને પામે છે. (સાધે = સાધના કરે; લહે = પામે, પ્રાપ્ત કરે; સમાધ = સમાધિ)

**વિશેષાર્થ :** અવ્યાબાધ સુખના ધણી શ્રી સુપાર્શ્વનાથના દર્શન કરીને, તેમની પરમશાંત મુદ્રામાં તેવા સુખની ઝલક જોઈને, તેમની તાત્ત્વિક ભક્તિ કરતાં કરતાં સાધકને પણ **''અવ્યાબાધ રુચિ થઈ''** - પોતામાં સત્તાગતપણે રહેલ તે અવ્યાબાધ સુખને માણવાની રુચિ જાગે છે. મોક્ષમાર્ગમાં આ રુચિ જ મોટું કામ કરે છે. **''રુચિ અનુયાયી વીર્ય''** હવે તેને સંસારના કાલ્પનિક સુખોને ઠોકર મારી જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યના માર્ગે આગળ વધી **''સાધે અવ્યાબાધ''** - તે અવ્યાબાધ સુખની સાધના કરવાનું બળ પૂરું પાડે છે. પણ શું છે તેની સાધના ? સૌ પ્રથમ તો અગમ, અગોચર આ નિર્વાણમાર્ગમાં તે નિજછંદે ચાલતો નથી પણ તે સુખનો જેમણે સાક્ષાત્ અનુભવ કર્યો છે તેવા આત્મજ્ઞાની સદ્ગુરુને શોધી, તેમનો આશ્રય કરી, તેમની આજ્ઞાઆરાધન તે જ તેનો ધર્મ અને તપ બની જાય છે. આવા સુશિષ્યને સદ્ગુરુ તેના મિથ્યાત્વ, સ્વચ્છંદ, મમત્વ આદિ અનેક દોષો કઢાવી વૈરાગ્ય-ઉપશમમાં સુસ્થિત કરાવે છે. જેમ કોઈ માતા બાળકને આંગળી ચીંધીને ચંદ્ર બતાવે ત્યારે બાળક પ્રથમ તો આંગળીને જ જુએ છે. પણ માતા ધીમે ધીમે તેનું ધ્યાન ચંદ્ર તરફ લઈ જાય છે તેમ સદ્ગુરુ હવે આ ઉત્તમ સાધકને પરાલંબન છોડાવી નિજાલંબન તરફ દોરી જાય છે. તેની પાત્રતા જોઈ હવે પર્યાયદૃષ્ટિ છોડાવી તેનું જે ધ્યેય છે - અધ્યાબાધ સુખ તેના અધિષ્ઠાન એવા ત્રિકાળી ધ્રુવ આત્મા તરફ દ્રવ્યદૃષ્ટિ કરાવે છે. અને આવા વારંવારના અભ્યાસ પછી વૈરાગ્ય - ઉપશમથી વિભૂષિત તે ભવ્યાત્મા કોઈ ધન્ય પળે દર્શનમોહનો નાશ કરી સ્વાનુભૂતિ કરીને તે નિર્વિકલ્પ, અતીન્દ્રિય સુખના અંશનો આસ્વાદ કરે છે. બસ, પછી તો પૂછવું જ શું ? હવે તે સુખને પોતાના સદ્ગુરુ અને પરમાત્માની જેમ અખંડપણે, પૂર્ણપણે ભોગવવા તે વધુ ને વધુ આત્મસ્થિરતા કરી ચારિત્રમોહનો ક્રમશઃ નાશ કરતો ગુણસ્થાન ચઢતો જાય છે અને તે જ ભવે કે ભાવિ એવા થોડા કાળમાં ક્ષપકશ્રેણી માંડી ચાર ઘનઘાતી કર્મનો નાશ કરી અરિહંત પદ અને પછી આઠ કર્મનો નાશ કરી સિદ્ધપદ - આમ દેવોમાં ચંદ્ર સમાન એવા પરમાત્મપદને લહે છે, પામે છે, જ્યાં **''પરમાનંદ સમાધ''** - સાદિ અનંત અનંત

**(અનુસંધાન પાના નં. ૧૪ પર...)**

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૧૫)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## શ્રાવકની પ્રતિમાઓ

★ **સ્વરૂપ :- ''અંતરંગ ભાવોને અભિવ્યક્ત કરનાર બાહ્યસ્વરૂપને પ્રતિમા કહેવાય છે.''** ભાવ અમૂર્ત વસ્તુ છે. તેને ઈન્દ્રિયો દ્વારા દર્શન, સ્પર્શન આદિ કરી શકાતાં નથી, માત્ર તેમનું વેદન કરી શકાય છે. તે અમૂર્ત ભાવોને સાકારરૂપ આપનાર ઉત્તમ સાધનને જ પ્રતિમા કહે છે. જેમ કે વીતરાગભાવને સાકારરૂપમાં દર્શાવવા માટે વીતરાગ પ્રતિમાનું અવલંબન લેવામાં આવે છે. જો કે તેમાં તો વીતરાગ-ભાવ સાક્ષાત્ તો નથી પરંતુ તે વીતરાગ પ્રતિમાને જોઈને આપણને વીતરાગ સ્વરૂપનું અનુમાન, સ્મરણ તથા ભાવોત્પત્તિ થઈ શકે છે. ઠીક એ રીતે જ શ્રાવકની પ્રતિમાઓ છે અંતર માત્ર એટલું જ છે કે આમાં પથ્થર આદિની પ્રતિમા ન હોઈને નિયમ, વ્રત આદિ બાહ્યત્યાગરૂપ પ્રતિમા હોય છે. અર્થાત્ બાહ્યત્યાગ કે ક્રિયાથી તેના અનુરૂપ અંતરંગ ભાવોનો ખ્યાલ આવે છે. જેમ કે કોઈ વ્યક્તિ પ્રતિદિન ભાવપૂર્વક જિનપ્રતિમા દર્શન, પૂજન, ગુરુસેવન આદિ કરે તો તે ક્રિયાઓને જોઈને તેની અંદરના સમ્યક્ત્વભાવનો ખ્યાલ આવી શકે. આવી રીતે કોઈ વ્યક્તિ પાંચ પાપોનો ત્યાગ તથા સાત શીલોનું પાલન કરતો હોય તો તેને જોઈને તેની ભીતર પંચમ ગુણસ્થાનને યોગ્ય ભાવોનું અનુમાન કરી શકાય અર્થાત્ આ બાહ્ય વ્રત, ક્રિયાઓ આદિ અંતરંગના ભાવોને દર્શાવે છે તેથી તેને પ્રતિમાઓ કહે છે. શ્રાવકજીવનને જઘન્યથી લઈને ઉત્કૃષ્ટ અવસ્થા સુધી ૧૧ ભાગોમાં વિભક્ત કર્યું છે, જે ઉત્તરોત્તર વિશુદ્ધિની અવસ્થાઓ છે. પરંતુ બધી અવસ્થાઓમાં ગુણસ્થાન એક પાંચમું જ રહે છે, તેની જ ક્રમશઃ વિશુદ્ધિ થતી જાય છે.

(૧) **દર્શન પ્રતિમા :-** જેના કારણે અંદરનો સમ્યગ્દર્શનનો ભાવ બહાર અભિવ્યક્ત થાય છે તે દર્શન પ્રતિમા કહેવાય છે. નિઃશંકિત્વ આદિ આઠ અંગોનું પાલન તથા શંકાદિ પચ્ચીસ દોષોનું નિરાકરણ અને શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા—આ પાંચ ગુણોની બાહ્ય અભિવ્યક્તિ આ બધું મળીને દર્શન પ્રતિમાનું નિર્માણ કરે છે, જેથી કોઈપણ વ્યક્તિ આવા વ્યક્તિને જોઈને તેની અંદરના સમ્યક્ત્વ ભાવનું સહજ જ અનુમાન તથા દર્શન કરી શકે છે. આનું જ નામ દર્શનપ્રતિમા છે. દરરોજ નિયમથી જિનપ્રતિમાના દર્શન કરીને જ આહારાદિ ગ્રહણ કરવા તે પણ આના જ બાહ્ય લક્ષણ તરીકે ગણવામાં આવે છે. ઉપરોક્ત બધી ક્રિયાઓથી શ્રાવકમાં મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયોના નાશની પણ અભિવ્યક્તિ થાય છે કારણ કે મિથ્યાત્વમોહ અને અનંતાનુબંધી કષાયોના સદ્ભાવમાં ઉપરોક્ત નિશંક્તિત્વ આદિ ભાવ તત્ત્વતઃ પ્રગટ થઈ શકતા નથી.

(૨) **વ્રતપ્રતિમા :-** અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોના નાશની બાહ્ય અભિવ્યક્તિ રૂપ લક્ષણોને વ્રત પ્રતિમા કહે છે. આ પાંચ અણુવ્રત તથા સાત શીલવ્રત એમ પૂર્વમાં વર્ણીત શ્રાવકના દ્વાદશવ્રતોના સ્વરૂપમાં હોય છે. તત્વતઃ આ બાર વ્રતોને ગ્રહણ કરવા તે જ દર્શાવે છે કે સાધકે ભીતરથી દેશવ્રતોમાં બાધક એવા અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોનો ક્ષય, ક્ષયોપશમ અથવા ઉપશમ કર્યો છે. આ પ્રતિમામાં સાધક દ્વાદશવ્રતોનું પાલન જીવનપર્યંત, નિરતિચારપૂર્વક કરવાના પ્રયાસમાં રત રહે છે.

(૩) **સામાયિક પ્રતિમા :-** શ્રાવકમાં વિશિષ્ટ સમત્વભાવ અને આત્મસ્થિરતાની અભિવ્યક્તિરૂપ બાહ્ય લક્ષણોને સામાયિક પ્રતિમા કહે છે. આ દિવસમાં

ત્રણવાર નિયમથી, નિયત સમયે, નિશ્ચિત સમય સુધી મન, વચન, કાયના યોગને સ્થિર કરીને સર્વ આરંભ - પરિગ્રહોને તત્ક્ષણ માટે ત્યાગપૂર્વક પાપરહિત થઈ સમતાભાવમાં સ્થિર થવાના રૂપમાં હોય છે. સામાયિક પ્રતિમાધારી શ્રાવક દરેક પરિસ્થિતિમાં સવારે, બપોરે અને સાંજે એમ દિવસમાં ત્રણ વાર અવશ્ય વિધિપૂર્વક સામાયિક કરે છે.

(૪) **પ્રોષધોપવાસ પ્રતિમા :-** પ્રોષધોપવાસ પ્રતિમા શ્રાવકે કર્મનિર્જરા હેતુથી કરેલ તપ ભાવ પ્રત્યે રુચિ તથા આહાર અને દેહ પ્રત્યે અંતરંગ નિર્મમત્વભાવને દર્શાવવાનું નામ છે. શ્રાવકની તીવ્ર મોક્ષાભિલાષાની અભિવ્યક્તિ આ પ્રતિમા છે. તે જાણે છે કે માત્ર શ્રદ્ધાન અને જ્ઞાનથી જ કર્મનિર્જરા થતી નથી. તેના માટે સમ્યક્તપનું આરાધન પણ કરવું પડશે. એ હેતુથી પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીના દિવસે નિયમથી સર્વ પ્રકારના આહાર, આરંભાદિનો ત્યાગ કરીને શાંતભાવથી તપ કરે છે. આનું નામ જ પ્રોષધોપવાસ પ્રતિમા છે. પ્રોષધોપવાસ પ્રતિમાધારી પૂર્વમાં વર્ણીત પ્રોષધોપવાસને ઉત્કૃષ્ટ, મધ્યમ તથા જઘન્ય પ્રકારે પોતાની શક્તિ અનુસાર નિયમથી નિરતિચારપૂર્વક કરે છે.

(૫) **સચિત્તત્યાગપ્રતિમા :-** સચિત્તત્યાગપ્રતિમા શ્રાવકના અત્યંત કરુણા, દયા અને અહિંસક હૃદયનો પરિચાયક છે. અંતરંગ કષાયોની અત્યંત મંદતા અને આત્માના કોમળભાવની વૃદ્ધિની બાહ્ય અભિવ્યક્તિ તે આ પ્રતિમા છે. શ્રાવકનું હૃદય એટલું કરુણાર્દ્ર તથા કોમળ થઈ જાય છે કે તે હવે એકેન્દ્રિય આદિ વનસ્પતિની પણ વિરાધના કરવાથી બચે છે. તેના માટે તે સચિત્તપત્ર, સચિત્તફળ, સચિત્ત છાલ, સચિત્તમૂળ, સચિત્ત કૂંપળો અને સચિત્ત બીજને પણ ખાતો નથી અને ન તો તેમને અન્ય પ્રકારે હાનિ પહોંચાડે છે અને તેનું પાલન તે નિરતિચારરૂપથી સંકલ્પપૂર્વક કરે છે. આ અવસ્થાનું જ નામ સચિત્ત-ત્યાગપ્રતિમા છે. સાધક જેમ-જેમ શાંત થતો જાય છે તેમ-તેમ તેની ઇન્દ્રિયવિષયો પ્રત્યે ઉદાસીનતા સહજ થવા લાગે છે. પોતાના જીવનને ચલાવવા માટે અન્યોને કષ્ટ પહોંચાડવું તે હવે તેને અત્યંત કષ્ટદાયી લાગે છે. પુષ્પ, પત્ર આદિને પણ તે કોઈ કષ્ટ પહોંચાડવા ઇચ્છતો નથી. આ અત્યંત દયાવાન હૃદય વિશેષનું નામ જ સચિત્તત્યાગ પ્રતિમા છે.

(૬) **રાત્રિભોજનત્યાગ પ્રતિમા /દિવામૈથુનત્યાગ પ્રતિમા :-** સૂર્યાસ્તની બે ઘડી કે ત્રણ ઘડી પૂર્વથી સૂર્યોદયની બે કે ત્રણ ઘડી પશ્ચાત્ (પછી) સુધી ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય આ ચારે પ્રકારના આહારનો મન-વચન-કાયથી, કૃત-કારિત- અનુમોદના પૂર્વક નિયમથી નિરતિચારપૂર્વક ત્યાગ કરી દેવો તે રાત્રિભોજનત્યાગપ્રતિમા કહેવાય છે. આ પ્રતિમા શ્રાવકના અતિ અહિંસક પરિણામોને દર્શાવે છે. આમાં સાધક મરણ આવે તો પણ રાત્રિભોજન કરતો નથી એવો તે દઢ સંકલ્પવાન થઈ જાય છે. અથવા રાત્રે જ કામભોગ કરવો, દિવસે નિયમથી મૈથુનનો ત્યાગ કરવો તે પણ આ જ પ્રતિમા કહેવાય છે. આ નીતિસંપન્ન ભોગ પ્રત્યે પણ સંયમનો ભાવ દર્શાવે છે. આમાં બાર કલાક સુધી સાધક નિયમથી નિરતિચારપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરે છે. વસ્તુતઃ તે આગળની બ્રહ્મચર્ય પ્રતિમાની પૂર્વતૈયારી છે.

(૭) **બ્રહ્મચર્યપ્રતિમા :-** અંતરંગ કામભાવોથી પૂર્ણ વિરક્તિની બાહ્ય અભિવ્યક્તિનું નામ બ્રહ્મચર્ય પ્રતિમા છે. દેવાંગના, મનુષ્યણી, તિર્યંચિણી અને કાષ્ઠઆદિની પૂતળી-આ ચારે પ્રકારની સ્ત્રીઓ સાથે નિયમપૂર્વક સર્વપ્રકારે મૈથુનનો ત્યાગ કરવાના રૂપમાં આ પ્રતિમા છે. સ્ત્રીઓ માટે તેનાથી વિપરીત સમજી લેવું જોઈએ. આમાં શ્રાવકના પતિ-પત્નીના સંબંધ તો રહે છે પરંતુ તેમાં મૈથુન સંબંધ કિંચિત્ પણ રહેતો નથી. અર્થાત્ આ દશામાં સાધક પોતાની પત્નીને એક સાધર્મીના રૂપમાં જ જુએ છે. સાંસારિક કર્તવ્ય બજાવે છે, પરંતુ કામભાવોનો નિયમથી ત્યાગ કરી દે છે.

(૮) **આરંભત્યાગપ્રતિમા :-** પોતાનું ભોજન બનાવવું અને પોતાના કપડાં ધોવા તથા નિવાસની સાફસફાઈ કરવી તે સિવાય સર્વ પ્રકારનાં સાંસારિક આરંભોનો નિયમપૂર્વક ત્યાગ કરી દેવો તે આરંભત્યાગપ્રતિમા કહેવાય છે. આ પ્રતિમા અંતરંગમાં સર્વસંગપરિત્યાગી મુનિપણાની તરફ તીવ્રગતિથી વધતા ભાવોને દર્શાવે છે. આ પ્રતિમાધારી શ્રાવક પોતાની આજીવિકા માટે પણ કોઈ પણ પ્રકારનો ઉદ્યોગ કે વ્યવસાય કરતા નથી. કાંતો તે પોતાના પરિવાર પર આશ્રિત રહે છે અથવા પૂર્વમાં જે ધન બચાવ્યું હોય તેનાથી જ પોતાની આવશ્યકતાઓ પૂરી કરે છે. ઘરના એવા કોઈપણ કાર્યમાં પોતે સહયોગ કરતા નથી કે જેનાથી આરંભી હિંસાનો દોષ લાગે. અર્થાત્ ઘરમાં રહીને જ તે પૂર્ણ રીતે નિવૃત્ત તથા મહાવ્રતીની જેમ જીવન જીવે છે. વિશેષ એ કે આ પ્રતિમામાં જિનાભિષેક, જિનપૂજા, વિવિધ પૂજા - વિધાન, વ્યવહાર ધર્મપ્રભાવનાના કાર્ય ઈત્યાદિ આરંભોનો ત્યાગ હોતો નથી કારણ કે આ બધા પુણ્યકાર્ય છે, આમાં જે અલ્પહિંસા થાય છે તેમાં પણ પવિત્ર અભિપ્રાયના કારણે નહિવત્ જ પાપનું કારણ થાય છે. અર્થાત્ લૌકિક અભિલાષાઓની પૂર્તિના અભિપ્રાયથી કરેલ પાપરૂપ આરંભોનો જ મુખ્યરૂપથી આ પ્રતિમામાં ત્યાગ હોય છે. હકીકતમાં સાંસારિક કાર્યોથી પૂર્ણ નિવૃત્તિ તથા ધર્મમાં પૂર્ણ પ્રવૃત્તિ જ આ પ્રતિમાનું મુખ્ય અંતરંગ લક્ષણ તથા ધ્યેય છે.

(૯) **અનુમતિત્યાગપ્રતિમા :-** અન્યો દ્વારા કરેલ પાપરૂપ આરંભોની અનુમોદનાનું પણ જે આત્મદશામાં ત્યાગ કરવામાં આવે છે, તે પરમ નિઃસ્પૃહ વીતરાગદશાની તરફ તીવ્રગતિથી વધતા ચરણોની અભિવ્યક્તિનું નામ અનુમતિત્યાગપ્રતિમા છે. એવા વૈરાગી સાધક જો કે પોતાના ઘરમાં રહી શકે છે, પરંતુ ઘરના કોઈપણ પાપ આરંભ, પરિગ્રહવૃદ્ધિ તથા વિવાહ આદિ લૌકિક કાર્યોમાં કોઈપણ પ્રકારની અનુમતિ, સલાહ, અનુમોદના કરતા નથી. એક પ્રકારે ઘરમાં રહેવા છતાં પણ ગૃહસ્થીથી સંપૂર્ણ વિરક્ત રહે છે. આખો દિવસ તે પોતાના જ્ઞાન-ધ્યાન તથા ધાર્મિક અનુષ્ઠાનોમાં જ રહે છે. સામાન્ય સાંસારિક લોકોથી સંબંધ બંધ કરી દે છે. માત્ર ધાર્મિક સાધર્મીઓથી જ સંબંધ રાખે છે. આ પ્રતિમા સાધકના અંતરંગના પરિપક્વ ઊંડા નિર્વેદભાવની પરિચાયક છે.

(૧૦) **પરિગ્રહત્યાગ પ્રતિમા :-** જે ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, દ્વિપદ (દાસ-દાસી) ચૌપદ (ગાય-ભેંસ) શયનાસન (પલંગ, ગાદલા આદિ), યાન (ગાડી, ઘોડા આદિ) કુપ્ય (રેશમ, સુતરાઉ આદિ કપડાં) અને ભાંડ (વાસણ) આમાં મમત્વરહિત થઈને સંકલ્પપૂર્વક તેમનો ત્યાગ કરી દે છે તેને પરિગ્રહત્યાગ પ્રતિમાધારી કહેવાય છે. અથવા **"સર્વ બાહ્ય વસ્તુઓમાંથી મમતાનો ત્યાગ કરી પોતાના સંતોષભાવમાં સ્થિત રહેવું તે પરિગ્રહત્યાગ પ્રતિમા કહેવાય છે."** સર્વસંગ-પરિત્યાગની આ પૂર્વભૂમિકા છે. આ પ્રતિમા સાધકમાં પરદ્રવ્યો પ્રત્યેના તીવ્ર નિર્મમત્વભાવને દર્શાવે છે. વિશેષ એટલું કે ઉપરોક્ત દશ પરિગ્રહોમાં ખેતર, ધન, ધાન્ય, દાસ-દાસી, ગાય-ભેંસાદિ પશુ તેમનો તો સંપૂર્ણ ત્યાગ હોય છે. વાસ્તુ (મકાન) માં પોતાના રહેવા માટે એક નાનો આવાસ રાખી શકે છે. કારણ કે હજુ સુધી પૂર્ણરૂપથી તેણે ગૃહત્યાગ કર્યો નથી. કુપ્યમાં રેશમ આદિ કિંમતી તથા વધારે હિંસાયુક્ત વસ્ત્રોનો તો નિયમથી ત્યાગ કરી દે છે, પરંતુ હજુ સુધી મહાવ્રત નથી લીધા માટે પોતાના માટે બે-ત્રણ જોડી સાદા વસ્ત્રો રાખે છે. હજુ સુધી ભિક્ષાટની તથા કરપાત્રી નથી થયો માટે પોતાના માટે ભોજન બનાવવા માટેના વાસણ તથા ભોજન કરવાના વાસણ રાખી શકે છે પરંતુ તે પણ ઓછામાં ઓછી માત્રામાં. તે વ્યક્તિગત વાહન નથી રાખતા, અન્યોની ગાડી આદિનો ઉપયોગ પણ ધર્મયાત્રા, તીર્થયાત્રા આદિ ધર્મકાર્યો માટે જ કરે છે. આમાં પણ અંતરંગથી મમત્વરહિત હોય છે અર્થાત્ પોતાના વસ્ત્ર-વાસણ-આવાસ આદિની કોઈ બીજાને જરૂર પડે તો તે તરત જ બીજાને આપવામાં તત્પર રહે છે. અર્થાત્ નિર્મમત્વભાવ જ આ પ્રતિમાનું પરમલક્ષણ છે.

**(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૩૯)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## ભયભંજક પ્રભુ આશ્રય
## ૭. સમુદ્ર ભયભંજક

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र –**
**पाठीन पीठ भयदोल्वणवाऽवाग्नौ ।**
**रंगत्रंगशिखरस्थितयानपात्रा -**
**स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४४॥**

● **શબ્દાર્થ :** अम्भोनिधौ - સમુદ્રમાં, क्षुभित - ક્ષુબ્ધ થયેલા, ખળભળેલા, भीषण - ભયંકર (બનેલા એવા), नक्रचक्र - મગરમચ્છોના સમૂહ, पाठीन पीठ - પાઠીન અને પીઠ જાતિના મહામત્સ્યો, भयद् - ભય ઉપજાવે તેવા, ભયંકર બનેલા, उल्वण - પ્રચંડ, वाडवाग्नि - વડવાનળ અગ્નિ, रंगत् - ઉછળી રહેલા એવા, तरंग - તરંગના, મોજાના, शिखर - અગ્રભાગ(ને વિષે), ટોચ પર, स्थित - રહેલું, यानपात्रा - વહાણમાં બેઠેલા તે, જહાજના યાત્રિકો, त्रासम् - આકસ્મિક ભયને, विहाय - ત્યજીને, છોડીને, નિર્ભયપણે, भवतः - (હે પ્રભુજી !) તમારું, આપનું, स्मरणात् - સ્મરણ કરવાથી, व्रजन्ति - જાય છે (સ્વસ્થાને), પાર પામે છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**જ્યાં-ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,**
**જેમાં મોજાં અહીં-તહીં બહુ જોરથી ઊછળે છે;**
**એવા અબ્ધિમહીં કદી અહા ! યાત્રિકો જો ફસાય,**
**સંભારે જો પ્રભુજી ! તમને, ભીતિ તો દૂર થાય.(૪૪)**

● **ભાવાર્થ :** ભયંકર નક્રચક્રાદિ મગરમચ્છો, પાઠીન અને પીઠ નામના મહામત્સ્યો અને ભીષણ રીતે બળતા વડવાનળ(કથાકથિત સામુદ્રિક અગ્નિ)ના કારણે ક્ષુબ્ધ (ખળભળી ઉઠેલા, તોફાની, ભયાનક) બનેલા મહાસાગરના ઉછળતા મોજાઓના શિખર પર રહેલા વહાણના પ્રવાસીઓ પણ (હે પ્રભુજી !) તમારા નામસ્મરણથી (ડૂબી મરવાના) ભયનો ત્યાગ કરી (નિર્ભય બની) સહીસલામત સ્વસ્થાને (કિનારે) પહોંચી જાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** અત્યાર સુધી માનતુંગાચાર્યે ધરાતલ ઉપર રહેલ ક્ષેત્રીય વિપરીત પરિબળોનું વર્ણન કરી તેમાંથી બચવાના ઉપાય દર્શાવ્યા હતા. હવે તેઓ સામુદ્રિક ક્ષેત્રમાં પણ મનુષ્યને જે વિટંબણા ઊભી થાય છે તેની વાત કરે છે. આદિકાળથી મનુષ્ય પૃથ્વીની જેમ સમુદ્રને પણ ખેડતો આવ્યો છે. પ્રાચીનકાળમાં નૌકા કે વહાણ જેવા જ સાધનો ઉપલબ્ધ હતા અને લોકો લંકા, જાવા, સુમાત્રા, મલાયા વેપાર માટે વહાણોમાં જતા. તેઓને સમુદ્રી તોફાનોમાં સપડાઈ જવાથી ડૂબ્યાનો અવસર આવતો હતો. પ્રચંડ બળવાળા સમુદ્રના તોફાનો અને મોજાઓ સામે કોઈ શસ્ત્રબળ કે શરીરબળ કામ કરતું નથી.

સમગ્ર જીવરાશિનો આધાર પાણી છે. પૃથ્વીની સપાટીનો આશરે ૭૦ % વિસ્તાર પાણીથી ઢંકાયેલો છે. હકીકતમાં પૃથ્વી જીવંત પ્રાણીઓનો આધાર છે તો સમુદ્ર પણ કરોડો જીવંત પ્રાણીઓને પાળે-પોષે છે. આ જળચર પ્રાણીઓ સ્થળચર (ક્ષેત્રીય) પ્રાણીઓ કરતા ઘણી જ વિરાટ કાયાવાળા હોય છે. તેના હલન-ચલનથી પણ સમુદ્રમાં ખળભળાટ થઈને તોફાન અને તરંગ ઉઠે છે. આચાર્યશ્રીએ સમુદ્રને તરંગિત બતાવી, તોફાને ચઢ્યો હોય તેવી પરિસ્થિતિમાં કોઈ નૌકા (વહાણ)

યાત્રા કરી રહી છે અને તેમાં બેઠેલા યાત્રીઓ તોફાનથી ઘેરાઈ અને ગભરાઈ ગયા છે તે દર્શાવેલ છે. ભીષણ સામુદ્રિક પ્રાણીઓ તોફાનને બિહામણું બનાવી રહ્યા છે. મહાકાય મગરમચ્છો, જળઘોડા, ચક્રવાલ, મહામત્સ્યો પાઠીન પીઠ, વ્હેલ, શાર્ક, મોટી મોટી સ્ટીમર પણ જેના મોઢામાં ચાલી જાય એવા મોટા ભીમકાય માછલા આદિ ક્રૂર વિરાટકાય જળચરોથી એવું વાતાવરણ બન્યું છે કે નાવ અત્યંત ડોલાયમાન થઈ રહેલ છે. સાથે સાથે પ્રચંડ વડવાનલ પણ ભભૂક્યો છે. વડવાનલ એક પ્રકારનો સમુદ્ર-અંતર્ગત સંચાર કરતો વિલક્ષણ અગ્નિ છે. વળી, ઝંઝાવાતી વાયુ પણ ફૂંકાઈ રહ્યો છે.

ટૂંકમાં વહાણ ભયંકર તોફાન સામે ઝઝુમી રહ્યું છે, અને યાત્રીઓના જીવ ભયથી તાળવે ચોંટી જાય તેવી ભીષણ પરિસ્થિતિ છે. કેવી પરિસ્થિતિ છે ?

૧. વિશાળ મહાસાગરમાં નાવ મધદરિયે છે.
૨. વિરાટકાય જળચરોથી સમુદ્રમાં ભયંકર મોજાઓ ઉછળી રહ્યા છે.
૩. સમુદ્ર ખળભળીને તોફાની દરિયો બનેલ છે.
૪. નાવ બેકાબૂ બનીને અનિયંત્રિત ઝોલા ખાઈ રહી છે.
૫. નાવ ડૂબી કે ડૂબશે તેવી દહેશત લાગ્યા કરે છે.
૬. વડવાનળ અગ્નિ ભડભડાટ બળી રહ્યો છે.
૭. ઝંઝાવાતી પવન ફૂંકાઈ રહ્યો છે.
૮. ભયથી કંપી ઉઠેલા યાત્રિકોને મૃત્યુ સામે દેખાઈ રહ્યું છે.

આવા વખતે શ્રદ્ધાપૂર્વક શ્રી જિનેશ્વરદેવનું સ્મરણ કરવામાં આવે તો દરિયાલાલ શાંત થઈ જાય છે અને વહાણ ડૂબતું બચી જાય છે. તેમાં પ્રવાસ કરી રહેલા મનુષ્યો સહીસલામત પોતાના સ્થાને (કિનારે, ઘરે) પહોંચી શકે છે. તાત્પર્ય કે જિનેશ્વરનું સ્મરણ ગજભય, સિંહભય, અગ્નિભય, સર્પભય તથા યુદ્ધભયની જેમ સમુદ્રભયથી પણ રક્ષણ આપનારું છે.

કર્મના ઉદયથી જીવ આ સંસારમાં દુઃખ, આપત્તિ, ઉપદ્રવ કે મુશ્કેલીઓ પામે છે ત્યારે જો તેની પાસે ધર્મની સમજ, ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને ધર્મની સાધના હોય તો તે કર્મના ઉદયમાં સમભાવ રાખી નવા કર્મ બાંધતો નથી. તે વિચારે છે કે મારા જ પૂર્વકૃત કર્મનો ઉદય છે તો તેમાં હાયવોય કરી આકુળ-વ્યાકુળ ન બનતા પરમાત્માનું નામરટણ કરવું જ શ્રેયસ્કર છે. આ રીતે તે પરમાત્માના નામ-સ્મરણ-કીર્તન-જપમાં તલ્લીન બનવાથી તેનું મન શુભમાં રમતું થવાથી નવા પાપકર્મ બંધાતા નથી (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૮૫) અને જૂના બંધાયેલા પાપકર્મો સંક્રમણ પામી પુણ્યમાં ફેરવાઈ જાય છે. તેથી તેના પર આવી પડેલા દુઃખ, કષ્ટ કે ઉપદ્રવ દૂર થઈ જાય છે. એટલે જ પૂ. રાકેશભાઈ કહે છે કે ઉદયભાવો વચ્ચે ધર્મની શ્રદ્ધા અને પ્રભુનામસ્મરણથી સુરક્ષિત રહેવું એ જ આ શ્લોકનો મર્મ છે.

આ સંસાર પણ એક સાગર છે, ઘૂઘવતો દરિયો છે. તેમાં વિષય-કષાયરૂપ પાણીના મોજાઓ ઉછળે છે અને મોહનીય કર્મના મોટા મોટા મગરમચ્છો (અને અન્ય વિરાટકાય જળચરો) મોઢા ફાડીને બેઠા છે. વાસના-લાલસાના વડવાનળનો અગ્નિ તેમાં જલ્યા જ કરે છે. જીવનમાં લોભરૂપી તોફાનો પણ આવે છે. સમુદ્રમાં જીવરૂપી નૌકાઓ ચાલતી હોય છે. જ્યારે દરિયામાં તોફાન જાગે છે ત્યારે તે નૌકાઓ મોજાઓ સાથે અથડાતી-ઉછળતી-હાલકડોલક થતી - ઊંધી વળી જતી સમુદ્રના તળિયે પહોંચી જાય છે. એ સમયે જે મનુષ્યો પરમાત્માના નામસ્મરણમાં લીન બની જાય છે તેમની નૌકા

નિર્વિઘ્ને સંસારસાગરને પેલે પાર મુક્તિના કિનારે પહોંચી જાય છે. આ આશયથી જ માનતુંગાચાર્યે શરૂઆતમાં કહ્યું કે, 'आलंबनं भवजले पततां जनानाम् ।' (શ્લોક - ૧)

બીજી રીતે જોઈએ તો સંસારના ભૌતિક સુખો છે તે નક્રચક્રાદિ મગરમચ્છો છે, સંસારની ચાર ગતિઓ સમુદ્ર છે, દેહરૂપી નાવ છે, સ્વભાવથી ચંચળ અને ભયથી વિહ્વળ એવા મનરૂપી ઉછળતા મોજાઓ છે અને આત્મારૂપી યાત્રિક અનંતના પ્રવાસે નીકળેલ છે. સંસારસમુદ્રને ઓળંગતા આત્મા જો કે પર્વત જેવડા દારુણ કષ્ટોમાં ધકેલાય છે તો પણ જે પ્રભુને ભાવથી અને શ્રદ્ધાથી યાદ કરે છે તે હેમખેમ નિર્ધારિત સ્થાને પહોંચી જાય છે. ટૂંકમાં, સંસારના ભૌતિક સુખો વચ્ચે રહેવા છતા પણ જે સદા પ્રભુનું સ્મરણ કરે છે તે તરી જાય છે.

આ ભાવની ગાથા ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩મા અધ્યયન 'કેશી-ગૌતમિય'માં છે. યથા :

**सरीरमाहु णावत्ति, जीवो वुच्चइ णाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥७३॥**

**અર્થ :** ગૌતમસ્વામી કેશીસ્વામીને કહે છે - આ શરીર નૌકા છે અને જીવ (આત્મા) તેનો નાવિક છે. જન્મ-મરણમય ચતુર્ગતિક સંસાર એ સમુદ્રસમાન છે, જેને મહર્ષિઓ પાર કરી જાય છે.

દેહરૂપી નાવ તો માનવભવમાં સહુને સરખી મળે છે પણ મહાત્માઓ તે નાવને સદ્‌માર્ગે હંકારી સંસારસાગરને તરીને પરમાત્મા બની જાય છે. જ્યારે અજ્ઞાની સંસારી જીવો મનુષ્યભવ ભોગવિલાસમાં વેડફી નાખે છે. પૂ. આત્માનંદજી તેમના સ્વાધ્યાયમાં અવારનવાર ચેતવે છે કે —

**દિવસ ગુમાવ્યો ખાઈને, રાત્રિ ગુમાવી સૂઈને;**
**હીરા જેવો મનુષ્યભવ, કોડી બદલે જાય.**

હે જિનેન્દ્ર ! આપના ગુણચિંતન વડે તો ભવસમુદ્ર પણ પાર પમાય છે ત્યાં બીજા (ભૌતિક) સમુદ્રની શી વાત ! તોફાની ભવસમુદ્રની વચ્ચે પણ જેના અંતરમાં જિનેશ્વરનું અને સ્વસ્વરૂપનું ચિંતન છે તે નિર્ભયપણે સંસારસમુદ્રને પાર કરે છે. ભગવાનના ભક્તને વિશ્વાસ છે કે મારું વહાણ દરિયામાં કે મારો આત્મા સંસારસમુદ્રમાં ડૂબે નહીં. પ્રભુ ભવસમુદ્રથી તર્યા છે તે આપણને તારશે. તેથી જ **નમોત્થુણં** સૂત્રમાં કહ્યું કે **"તિન્નાણં તારયાણં."** સંસારસમુદ્રમાં પુણ્ય-પાપના અનેક તોફાન વચ્ચે પણ ધર્મી જીવને અંતરમાં જિનસ્મરણ છે. રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યતત્ત્વ જેના અનુભવમાં છે તેને તો ભવનો આ મોટો દરિયો પણ ગાયની ખરીથી થયેલા નાના ખાબોચિયા જેવો અલ્પ થઈ જાય છે અને રમતવાતમાં એ એને ઓળંગી જાય છે. જો ભયભીત વ્યક્તિઓને સદ્‌બુદ્ધિ પ્રગટે અને હિંમત રાખી પ્રભુનું સ્મરણ કરે તો તેઓ અવશ્ય ત્રાસથી મુક્ત થઈ ગંતવ્યસ્થાન સુધી પહોંચી જાય. પ્રભુ તો સર્વાંગ અભયદાતા છે : દર્શન, કીર્તન કે ચરણનું અવલંબન કાંઈ ન કરી શકે તો પણ સ્મરણ માત્રથી પ્રતિકૂળ પરિસ્થિતિ પલટાઈને અનુકૂળ બની જાય છે. પ્રભુનું નામસ્મરણ સંકટમોચન બનીને ભયથી મુકત કરે છે.

નામસ્મરણ શું છે ? ભારતીય સંસ્કૃતિમાં નામસ્મરણની પરિપાટી છે. આરાધ્ય દેવોના (કે સદ્‌ગુરુદેવના) દર્શન ભલે દુર્લભ હોય, પરંતુ તેમનું નામસ્મરણ સુલભ છે. સંત તુલસીદાસ કહે છે કે, "રામ સે રામ કા નામ બડા હૈ." વાલ્મિકી રામાયણમાં લંકા સુધીનો સમુદ્ર પરનો સેતુ બાંધવામાં જે કામ રામ ન કરી શક્યા તે રામનામ લખેલ પથ્થરોએ કર્યું તે સુવિદિત છે. સીતા માતા, સુદર્શન શેઠ, પ્રહ્લાદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, કામદેવ શ્રાવક, અર્જુન વગેરે દષ્ટાંતો નામસ્મરણનો મહિમા દર્શાવે છે. નામસ્મરણ સર્વવ્યાપી સિદ્ધાંત છે અને તે એક પ્રકારનો જપયજ્ઞ છે.

સ્મરણનું મહત્વ શા માટે છે ? હકીકતમાં મનુષ્યનો સમગ્ર સંસાર સ્મરણ અર્થાત્ તેની સ્મૃતિમાં ભરેલો છે. પોતાની સ્થૂળ સંપત્તિ, મા-બાપ કે પરિવાર વગેરે બધું સ્મૃતિમાં જ સમાયેલું છે. ભગવાનનું દિવ્ય સ્વરૂપ પણ મનુષ્યની સ્મૃતિમાં ઉતરે છે. જો સ્મૃતિનો નાશ થાય તો સમગ્ર સુખ-સંપત્તિનો નાશ થઈ જાય છે. મતિજ્ઞાનમાં પણ જો 'ધારણા' ન થાય (અવગ્રહ, ઈહા, અવાય પછી) તો જ્ઞાનનું કોઈ મૂલ્ય રહેતું નથી. સમગ્ર શ્રુત શાસ્ત્રોનો ભંડાર પણ સ્મૃતિમાં સમાવિષ્ટ છે.

સ્મૃતિ પરિવર્તન પામે ત્યારે જ આત્માનું અભ્યુત્થાન શરૂ થાય છે. સ્મૃતિમાં જ્યારે પ્રભુનું નામ પ્રવેશ કરે છે ત્યારે સ્મૃતિમાં રહેલા વિકલ્પો, રાગ-દ્વેષ ઈત્યાદિ દોષોનો લય થાય છે. અંધકારમય ગુફામાં પ્રકાશનું કિરણ જતા ગુફાની સ્થિતિ બદલાઈ જાય છે અને અંધકાર પલાયન થઈ જાય છે. તે જ રીતે પ્રભુના નામસ્મરણથી સ્મૃતિની પરિશુદ્ધિ થઈ જાય છે. વિપરીત (વિકારી, વિભાવો) સ્મરણો વિલય થઈને શુદ્ધ સ્મરણના બીજની વાવણી થાય છે. આથી સમજી શકાય છે કે નામસ્મરણની કેટલી પ્રભુતા છે !

ભવસાગરરૂપી સંસારસમુદ્ર પણ ભયાનક છે. પાપકર્મનો જ્યારે ઉદય થાય છે ત્યારે તે સમુદ્ર તોફાને ચડે છે. મનુષ્યના જીવનના પાસા અવળા પડે છે અને સંસારનું શાતારૂપ સુખ ચૂર્ણ ચૂર્ણ થઈને દુઃખના ડુંગરો સર્જાય છે.

બધા શાસ્ત્રોમાં સંસારને સમુદ્રની ઉપમા યથાર્થ રીતે આપેલ છે (જુઓ 'મોક્ષમાળા' શિક્ષાપાઠ-૧૯). જો આ ભવસાગરથી બચવું હોય, મનુષ્ય પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય અને તિર્યંચ-નરક-નિગોદાદિના અનંતાનંત દુઃખમાંથી મુક્ત થવું હોય તો મનુષ્યે ઈશ્વરના નામનો સમ્યક્ (પ્રેમ, શ્રદ્ધા, સમર્પણ અને ભાવપૂર્વક) આધાર લેવો ઘટે છે. તે મોક્ષની સાધનાનું પહેલું પગથિયું છે.

અહીં નામસ્મરણનો અર્થ કેવળ નામ પૂરતો સીમિત નથી, પરંતુ નામનિક્ષેપની સાથે બાકીના નિક્ષેપો (સ્થાપના-આકૃતિ, દ્રવ્ય, ભાવ) પણ જોડાયેલા છે. નામ કોઈ નિષ્ક્રિય તત્ત્વ નથી.

આ શ્લોક ભયના નિવારણની સાથે અપૂર્વ બોધ આપે છે. ધરાતલ પર વસનારા મનુષ્યો પાપરૂપી સમુદ્રમાં ડૂબીને ધર્મરૂપી પૃથ્વીનો આધાર ગુમાવી બેસે છે. પૃથ્વી સ્થિર થવાનો નિર્દેશ આપે છે, જ્યારે સમુદ્ર ડૂબવાનો નિર્દેશ આપે છે. માનવ સંસારસાગરમાં ડૂબી ન જાય તે માટે નામરૂપી ધરાતલ ઉપર સ્થિર થવાનો સંકેત માનતુંગાચાર્યે આપ્યો છે. સાચા અર્થમાં માનવજીવનને સાર્થક કરે તેવો દિશા- નિર્દેશ કર્યો છે.

**ભક્તામર સ્તોત્ર**ના બધા શ્લોકો ભક્તિયોગના કારણે આધ્યાત્મિક ભાવોથી ભરેલા છે. સામાન્ય માણસો (સંસારી જીવો) સુખાર્થી હોવાથી આચાર્યશ્રીએ દ્રવ્યભાવે પણ સંકટમોચન તરીકે પ્રભુનું નામ પ્રદર્શિત કર્યું છે.

બાહ્યમાં જે અંભોનિધિ (મહાસાગર) છે તેના કરતા અનંત વિસ્તારવાળો, અસંખ્ય અધ્યવસાયોથી ઉછળતો, વિભાવરૂપી મોજાઓના તરંગોમાં મનુષ્યની મનરૂપી નૌકાને ઉપર-નીચે પટકાવતો આ કષાયભાવ ભરેલ ભવસમુદ્ર કાંઈ જેવો તેવો નથી. તેની ભયંકરતા અને ભીષણતાનું આપણને માત્ર ભાન નથી.

મનુષ્યનું મન અને અંતઃકરણ તથા પરિણામે વૃત્તિઓ આ ભવસમુદ્રરૂપી માયાવી ઝાંઝવાના જળ (મૃગજળ)માં એવી ફસાયેલી રહે છે કે તેને શાંતિ તો દૂર રહી પણ દુઃખ ભરેલી અસંખ્ય યોનીઓમાં સુદીર્ઘકાલ સુધી પરિભ્રમણ કરવું પડે તેવા બીજનું વાવેતર કરે છે. આવી પરિસ્થિતિમાં આઠ રૂચક

**(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**

# આત્માની વિરુદ્ધધર્મત્વશક્તિ (૨૮)

**વલભજી હીરજી 'કેવલ'**

અનંત ધર્મસ્વરૂપ અનેકાંતમય આત્માને જ્ઞાનલક્ષણથી લક્ષિત કરતા એટલે કે સ્વાનુભવમાં લેતા નિર્મળપર્યાય સહિત અનંતધર્મવાળો આત્મા તે અનુભવમાં પ્રસિદ્ધ થાય છે તેનું આ વર્ણન છે.

'જ્ઞાન' તે આત્માનો મુખ્ય સ્વભાવ છે. તે જ્ઞાન અંતર્મુખ થઈને આખા અનંત ધર્મવાળા આત્માને પોતાના લક્ષ્ય તરીકે પ્રસિદ્ધ કરે છે. તે ખરો આત્મા છે. આત્મામાં જ્ઞાન સાથે બીજા અનંત ધર્મો છે. તેમાં એક ધર્મ એવો છે કે જેને લીધે અસ્તિ-નાસ્તિ આદિ વિરુદ્ધધર્મો પણ સાથે રહે છે. આત્માની આવી વિરુદ્ધધર્મત્વશક્તિ છે કે તદ્રૂપપણું અને અતદ્રૂપપણું - એવા બંને ધર્મો એક સાથે વર્તે છે. બંને અવિરોધપણે અનેકાન્તમાં સમાય છે. એક જ્ઞાન માત્ર ભાવ પોતાના આત્મા સાથે તદ્રૂપ છે ને બીજા બધાની સાથે અતદરૂપ છે. આવા અનેકાન્ત સહિત છે.

દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-ભાવની મર્યાદાથી બંધાયેલું છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જ તેની મર્યાદા છે. પોતાની તે મર્યાદાથી બહાર તે પરિણમતું નથી. સ્વ-પરની ભિન્ન મર્યાદા જાણીને પોતાના સ્વભાવસન્મુખ થતા આત્મા નિર્મળપણે પરિણમે છે. પર સાથે અતદ્રૂપપણારૂપ જે સ્વધર્મ છે તે સ્વધર્મની સાથે આત્મા તદ્રૂપ છે, પણ તે અતદ્રૂપ ધર્મ આત્માને પરની સાથે તદ્રૂપ થવા દેતો નથી. આત્માને પરથી ભિન્ન રાખે છે. આ રીતે તદ્રૂપતા અને અતદ્રૂપતા વગેરે વિરુદ્ધધર્મોને આત્મા ધારણ કરે છે. જો આવી બંને શક્તિ એક સાથે ન હોય ને એકલું તદ્રૂપપણું જ હોય તો જડ સાથે આત્મા તદ્રૂપ થઈ જાય એટલે જડ થઈ જાય. અથવા જો એકલું અતદ્રૂપપણું હોય તો આત્મા પોતાના જ્ઞાન-આનંદ સાથે પણ અતદરૂપ એટલે કે જુદો ઠરે - પણ એમ નથી. આત્મામાં તદ્રૂપપણું ને અતદ્રૂપપણું બંને ધર્મો એક સાથે છે.

અનેકાન્ત એ અમૃત છે કારણ સત્ સ્વપણે છે ને પરપણે નથી. તેમાં સ્વનું હોવું તેમાં પરના અભાવ ભાવરૂપ હોવાથી સ્વની શાંતિ વેદાય છે એ જ અમૃત છે. આત્મા અરૂપી છે ને રૂપી પણ છે, અથવા આત્મા ચેતન ને જડ પણ છે, એવું આત્મામાં સર્વથા વિરુદ્ધપણું નથી. અસ્તિપણું-નાસ્તિપણું વગેરે કથંચિત્ વિરુદ્ધધર્મ કે જેઓ જ્ઞાનમાત્ર આત્માનું વસ્તુપણું સિદ્ધ કરે છે.

• • •

## આયંબિલ ઓળીનું મહત્ત્વ

**(પાના નં. ૩૪ પરથી ચાલુ...)**

જો યોગ્ય ઉપયોગ રહે તો જીવ કર્મબંધન અવશ્ય ઓછું કરે. તપમાં જીવને વધારે બહાર રખડવાની ઈચ્છા થતી નથી, ઊંઘ ઓછી આવે છે, સાધુ-સાધ્વીનો સત્સંગ કરી શકે છે, સ્વાધ્યાય પણ સરસ રીતે થઈ શકે છે. આમ, પ્રમાદ ત્યાગી, જાગૃતિ રાખી જીવ જો તપ-ત્યાગમાં આગળ વધે તો કર્મનિર્જરા આગળ વધી શકે છે.

આયંબિલથી કર્મનિર્જરા તો થાય જ છે, સાથે સાથે આરોગ્ય સુધરે છે, શરીરમાંથી રોગો દૂર થાય છે, મનવાંછિત મળે છે, અંતરાયો ટળે છે, સંકટ ટળે છે, લબ્ધિ ઉત્પન્ન થાય છે. આ ભવ-પરભવ સુધરે છે. આમ, આયંબિલનું ઘણું જ મહત્વ છે તે યોગ્ય રીતે સમજી આયંબિલની આરાધના દ્વારા કર્મોની જાળમાંથી મુક્ત બનવા પુરુષાર્થ કરવાનો છે.

• • •

# સર્વોદયી સંતની રાષ્ટ્રીય દેશના

લેખક : પૂજ્ય ક્ષુલ્લક શ્રી ધૈર્યસાગરજી
અનુવાદક : સુશ્રી બ્ર. બિંદુદીદી (રાજકોટ)

પરમ શ્રદ્ધેય ગુરુવર્ય આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજના અનેક રૂપોમાં દર્શન થાય છે. જ્યારે પ્રજ્ઞાવંત તેમને કોઈ પણ અવસ્થામાં-સ્થિતિમાં જુએ છે તો તેઓ મુનિ, આચાર્ય, ઉપાધ્યાય, નિર્યાપકાચાર્ય, અભીક્ષ્ણજ્ઞાનોપયોગી, આગમનિષ્ઠ, શ્રેષ્ઠચર્યાપાલક, સાધનાના માનદંડ, શ્રમણસંસ્કૃતિ ઉન્નાયક, ધ્યાનયોગી, આત્મવેત્તા-આધ્યાત્મિક સંત, નિઃસ્પૃહી સાધુ, દાર્શનિક, કવિ, સાહિત્યકાર, મહાકવિ, બહુભાષાવિદ્, ભારતીય ભાષાઓના પ્રસ્તુતિકર્તા, ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા મહાપુરુષ, યુગદૃષ્ટા, યુગપ્રવર્તક, રાષ્ટ્રીય ચિંતક, શિક્ષાવિદ્, નવી પેઢીના પ્રણેતા, અપરાજેય સાધક વગેરે રૂપમાં નજરે પડે છે.

વિદ્યાસાગરજીએ સને ૧૯૬૮માં અજમેર (રાજસ્થાન) નગરમાં મહાકવિ આચાર્ય જ્ઞાનસાગરજી મુનિરાજ પાસેથી મુનિદીક્ષા ગ્રહણ કરી અને આજ સુધીમાં ૨૮ મૂળગુણાત્મક કઠોર વ્રતોનું પાલન કરી મુનિત્વને સાર્થક કરી રહ્યા છે.

૨૨ નવેમ્બર ૧૯૭૨ના રોજ નસીરાબાદ (રાજસ્થાન) ખાતે આચાર્ય ગુરુવર જ્ઞાનસાગર મહારાજે તેઓની યોગ્યતા પારખીને પોતાનું આચાર્યપદ મુનિ વિદ્યાસાગરને સોંપી પોતે જ તેમના શિષ્ય બની ગયા ! આવા મહાન આચાર્ય વર્તમાનમાં પણ ૩૬ મૂળગુણોનું પાલન કરી ૧૨૦ મુનિ, ૧૭૨ આર્યિકા (સાધ્વીજીઓ), ૫૬ ઐલક (સાધકો), ૬૪ ક્ષુલ્લકો, ૩ ક્ષુલ્લિકાઓને દીક્ષા પ્રદાન કરી ૫૦૦થી વધુ બ્રહ્મચારી, બ્રહ્મચારિણીઓને સાધનાના સોપાન પર આરૂઢ કરી આચાર્યત્વથી ભૂષિત છે.

સંપૂર્ણ આગમના અધ્યેતા અને શિષ્યોને અવિરત અધ્યાપન કરાવી રહ્યા હોવાથી ઉપાધ્યાય પરમેષ્ઠીનું વાસ્તવિક દર્શન તેઓમાં જ થઈ રહ્યું છે. ૧ જૂન ૧૯૭૩ના રોજ નસીરાબાદ ખાતે તેઓએ પોતાના ગુરુવર્ય જ્ઞાનસાગરજી મહારાજની આગમયુક્ત સંલ્લેખના સમાધિની સાથે સાથે મુનિશ્રી પાર્શ્વસાગરજીની આકસ્મિક સમાધિ કરાવી અને ત્યારથી માંડીને આજ સુધીમાં ૩૦ થીયે વધુ મુમુક્ષુ સાધકોને તેમણે પોતાના કુશળ નિર્યાપકાચાર્યત્વ હેઠળ સમાધિ ધારણ કરાવી, મૃત્યુ મહોત્સવ ઉજવી એ પ્રમાણિત કર્યું કે સંલ્લેખના આત્મઘાત નથી.

બચપણથી જ સત્સંગ થકી જાગૃત જ્ઞાનપિપાસા હજુ સુધી અતૃપ્ત જ રહી છે અને તેથી જ તેઓને નિરંતર સરસ્વતી આરાધનામાં લીન, એકતાન જોઈને વિહિતવર્ગ તેમના સમાન અભીક્ષ્ણ જ્ઞાનોપયોગી પાસેથી સમ્યક્જ્ઞાનના પ્રકાશની અભીપ્સામાં સદૈવ તેઓની સત્સંગતિ કરતાં નજરે પડે છે.

તેઓ અવિરત આગમ સ્વાધ્યાય થકી આત્મ-શોધનમાં નિમગ્ન રહી નિજજ્ઞાન, વિચાર, ચિંતન, મનન, લેખન દ્વારા સ્વયંને પરિમાર્જિત કરતા રહ્યા છે. તેથી જ પાઠક શોધકર્તા તેઓના વિચારસાહિત્યને આગમનિષ્ઠ પામી સંતુષ્ટ થાય છે.

જૈનાગમના આ અધ્યેતાની પ્રત્યેક ક્રિયામાં મુનિચર્યાનો સંવિધાન એવો મૂલાચાર આ કળિકાળમાં પણ ચરિતાર્થ, પરિપૂર્ણ થતો જણાય છે. તેથી જ વર્તમાનમાં તેમને શ્રમણત્વની કસોટીના માનદંડ રૂપે પામીને શ્રમણ અનુયાયીઓ બુલંદ જયકારો કરે છે, "અમારા ગુરુ કેવા હોય, વિદ્યાસાગર જેવા હોય"; "દિગંબર મુનિને જોઈ લો, ત્યાગ કરવાનું શીખી લો." "માનો લાલ કેવો હોય, વિદ્યાસાગર જેવો હોય." આમ, વાસ્તવમાં તેઓ શ્રમણ સંસ્કૃતિના ઉન્નાયક છે. તેમનાં દર્શન કરી, તેઓની પાસેથી શ્રમણો-મુનિઓ આગમયુક્ત ચર્યાનું પાલન કરવા નિરંતર ઉત્સાહ,

સાહસ, સાધના અને પ્રેરણા પામી રહ્યા છે.

જૈન શ્રમણ-મુનિઓના સ્વરૂપનું વર્ણન કરતાં પ્રાચીન આચાર્યોએ લખ્યું છે, ''જ્ઞાન-ધ્યાન તપોરક્તઃ તપસ્વી સ પ્રશસ્યતે.'' આ સૂત્ર આચાર્ય વિદ્યાસાગરમાં મૂર્તિમંત થતું નજરે પડે છે. દા.ત. વર્ષ, ૧૯૬૮-૬૯માં અજમેર, ૧૯૭૨માં બ્યાવર, ૧૯૭૪માં અજમેર અને ભીલવાડામાં ચાતુર્માસ દરમિયાન અનેક વાર સમાજે અને ભક્તોએ તેઓને સળંગ ૧૨, ૨૪, ૩૬, ૪૪ કે ૭૨ કલાક સુધી ધ્યાનયોગમાં લીન નિહાળ્યા છે. તેવા સમયથી તેમની ઓળખ એક ધ્યાનયોગી રૂપે પ્રસ્થાપિત થઈ છે.

બાળપણના પરમાત્મધ્યાની એવા તેઓ આજે અરિહંતોના અનુસરણકર્તા બની આત્મવેત્તા, આધ્યાત્મિક સંતશિરોમણિ રૂપે જગવિખ્યાત છે. તેઓ દેહથી એટલા તો પર, નિઃસ્પૃહ હોય છે કે કડકડતી ઠંડી હો કે કાળઝાળ ગરમી, હજારો કિલોમીટરની પદયાત્રા, કીડી-મંકોડા સમા જીવજંતુઓના ઉપસર્ગ કે પછી રોગાદિ પરિષહ હો, પ્રત્યેક પરિસ્થિતિમાં તેઓ આત્મસ્થ રહે છે. ન સ્વયં કોઈ ઉપસર્ગ-પરિષહનો પ્રતિકાર કરે કે ન તો અન્યને તેને માટે પ્રેરિત કરે છે. ન તો શરીરની પુષ્ટતા માટે સ્વાદિષ્ટ રસ, નમક, ગળપણ, મેવા, ફળ વગેરે ગ્રહણ કરે છે.

તેઓ આચાર્યત્વના સ્વામી હોવાની સાથોસાથ એક પ્રતિભાવાન દાર્શનિક કવિહૃદય સંત પણ છે. ૪ હિન્દી કવિતાસંગ્રહ, ૧૨ હિન્દી શતક, ૬ સંસ્કૃત શતક, સહસ્રાધિક જાપાની કાવ્યશૈલીમાં હિન્દી હાઈકુ રચનાઓ તેમના દ્વારા રચાઈ અને પ્રકાશિત થઈ છે. તેઓની સાહિત્યકૃતિઓ પર સાહિત્યકારો/જિજ્ઞાસુઓ દ્વારા શોધગ્રંથ પ્રકાશિત થયા છે અને તે શોધકર્તાઓને પીએચડી.ની પદવી પ્રાપ્ત થઈ છે. આવાં શોધકર્તાઓ દ્વારા તેમને ઉચ્ચ કોટિના સાહિત્યકાર ઘોષિત કરાયા છે. તેમના દ્વારા વિરચિત હિન્દી મહાકાવ્ય **'મૂકમાટી'** એ મહાકાવ્યની પ્રસ્થાપિત અને પરિમિત પરિભાષાને પુનર્સમીક્ષ્ય સત્ર પર લાવીને નવું સીમાચિહ્ન સર્જ્યું છે.

તેઓએ હિન્દી ભાષામાં સાહિત્યસર્જન સાથે સંસ્કૃત, પ્રાકૃત, કન્નડ, બંગાળી અને અંગ્રેજી ભાષામાં પણ સાહિત્યસર્જન કર્યું છે. વળી, તેઓ મરાઠી તેમજ અપભ્રંશ ભાષાવિદ પણ છે. બહુ ભાષાઓ થકી સુશોભિત તેઓની પ્રજ્ઞા દ્વારા ભારતીય ભાષાઓના સંરક્ષણની વૈચારિક ક્રાંતિ સરજાઈ છે. તેઓ ભારતીય ભાષાઓની શિક્ષાના પ્રવર્તક અને સીમાચિહ્ન બની ચૂક્યા છે.

વર્તમાનમાં ભારતીય સાંસ્કૃતિક જીવનમૂલ્યોનું પતન નિહાળીને તેઓ સંરક્ષાણાત્મક સંવાદનું રણશિંગુ ફૂંકી ચૂક્યા છે. તેથી જ તેઓ જનમાનસની વચ્ચે ભારતીય સંસ્કૃતિના સંરક્ષક, પુરોધા મહાપુરુષ રૂપે આદરણીય સ્થાન ભોગવે છે.

ભારતીય જીવનપદ્ધતિને કચડી નાખવા સદીઓથી વિદેશી ભાષાને આધાર બનાવવામાં આવી છે. આ કુચક્રના કુચાલને ઓળખીને યુગદૃષ્ટા, યુગપ્રવર્તક આચાર્યશ્રી દ્વારા રાષ્ટ્રહિત માટે યુગાંતરકારી મશાલને પુનઃપ્રજ્જવલિત કરવામાં આવી છે. જેમ કે

(૧) રાષ્ટ્રીય ભાષા હિન્દી જ હોવી જોઈએ. (૨) આપણા દેશનું નામ 'ઇન્ડિયા' નહીં, 'ભારત' રાખવું જોઈએ. (૩) ભારતમાં ભારતીય શિક્ષણપદ્ધતિ લાગુ થવી જોઈએ. (૪) સરકારી તથા ન્યાયિક કામકાજમાં ભારતીય ભાષાઓનો ઉપયોગ થાય. અંગ્રેજીનો નહીં. (૫) છાત્ર-છાત્રાઓનું શિક્ષણ અલગ-અલગ કરવું. (૬) ભારતીય પ્રતિભાઓને વિદેશ જતી રોકવા અસરકારક વ્યવસ્થા ગોઠવવી. (૭) મતદાન શતપ્રતિશત (૧૦૦%) થવું જોઈએ. (૮) શિક્ષણના ક્ષેત્રમાં યોગ્યતાનું રક્ષણ થવું જોઈએ.

પોતાના શૈક્ષણિક વિચારોને સાકાર-મૂર્તિમંત કરવા માટે તેઓએ દિગંબર જૈન સમાજને પ્રેરિત કરીને કન્યાકેળવણીના ત્રણ શિક્ષણાલય 'પ્રતિભાસ્થલી'ના નામથી જબલપુર (મ.પ્ર.), ડોંગરગઢ (છત્તીસગઢ) અને રામટેક (મહારાષ્ટ્ર) ખાતે સ્થાપિત કર્યાં છે; જ્યાં હાલ ૧૫૦૦થી વધુ બાલિકાઓ આચાર્યશ્રી દ્વારા પ્રદત્ત શિક્ષણના ઉદ્દેશ્ય-સ્વસ્થ તન, સ્વસ્થ મન, સ્વસ્થ

વચન, સ્વસ્થ ચેતન, સ્વસ્થ વેતન, સ્વસ્થ વતન, સ્વસ્થ ચિંતન, વગેરે વિચારોને ઉચ્ચ શૈક્ષણિક ડીગ્રી પ્રાપ્ત બ્રહ્મચારિણી બહેનો પાસેથી સંસ્કારસિંચન પામી રહી છે. ફલતઃ તેઓ એક મહાન શિક્ષણશાસ્ત્રીના રૂપે શોધાર્થીઓ માટે શોધ/રિસર્ચનો વિષય બન્યા છે.

આચાર્ય વિદ્યાસાગરજી કરુણાસભર, દયાળુ, દેશપ્રેમી સંત છે. દેશમાં વધી રહેલ બેરોજગારી અને વિદેશી પરાવલંબનને જોઈ ગાંધીજીના વિચારોનું સમર્થન કરતાં પ્રત્યેક વ્યક્તિને રોજગાર પ્રાપ્ત થાય અને દેશ સ્વાવલંબી બને તે દિશામાં અહિંસક રોજગારની પ્રેરણા આપી રહ્યા છે. તેઓની ઉદ્‌ઘોષણા છે કે

૧. નોકરી નહીં, વ્યવસાય કરો. ૨. ચિકિત્સા વ્યવસાય નથી, સેવા છે. ૩. અહિંસક કુટિર ઉદ્યોગનું સંવર્ધન કરો. ૪. બેંકોની ભ્રમજાળથી બચો અને બચાવો. ૫. કૃષિ-ખેતી દેશનું અર્થતંત્ર છે. ઋષિ બનો વા કૃષિ કરો.૬. ખાદી અહિંસક છે. હાથશાળ રોજગારમાં વૃદ્ધિ કરે છે, પર્યાવરણની રક્ષા કરે છે અને સ્વાવલંબી બનવાનું અગત્યનું સોપાન છે. ૭. માંસની નિકાસ, મરઘા-ઉછેર અને મત્સ્યઉદ્યોગ ખેતી નથી. તેમનો ખેતીમાં સમાવેશ કરવો એ કપટ છે, છેતરપિંડી છે. ૮. ગૌશાળાઓ, દેશી ગાય સંવર્ધન એ જીવંત કારખાનાઓ છે.

આ સર્વોદયી વિચારો થકી સર્વોદયી સંત તરીકે સ્થાપિત થઈ તેઓએ ખ્યાતિ અર્જિત કરી છે. નવી પેઢીના યુવાનો માટે આચાર્યશ્રી સશક્ત પ્રણેતા રૂપે પુષ્ટિદાયક વિચારો પ્રગટ કરે છે. તેઓના સર્વોદયી રાષ્ટ્રવાદી ચિંતન દ્વારા નવયુવાનો સંચાર, ઉત્સાહ, ઊર્જા, દિશાબોધ પામીને પોતાના જીવનને પરોપકારમાં જોડી રહ્યાં છે. આવા અપરાજેય સાધક મહાપુરુષના ચરણકમળોમાં શત શત ભાવપૂર્વક નમોઽસ્તુ - વંદન.

● ● ●

## કર વિચાર તો પામ

(પાના નં. ૩૫ પરથી ચાલુ...)

મુમુક્ષુતા વિશે અને સાધનાક્રમ વિશે પ. કૃ. દેવે પદ્ધતિસર સમજાવ્યું છે. એ પત્રમાં અંતમાં લખે છે : "માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકુ આ લખ્યું છે; તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ. કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે."

મોક્ષમાર્ગની શરૂઆત, મધ્ય અને અંત 'વસ્તુ-વિચાર'ની આવશ્યકતાથી પ્રભાવિત રહે છે.

તત્ત્વજ્ઞાનના વિચાર થાય તો મુમુક્ષુઓને પ્રશ્નો પણ જાગે એ સ્વાભાવિક છે અને જરૂરી પણ છે. આંક-૬૩૦માં પરમકૃપાળુદેવ કહે છે : " આવાં પ્રશ્નો કેટલાક મુમુક્ષુ જીવને વિચારની પરિશુદ્ધિને અર્થે કર્તવ્ય છે."

'આત્મસિદ્ધિ'માં આઠ ગાથામાં વિચાર વિષે લખાયું છે : 'વિચારવા આત્માર્થીને', 'વિચારતાં વિસ્તારથી', 'ઔષધ વિચાર ધ્યાન', 'સ્થાનક પાંચ વિચારીને', અને શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આત્મતત્ત્વને પ્રાપ્ત કરવા માટે કહે છે : 'બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ'. આ ગાથા - ૧૧૭ તો આત્મસિદ્ધિની કલગી સમાન છે.

'વિચાર' એ કોઈ માનસિક કસરતનો વિષય નથી. કદાચ શરૂઆતમાં એમ ભલે હોય; પણ પછી તે 'દશા' નો વિષય છે. આંક - ૫૩૭માં 'મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને' એમ કહીને મુમુક્ષુઓ કેવા હોય અથવા કેવા હોવા જોઈએ એનો ઈશારો કર્યો છે; અને આવા વિચારવાન જીવોને આંક-૭૪૯માં શીખ આપી છે : "વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે, એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે." વિચારવૃત્તિનું ફળ તો આવી 'દશા' પ્રગટ કરવામાં જ છે.

આપણે વિચારવૃત્તિ અને ત્યાગવૃત્તિનો સમન્વય કરી જીવન સફળ કરીએ એ જ અભ્યર્થના.

# ધ્યાન - બેધ્યાન

ચંદ્રહાસ ત્રિવેદી

મહાત્મા બુદ્ધ શ્રાવસ્તિથી વિહાર કરીને જેતવન તરફ જઈ રહ્યા હતા. સાથમાં તેમનો પટ્ટશિષ્ય આનંદ અને અન્ય શિષ્ય સમુદાય હતો. 'બુદ્ધં શરણં ગચ્છામિ; ધમ્મં શરણં ગચ્છામિ અને સંઘં શરણં ગચ્છામિ'નાં લયબદ્ધ બોલાતાં સૂત્રોથી વાતાવરણમાં એક પ્રકારની દિવ્યતા વર્તાતી હતી. પીળાં એકસરખાં વસ્ત્રોથી શોભતા બૌદ્ધ ભિખ્ખુઓ ખુલ્લે માથે, પાંચ પગલાં આગળ નીચે નજર નાખીને એકસરખી ચાલે ચાલી રહ્યા હતા. તેમની વચ્ચે સૂર્ય સમ શોભતા બુદ્ધ મંથર ગતિએ આગળ વધી રહ્યા હતા. માર્ગની બંને બાજુએ ઊભેલા લોકો પૂર્ણભાવથી બુદ્ધને નીચા નમીને વંદન કરતા હતા. સંઘ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો.

વિહાર વ્યવસ્થિત રીતે થઈ રહ્યો હતો. યાત્રિકોના ધીમા પગરવ સિવાય બીજો કોઈ અવાજ સંભળાતો ન હતો. કોઈ શિષ્ય કે ભિખ્ખુ અન્ય કોઈ ચેષ્ટા કરતો ન હતો કે પરસ્પર વાતચીત પણ થતી ન હતી. એટલામાં બુદ્ધનો એક હાથ જરા ઊંચો થયો. બુદ્ધે હાથથી મુખને આછો સ્પર્શ કર્યો અને હાથ પુનઃ નીચે આવીને યથાવત્ ગોઠવાઈ ગયો. બુદ્ધની સાથે ચાલી રહેલા આનંદના ધ્યાન બહાર બુદ્ધની આટલી નાનીશી ચેષ્ટા પણ ન રહી. તેણે બુદ્ધ સામે જોયું પણ બુદ્ધ તો પુનઃ યથાવત્ ચાલી રહ્યા હતા એટલે આનંદ કંઈ બોલ્યો નહીં. વિહાર થતો રહ્યો.

સંઘ થોડેક દૂર આગળ વધ્યો હશે ત્યાં બુદ્ધે પુનઃ પોતાનો હાથ ઊંચો કર્યો. પહેલાંની જેમ તેમણે મુખ ઉપર હાથ ફેરવ્યો અને પછી નીચે લાવીને યથાવત્ મકી દીધો. આમ જોઈએ તો વાત સામાન્ય હતી પણ અકારણ કોઈ ચેષ્ટા ન કરતા બુદ્ધની આ ચેષ્ટાએ આનંદને વિચાર કરતો કરી મૂક્યો. તેને કારણે આનંદની ચાલવાની ગતિમાં થોડોક ફેર વર્તાયો, જે બુદ્ધના ધ્યાન બહાર ન રહ્યો. બુદ્ધે ચાલતાં ચાલતાં આનંદ તરફ સહેજ જોયું. બુદ્ધના સકલ ભાવોથી માહિતગાર રહેતો આનંદ બુદ્ધના મૂક પ્રશ્નને સમજી ગયો. ચાલતાં ચાલતાં જ તે બોલ્યો, "ભંતે ! અવિનય માટે ક્ષમા પાર્થું છું. પણ આપની અકારણ ચેષ્ટાને ન સમજી શક્યો તેથી મારી ચાલમાં થોડો ફેર પડી ગયો. મનમાં ઊઠેલા પ્રશ્નને કારણે મારી ગતિ બદલાઈ ગઈ."

વિહાર ચાલુ રાખતાં જ બુદ્ધે કહ્યું, "હું ચાલતો હતો તે વખતે મારા મુખ ઉપર એક માંખ આવીને બેઠી. તે વખતે માંખને ઉડાડવા માટે મારો હાથ ઊંચો થઈ ગયો અને માંખ ઊડી જતાં તે નીચે આવી ગયો."

આનંદ કંઈ બોલ્યો નહીં પણ ક્ષણભર તે બુદ્ધની સામે જોઈ રહ્યો. આનંદની જિજ્ઞાસા બુદ્ધના ધ્યાન બહાર રહી શકી નહીં. તેમણે આગળ વધતાં કહ્યું, "આનંદ, માંખને ઉડાડવા માટે પહેલીવાર મારો હાથ ઊંચો થઈ ગયો હતો. બીજી વાર મેં જાણી સમજીને હાથ ઊંચો કરીને મુખ ઉપર ફેરવ્યો હતો."

આનંદે હવે પૂર્ણ વિનય કરતાં પૂછ્યું, "ભંતે ! માંખ તો તમારા મુખ ઉપરથી ઉડી ગઈ હતી. ફરીથી માંખ મોં ઉપર આવીને બેઠી ન હતી. છતાંય તમે ફરીથી હાથ ઊંચો કરીને મોં ઉપર ફેરવ્યો તે વાત મને સમજાઈ નહીં."

બુદ્ધે મર્માળુ સ્મિત કરતાં કહ્યું, "તારા પ્રશ્નથી મને ખુશી છે. એ વાત સમજવા જેવી છે. માંખ

આવીને મારા મુખ ઉપર બેઠી, તેનો મારા ગાલને સ્પર્શ થતાં, કંઈક ન ગમતું બન્યાની મારા ચિત્તને ખબર થઈ અને તેણે પ્રતિક્રિયા કરતાં મારો હાથ અજાણતાં ઊંચો થઈ ગયો અને તેણે માંખ ઉડાડી અને તે નીચે આવી ગયો. તત્કાળ મારા જાગ્રત ચિત્તે તેની નોંધ લીધી. મારા ધ્યાન બહાર આમ હાથ ઊંચો થઈ ગયો તે બરોબર ન થયું. આવો પ્રમાદ ભિખ્ખુને ન પાલવે. ફરીથી મારા ધ્યાન બહાર કોઈ ચેષ્ટા ન થઈ જાય તેની મારા અંતઃચિત્તને સૂચન આપવા માટે મેં પૂર્ણ જાગરૂકતામાં હાથને ઉપર લાવી, માંખ ઉડાડવાની ચેષ્ટા કરી નીચે લાવવાની સૂચના આપી. તેથી બીજી વાર મારો હાથ ઊંચો થયો, મોં ઉપર ફર્યો અને નીચે આવી ગયો. પહેલી વખત મારો હાથ મારા ધ્યાન બહાર ઊંચો થયો હતો, બીજી વાર તે મારી સૂચનથી ઊંચો થયો. બીજી વારની મારી ચેષ્ટા પૂર્ણ જાગરૂકતામાં મેં કરી હતી.''

આમ જોઈએ તો ક્રિયા એકની એક લાગે પણ બે વચ્ચે તાત્ત્વિક રીતે ઘણો ફેર હતો. એક ક્રિયા ધ્યાન બહાર થઈ. બીજી ક્રિયા ધ્યાનપૂર્વક થઈ. ધ્યાનની આ ગહન વાત છે. જાગરૂકતા ધ્યાનનું પ્રથમ ચરણ છે.

આપણું મોટા ભાગનું જીવન જાગરૂકતા વિના જિવાતું રહે છે તેથી આપણે ઘણું ન કરવા જેવું કરી બેસીએ છીએ અને કરવા જેવું ચૂકી જઈએ છીએ. મોટે ભાગે આપણું જીવન સંજ્ઞાનું જીવન હોય છે. આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન એ ચાર મૂળભૂત સંજ્ઞાઓ છે. તેના પ્રેર્યા કે તેના દોર્યા આપણે જીવીએ છીએ.

બીજી રીતે આપણે પ્રતિક્રિયાનું જીવન જીવીએ છીએ. કોઈએ કંઈ કર્યું, આપણે કંઈ જોયું તેની પ્રતિક્રિયા કરીને આપણે જીવીએ છીએ.

આપણે જીવનમાં તણાતા રહીએ છીએ વધારે અને તરીએ છીએ ઓછું. સભાનતાપૂર્વક આપણે ભાગ્યે જ જીવીએ છીએ. સંસાર શું કે ધર્મ શું, આપણે સુખ-શાંતિમાં જીવવું હોય તો ધ્યાનપૂર્વકનું જીવન આવશ્યક બની જાય છે.

જાગરૂકતા એ ધ્યાન છે એ વાત ખરી, પણ વિવેક વિનાની જાગરૂકતા ઘણી વાર દુર્ધ્યાન બની જાય છે. એમ તો સરોવરને કિનારે બેઠેલો બગલો પૂર્ણ જાગરૂકતાથી જતી-આવતી બધી માછલીઓને જોયા કરે છે અને લાગ જોઈને માછલી ઉઠાવે છે. શિકારી પૂરી સજગતા રાખીને પોતાનું નિશાન સાધે છે અને શિકાર કરે છે. જે જાગરૂકતાનો હેતુ કોઈનું અહિત કરવાનો હોય, કોઈને મારવાનો હોય, કોઈને પરેશાન કરવાનો હોય તે જાગરૂકતાને - તે ધ્યાનને ધર્મમાં દુર્ધ્યાન કહેવામાં આવે છે. દુર્ધ્યાન આદરવાલાયક નથી, પણ છોડવા જેવાં હોય છે. વિનાશ વેરે તેવું ધ્યાન તો, હોય તેના કરતાં ન હોય તો વધારે સારું.

માખી બેસે અને તેને ઉડાડવા માટે ધ્યાન બહાર હાથ ઊંચો થઈ જાય તેને બેધ્યાન કહેવાય. માખી અંગ ઉપર બેઠી છે અને તેને ઉડાડવી છે - એ લક્ષ્ય સાથે હાથ ઊંચો થાય તે ધ્યાન કહેવાય, અને બેઠેલી માખીને મારવાના ઇરાદાથી જાગરૂકતાપૂર્વક હાથ ઊંચો થાય તેને દુર્ધ્યાન કહેવાય. આટલો ભેદ સમજવા જેવો છે. જાગરૂકતા સારી પણ વિવેક વિનાની જાગરૂકતા ખોટી. ■

- **જો પરમાત્મામાં અને ગુરુમાં વિશ્વાસ હશે તો આત્મવિશ્વાસ સહજતાથી આવી જ જશે.**
- **જો હું મારા પ્રભુનો હોઉં અને પ્રભુને મારા માનતો હોઉં, તો મારા પ્રભુએ જે કહ્યું તે જ મારું કર્તવ્ય બની જાય અને એમાં જ મારું કલ્યાણ સમાયેલું છે.**
- **નિર્વાણ એટલે આત્માને હવે પછી કોઈ દેહમાં જન્મ ન લેવો પડે, ફરીથી મન-વચન-કાયાના યોગ પ્રાપ્ત ન થાય.**

# આયંબિલ ઓળીનું મહત્ત્વ

સંકલન : પારુલબેન ભરતકુમાર ગાંધી

સમ્યક્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ એ મોક્ષમાર્ગ છે. ઉપરના ચાર તત્ત્વોની સમ્યક્ પ્રકારે આરાધના કરવાથી મોક્ષ મળે છે. કર્મબંધનથી બંધાયેલો આત્મા ધર્મના ચાર પ્રકારના આચરણથી કર્મમુક્ત બની મોક્ષમંજિલને પ્રાપ્ત કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનમાં કહ્યું છે કે –

**नाणेण जाणई भावे, दंसणेन य सद्दहे ।**

**चरित्तैण य गिष्हाइ, तवेण परिसुज्झई ॥३५॥**

અર્થાત્ સમ્યક્જ્ઞાને કરીને નિત્ય, અનિત્ય, શાશ્વત, અશાશ્વત, શુદ્ધ, અશુદ્ધ, હિત, અહિત, લોક, અલોક, આત્મા, અનાત્મા ઇત્યાદિ સર્વ વસ્તુઓનું સ્વરૂપ જાણે. સમ્યગ્દર્શને કરીને, જ્ઞાન વડે જે સ્વરૂપ જાણ્યું છે તેને તથારૂપે સાચું કરીને દઢ માને તથા શંકા વગેરે દોષરહિત રહે. સમ્યક્ચારિત્ર વડે દર્શને કરી જે જે દઢ માન્યું છે તેમાંથી આત્મહિતકર મોક્ષદાતા માલૂમ પડે તેને આચરણમાં ઉતારે અને છોડવા યોગ્ય છોડે. પંચમ ગતિ મેળવવા કઠિન પુરુષાર્થ આદરે. સમ્યક્ તપે કરીને ચારિત્ર વડે જે જે ઉપાયો આદર્યા છે તે વધતા જતા શુદ્ધ ઉત્સાહથી નિભાવી પાર પાડે.

આ ચારમાંથી જ્ઞાન અને દર્શન તો આત્માના નિજ ગુણ છે. તે મોક્ષ ગયા પછી પણ સર્વકાળે શાશ્વત રહે છે. એ બંને ગુણ સહચારી છે. સૂર્યનો તાપ અને પ્રકાશ બંને એક-બીજાની સાથે જ રહે છે તેવું જ આ બંનેનું છે. એ બંનેને નિર્મળ કરી સંપૂર્ણતા પ્રાપ્ત કરવાના સાધન ચારિત્ર અને તપ છે. એ બંને ગુણો સાદિ સાંત છે અર્થાત્ મોક્ષપ્રાપ્તિ થતાં સુધી તેની આવશ્યકતા છે. જેમ માટીમાં મળી ગયેલું સોનું, અગ્નિના જોરે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરે છે અને માટી જુદી થઈ જાય છે તે પ્રમાણે કર્મરૂપી મેલવાળો આત્મા તપરૂપ અગ્નિથી કર્મોને બાળી-પ્રજાળી આત્માના નિજ સ્વરૂપ (સિદ્ધ પર્યાય)ને પ્રાપ્ત કરે છે. ઈન્દ્રિયોનું દમન કરવાને, કર્મરૂપી મેલ બાળવાને અને આત્માને અંકુશમાં રાખી ઉત્તમ માર્ગ તરફ પ્રયાણ કરવા માટે તપ અમોઘ સાધન છે. તપના પ્રભાવે અનેક ચમત્કારી લબ્ધિઓ તથા સિદ્ધિઓ મળે છે. કર્મરૂપી વગડાને બાળવા માટે તપ એ સાક્ષાત્ દાવાનળ સમાન છે, તપ એ કામદેવરૂપી મહાન શત્રુનો નાશ કરવામાં મહાદેવરૂપ છે, તૃષ્ણારૂપી વેલને ઉખેડી નાખનારું જબરું હથિયાર છે. લૂલીબાઈ (જીભ) પર લગામ લગાવનાર આ તપ ગાઢા-ચીકણા કર્મોનું પણ નિકંદન કરી અલ્પકાળમાં મોક્ષસ્થાનને પ્રાપ્ત કરાવી શકે છે.

આવા તપના ભગવાને બાર પ્રકાર બતાવ્યા છે. છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના આભ્યંતર તપ. બાહ્ય તપ અને આભ્યંતર તપ એ બારે પ્રકારના તપનો સમાવેશ આયંબિલમાં થઈ જાય છે, એટલું જ નહિ બાર ભાવનાઓને આયંબિલ તપ સાથે જોડી ભાવથી ભરપૂર બની, અંતરના ઉલ્લાસથી જો આયંબિલ તપ - ઓળી કરવામાં આવે તો તે કરોડો કર્મોની નિર્જરા કરનાર બની રહે છે.

આવા આયંબિલ તપની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરનારના દષ્ટાંતો આગમોમાંથી મળી આવે છે. આજે પણ વર્ધમાન તપની ઓળીની આરાધના અનેક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ ભાવથી કરી રહ્યા છે. આવા કેટલાક ભવ્યાત્માઓએ આયંબિલની કેવી આરાધના કરી તે આગમના

આધારે જોઈએ : -

૧. શ્રેણિક રાજાની મહારાણી મહાસેન કૃષ્ણાએ દીક્ષા લઈ આયંબિલ વર્ધમાન તપ કર્યું, જેના ૧૪ વર્ષ થયા. તેઓ સકળ કર્મ ખપાવી મોક્ષે ગયા. **- અંતગડસૂત્ર**

૨. શ્રી ધન્ના અણગારે દીક્ષા લઈ યાવત્જીવન(૯ માસ) છઠ્ઠ ઉપવાસ કર્યા અને પારણામાં આયંબિલ કર્યા. ભગવાને સ્વમુખે પ્રશંસા કરી. તેમણે ૧૪૦૦૦ સંતોથી વધુ નિર્જરા કરી, ભવકટ્ટી કરી, સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી એક ભવ કરી મોક્ષે જશે. **— અનુત્તરોવવાઈ**

૩. શ્રી દ્રૌપદીસતીએ છ માસ છઠ્ઠના પારણે આયંબિલ કર્યા, જેનાથી પદ્મનાભ દ્વારા શિયળનું સંકટ આવેલ તે દૂર થયું, નારદની દુર્બુદ્ધિ સદ્બુદ્ધિ થઈ. **— જ્ઞાતાસૂત્ર**

૪. આવી જ રીતે તપ કરતાં ગોશાલકને તેજોલેશ્યા લબ્ધિ પ્રાપ્ત થઈ. **— ભગવતીસૂત્ર**

૫. આવી જ રીતે તપ કરતા અંબડ સંન્યાસીને અવધિજ્ઞાન, વૈક્રિયલબ્ધિ અને વીર્યલબ્ધિ ઉત્પન્ન થઈ. તે દરરોજ ૧૦૦ રૂપ બનાવી ૧૦૦ ઘેર વસતા અને તેમને જૈન બનાવતા. **— ઉવવાયી**

૬. તામલી તાપસે ૬૦ હજાર વર્ષ ૧ ધાન્ય ચોખાનું આયંબિલ કર્યું, જેને ૨૧ વખત ધોઈને વાપરતા. તેઓ પરિત સંસારી, સુલભબોધિ, ચરમશરીરી અને આરાધક બની ગયા. **- ભગવતીસૂત્ર**

૭. શ્રેણિક રાજાની કાલી આદિ રાણીઓએ દરેક તપની ચાર પરિપાટી કરી તેમાં પહેલી પરિપાટીના પારણામાં વિગઈ વાપર્યું, બીજી પરિપાટીના પારણામાં વિગઈત્યાગ, ત્રીજી પરિપાટીના પારણામાં વિગઈનો લેપ ત્યાગ અને ચોથી પરિપાટીમાં આયંબિલ કર્યો. આમ, આહારસંજ્ઞા પર કાબૂ કરી, જીભ - રસસંજ્ઞા જીતી પરિણામ સ્વરૂપ મોક્ષ પામ્યા. **— અંતગડસૂત્ર**

૮. સુબાહુકુમારના અધ્યયન પ્રમાણે આયંબિલ તપથી પછીના ભવમાં ઘણા સાધુઓને પણ વલ્લભ બની, સુંદર કાયા પ્રાપ્ત કરે છે. **— સુખવિપાક**

૯. બાળવિધવાઓ વગેરે અનિચ્છાએ પણ શિયળનું પાલન કરવા વિગયત્યાગરૂપ આયંબિલ કરે છે, પરિણામે ૬૪૦૦૦ વર્ષનું દેવાયુષ્ય પામે છે. **— ઉવવાયી સૂત્ર**

૧૦. જૈનેત્તર ગૃહસ્થ પાણી ઉપરાંત ફક્ત એક દ્રવ્ય વાપરી આયંબિલ કરે છે. તેઓ મંદકષાયી બની, પ્રકૃતિની ભદ્રતાએ ૮૪૦૦૦ વર્ષનું દેવાયુષ્ય પામે છે. **— ઉવવાયી સૂત્ર**

૧૧. ભગવાન મહાવીરસ્વામીએ ૧૨૦ ઉપવાસના પારણામાં ફક્ત બોરનું ચૂર્ણ વાપરી આયંબિલ તપ કર્યું અને ઘોર કર્મો ખપાવ્યા. **- આચારાંગ સૂત્ર**

૧૨. શ્રી સુંદરી મહાસતીએ ૬૦ હજાર વર્ષ આયંબિલ કર્યા તેથી ભરતની મોહબુદ્ધિ દૂર થઈ અને સુંદરીની દીક્ષાની અંતરાય ટળી - એ ઉલ્લેખ **ઋષભદેવચરિત્ર**માં મળે છે.

આ ઉપરાંત શ્રીપાળચરિત્રમાં આવે છે કે શ્રીપાળે નવ વખત આયંબિલની ઓળી કરી. પહેલી જ ઓળીમાં તેમનો ભયંકર કુષ્ટ રોગ દૂર થયો. કાયા કંચનવર્ણી થઈ. આ ઉપરાંત દ્વારિકામાં પણ ૧૨ વર્ષ સુધી આયંબિલ આદિ તપ ચાલતું રહ્યું, જેને કારણે દ્વૈપાયન ઋષિનો દ્વારિકાને બાળવાનો સંકટ ટળતો રહ્યો.

**આયંબિલ તપમાં ૧૨ તપનો સમાવેશ કઈ રીતે થાય તે જોઈએ : -**

૧. **અનશન :** આયંબિલ કરનાર બે રાત્રિ અને ૧ દિવસના ૩૬ કલાકમાં એક જ વખત જમે છે. આમ, આ તપ આહારત્યાગની આરાધના દ્વારા થાય છે. તેથી આયંબિલ કરનારને અનશનની આરાધના થાય.

૨. **ઊણોદરી :** આયંબિલના દ્રવ્યો સ્વાદ વિનાના હોય છે તેથી પેટ ભરીને ખવાતું નથી. આમ, ઊણોદરીનો લાભ મળે છે.

૩. **વૃત્તિસંક્ષેપ :** આયંબિલમાં દ્રવ્યોની મર્યાદા કરવી અથવા એક ધાન્યની કરવી અથવા તો જે મળે તેમાં ચલાવી લેવું. આમ કરવાથી વૃત્તિસંક્ષેપ થાય છે.

૪. **રસપરિત્યાગ :** આયંબિલમાં જે પાંચ વિગય અને છ રસનો ત્યાગ કરવામાં આવે છે તેનાથી આની આરાધના થાય છે.

૫. **કાયકલેશ :** આયંબિલ કરતી વખતે એક આસને બેસી, ભૂખ લાગે તો પણ ફરીથી ન ખાવું, સ્વાદ વગરનું ખાવું, વંદણા આદિ ધાર્મિક ક્રિયા કરતી વખતે કાયાને કષ્ટ પડે છે તેથી કાયકલેશની આરાધના થાય છે.

૬. **પ્રતિસંલીનતા :** આયંબિલ કરી હોય ત્યારે ગરમ વસ્તુ જ મળે તેવો આગ્રહ ન રાખે, જે મળે તેમાં ચલાવી લે. ક્રોધ આદિ કષાયો પર સંયમ રાખે. વધારે જગ્યાએ ન ફરતા અમુક જગ્યાની જ છૂટ રાખી ક્ષેત્રસંવર કરે વગેરેથી પ્રતિસંલીનતાની આરાધના.

૭. **પ્રાયશ્ચિત્ત :** પૂર્વે કરેલા પાપકાર્યોના પ્રાયશ્ચિત્તરૂપે આયંબિલ કરાય છે. તેમ જ ઘણીવાર રસેન્દ્રિય પર સંયમ રાખવા પણ આયંબિલની આરાધના થઈ શકે છે.

૮. **વિનય :** આયંબિલ કરી હોય ત્યારે સાદા વસ્ત્રો પહેરવા, ગુરુ-ગુરુણી વગેરેની વૈયાવચ્ચ, વડીલોની સેવા કરવી વગેરે દ્વારા વિનય ધર્મની આરાધના થઈ શકે.

૯. **વૈયાવૃત્ય :** બીજા તપસ્વીઓની સેવા કરવી, તેમને પીરસવું, પરઠવું વગેરે કાર્યો દ્વારા આ તપનો લાભ લઈ શકાય.

૧૦. **સ્વાધ્યાય :** આયંબિલ કરી હોય તેની સ્મૃતિ રાખી, સાંસારિક કામો બને તેટલા ઓછા કરી વ્યાખ્યાન, વાંચના, પારાયણ વગેરેની આરાધના દ્વારા સ્વાધ્યાયની આરાધના.

૧૧. **ધ્યાન :** નવપદની ઓળી કરતાં જે તે તપના જાપ કરવા, લોગસ્સ, નમોત્થુણં વગેરેમાં મનને એકાગ્ર કરી આરાધના કરતા ધ્યાનની આરાધના થઈ શકે છે.

૧૨. **કાયોત્સર્ગ :** કાયાનો મમત્વભાવ છૂટે તો જ આયંબિલની આરાધના થઈ શકે. વળી, આયંબિલને કારણે દેહમાં અશાતા થાય, દુર્બળતા આવે તો પણ અંતરમાં અહોભાવ ઓછો ન થાય. આમાં કાયાની મમતા છોડી કાયોત્સર્ગની આરાધના થાય.

પન્નવણા સિદ્ધાંતમાં કહ્યું છે કે સામાન્ય જીવો સમયે સમયે ૭ કે ૮ કર્મો બાંધે છે. તેમાં ૧ કર્મ મુખ્ય હોય છે અને ૭ કર્મ ગૌણ હોય છે. એવી જ રીતે આયંબિલ કરનાર મુખ્યત્વે રસપરિત્યાગ તપની આરાધના કરે પરંતુ પોતાના મન- વચન - કાયાના યોગને અને ઉપયોગને જેટલા જોડવામાં આવે એટલો જ બીજા તપનો પણ લાભ થાય છે. માટે જો જીવ જાગૃતિ રાખે, પળ-પળ આત્માની યાદ લાવી આરાધના કરે તો આયંબિલ દ્વારા ક્રોડો કર્મોની નિર્જરા કરી શકે છે.

આયંબિલ કે અનશન આદિ તપ કરતી વખતે

**(અનુસંધાન પાના નં. ૨૬ પર...)**

# કર વિચાર તો પામ

**નવનીતભાઈ પી. શાહ (ચેન્નાઈ)**

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'વિચાર' શબ્દ ઉપર બહુ ભાર મૂક્યો છે. શરૂઆતમાં વીસ વર્ષની ઉંમરે 'મહાનીતિ'માં લખે છે : (૪૨૪) 'વિચારશક્તિને ખીલવું.' અને પછી ૩૨ વર્ષની જ્ઞાનગંભીર વયે લખાયેલા પત્રાંક - ૮૫૬માં તો તેઓશ્રીએ વિચારને એક બળ તરીકે ગણાવ્યું છે, અને પાંચ બળ ગણાવ્યા તેમાં પ્રથમ 'જિજ્ઞાસાબળ' પછી બીજા નંબરે 'વિચારબળ' બતાવ્યું છે અને પછી વૈરાગ્ય, ધ્યાન અને જ્ઞાનબળનો ક્રમ બતાવ્યો છે. જ્યારે કોઈ જીવનું ભવિતવ્ય જાગે ત્યારે પહેલાં તો વસ્તુસ્વરૂપની જિજ્ઞાસા જાગે છે : 'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?' એવા પ્રશ્ન ઊભા થાય છે.

અને પછી 'એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા.' મોક્ષમાર્ગની શરૂઆત વિચારથી થાય છે અને એ વિચારને વિવેકપૂર્વક કરવાના આધારસ્તંભ છે : સદ્‌ગુરુ અને સત્શાસ્ત્ર. 'સત્સંગ અને વિચારનો યોગ ન મળે તો આત્મગુણ પ્રગટ થતો નથી'. (ઉપદેશછાયા-૪)' અને એના ફળસ્વરૂપ 'વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.' (આંક-૪૯૨).

મોક્ષમાર્ગની શરૂઆત વિચારથી કેવી રીતે થાય છે તે પ.કૃ.દેવ આખી સાંકળ બહુ સરસ રીતે બતાવી કહે છે : ''વિચાર વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના સુપ્રતીતિ એટલે સમ્યક્ત્વ નહીં, સમ્યક્ત્વ વિના ચારિત્ર ન આવે, અને ચારિત્ર ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન ન પામે, અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી મોક્ષ નથી; એમ જોવામાં આવે છે.'' (વ્યાખ્યાનસાર - ૧ - ૧૬૩)

આંક-૫૬૮માં પરમકૃપાળુદેવ લખે છે : 'આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી.' એટલે જ 'આત્મસિદ્ધિ'ની પહેલી જ ગાથામાં કહે છે : 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' આત્માનું અને મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ સમજવું, એનો યથાર્થ નિર્ણય થવો આવશ્યક છે અને તે વિચારમંથનથી જ થઈ શકે છે.

મોક્ષનો ઉપાય એટલે કે 'સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં' (આંક. ૫૬૯). પણ આ જ વાક્યમાં પ.કૃ. દેવ લાલબત્તી ધરે છે : 'અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.' આપણું સમગ્ર જીવન અસત્પ્રસંગોમાં વેડફાઈ જાય છે અને તેથી સત્સંગ માટે બહુ ઓછો સમય બાકી રહે છે અને તે પણ જાતી ઉંમરે થાય છે કે જ્યારે વિચારશક્તિ શિથિલ થઈ હોય છે.

'પુદ્‌ગલ, પરમાણુ અને તેના પર્યાયાદિનું સૂક્ષ્મપણું છે. તેના વારંવાર વિચારથી સ્વરૂપ સમજાય છે, અને તે પ્રમાણે સમજાયાથી તેથી સૂક્ષ્મ અરૂપી, એવો જે આત્મા તે સંબંધી જાણવાનું કામ સહેલું થાય છે' (વ્યાખ્યાનસાર-૧-૧૭૯)

સૂક્ષ્મ વસ્તુસ્વરૂપનો વારંવાર વિચાર કરવાનો આ બોધ પ. કૃ. દેવે મોરબીમાં મુમુક્ષુઓને વિ. સંવત ૧૯૫૪-૫૫માં પ્રત્યક્ષ સત્સંગમાં આપ્યો હતો.

ખંભાતના મુમુક્ષુઓને પત્રાંક-૨૫૪માં

(અનુસંધાન પાના નં. ૨૯ પર...)

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા સંચાલિત છાશકેન્દ્રો અંગે વિજ્ઞપ્તિ

આધ્યાત્મિક સાધના સાથે લોકોપકાર કરવાની પણ સંસ્થાની નીતિ રહી છે. ઉનાળામાં જરૂરતમંદ કુટુંબોને છાશ મળી રહે તે હેતુથી ઘણા વર્ષોથી પૂજ્યશ્રી આત્માનંદજીની શુભનિશ્રામાં સંસ્થા દ્વારા અનેક જગ્યાએ છાશકેન્દ્રો ચલાવવામાં આવે છે. એક દિવસનો છાશકેન્દ્રો ચલાવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૫૦૦૦ આવે છે. આપ જેવા દાનવીર મહાનુભાવોના આર્થિક સહયોગથી વર્ષોથી છાશકેન્દ્રો ચાલી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આપનો અમૂલ્ય સાથ-સહકાર આપી પરોપકારના યજ્ઞમાં યત્કિંચિત આહુતિ આપવા અમો આપને નમ્ર નિવેદન કરીએ છીએ.

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૫-૪-૨૦૧૮ | વૈશાખ સુદ દશમ | બુધવાર | સંસ્થા સ્થાપનાદિન તથા પ્રભુ મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિન |
| ૧૪-૭-૨૦૧૮ | અષાઢ સુદ બીજ | શનિવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ |
| ૨૭-૭-૨૦૧૮થી ૨૯-૭-૨૦૧૮ | અષાઢ સુદ પૂનમ | શુક્રવારથી રવિવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૬-૯-૨૦૧૮થી ૧૩-૯-૨૦૧૮ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૮ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૪-૯-૨૦૧૮થી ૨૩-૯-૨૦૧૮ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શુક્રવારથી રવિવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૮ | આસો વદ એકમ | ગુરુવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૫-૧૧-૨૦૧૮થી ૮-૧૧-૨૦૧૮ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | સોમવારથી ગુરુવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૨-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પાચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૩-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પૂનમ | શુક્રવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૮થી ૩-૧૨-૨૦૧૮ | - | શનિવારથી સોમવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |

## શ્રી મહાવીર જન્મકલ્યાણકદિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

તા. ૨૯-૩-૨૦૧૮ના મહાવીર જન્મકલ્યાણકદિન નિમિત્તે સવારે પૂજ્ય બહેનશ્રી સહિત સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ અમદાવાદ મુકામે આયોજિત તત્ત્વચિંતક ડૉ. કુમારપાળ દેસાઈના સ્વાધ્યાયનો લાભ લીધો હતો.

બપોરે બા. બ્ર. આદ. સુરેશજીએ 'ભગવાન મહાવીરનો જીવનસંદેશ' વિષય અંતર્ગત પ્રભુ મહાવીરનું જીવનચરિત્ર, તેઓએ સમાજને ભેટ આપેલ અહિંસા, વીતરાગતા, અનેકાંત વગેરે સિદ્ધાંતો વિશે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. રાત્રે પ્રભુ મહાવીરના ભક્તિપદો દ્વારા સૌએ પ્રભુ મહાવીર પ્રત્યે પોતાના અંતરના ભાવ અભિવ્યક્ત કર્યા હતા.

## સંસ્થામાં શ્રી શાશ્વતી ચૈત્ર માસની ઓળીની આરાધના સંપન્ન

तपसा निर्जरा च । તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. कर्मक्षयार्थम् तप्यतः इति तपः । કર્મક્ષયાર્થે તપવું તેને તપ કહે છે. શ્રી જિનેન્દ્ર ભગવાને બતાવેલા બાર પ્રકારના તપ આપણે આપણી શક્તિ અનુસાર કરવા જોઈએ. આપણી સંસ્થામાં નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ શાશ્વતી ચૈત્ર માસની ઓળી (આયંબિલ તપ)ની આરાધના કરી હતી : - (૧) શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી - કોબા, (૨) શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ - રાજકોટ, (૩) બા. બ્ર. છાયાબેન શેઠ - કોબા, (૪) શ્રી હંસાબેન ભાવસાર - કોબા, (૫) શ્રી રીટાબેન મહેતા - કોબા, (૬) શ્રી મહેન્દ્રભાઈ ખંધાર - (USA), (૭) શ્રી વીણાબેન ખંધાર - (USA), (૮) શ્રી વિજયભાઈ એન. પટેલ (મેનેજરશ્રી), કોબા, (૯) શ્રી ચંપાબેન વિજયભાઈ પટેલ - અમદાવાદ, (૧૦) શ્રી રમણભાઈ શાહ - ગાંધીનગર, (૧૧) શ્રી રેખાબેન ચંપકભાઈ પરમાર્થી - ખંભાત, (૧૨) શ્રી પ્રતિભાબેન દીપકભાઈ શેઠ, મુંબઈ (૧૩) શ્રી મીનાબેન બિપીનભાઈ મણિયાર - અમદાવાદ, (૧૪) શ્રી પારૂલબેન બાબુલાલ શાહ, (૧૫) શ્રી કામિનીબેન વલેરા.

આ ઉપરાંત અનેક ભાઈ-બહેનોએ શક્તિ અનુસાર આયંબિલ કર્યા હતા. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ્ હસ્તે તપસ્વી ભાઈ-બહેનોના પારણા કરવામાં આવ્યા. આ પ્રસંગે ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર તરફથી રાબની પ્રભાવના તેમજ આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી (રાજકોટ) તરફથી શેરડીના રસની પ્રભાવના કરવામાં આવી હતી.

## સંસ્થામાં બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

સંસ્થાના નિમંત્રણને માન આપી બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ સંસ્થામાં પધારતા આનંદની લાગણી પ્રસરી ગઈ. તા. ૨૫-૩-૨૦૧૮થી તા. ૨૮-૩-૨૦૧૮ દરમિયાન ચતુર્દિવસીય સ્વાધ્યાયશ્રેણી અંતર્ગત બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈએ 'સહજાનંદ ડાયરી' ગ્રંથના આધારે પૂ. સહજાનંદજી વર્ણીજી મહારાજની અંતરંગ સાધનાના ભાવોને તત્ત્વસભર, અનેક દૃષ્ટાંતો સહ લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કર્યા હતા. પૂ. ગોકુળભાઈના સ્વાધ્યાય દ્વારા સૌને સાધનામાર્ગમાં આગળ વધવાની પ્રેરણા મળી. સૌએ સાત્ત્વિક આનંદનો અનુભવ કર્યો.

## સંસ્થામાં પૂ. શુકદેવાનંદજી તથા પૂ. હંસાબાના સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

સંસ્થામાં તા. ૩૧-૩-૨૦૧૮ અને તા. ૧-૪-૨૦૧૮ના રોજ પૂજ્ય શુકદેવાનંદજી મહારાજ તથા

પૂજ્ય સાધ્વી હંસાબાના સત્સંગ-સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ તારંગા પાસે આવેલા ભાલુસણા મુકામે આશ્રમમાં આધ્યાત્મિક અને લોકોપકારની પ્રવૃત્તિઓ કરે છે. દેશભરમાં સત્સંગ અને ભાગવતકથા દ્વારા તેઓએ લોકોમાં ધર્મરુચિ જગાવી છે. વ્યસનમુક્તિ માટેનો તેઓનો પ્રયાસ સરાહનીય છે.

'યોગવાસિષ્ઠ રામાયણ'ના આધારે પૂ. શુકદેવાનંદજી મહારાજે ચિત્તની શાંતિ, ચિત્તનું ચૈતન્ય સાથે જોડાણ, બ્રહ્મની વ્યાપકતા, અધ્યાત્મના ક્ષેત્રે પ્રામાણિકતાનું મહત્ત્વ, સહજસમાધિની પ્રાપ્તિના ઉપાયો, અંતઃકરણની શુદ્ધિ, પરાભક્તિની પ્રાપ્તિમાં વિઘ્નો વગેરે મુદ્દાઓની અનેકવિધ દૃષ્ટાંતો સહ સમજૂતી આપી હતી.

પૂજ્ય સાધ્વી હંસાબાએ રસસભર શૈલીમાં, સુમધુર કંઠે સંતોના અવતરણો સહ મહાપુરુષોના દૃષ્ટાંતો પ્રસ્તુત કરતાં તૃષ્ણાની વિચિત્રતા, જ્ઞાનીપુરુષોની નિર્લેપતા, આત્મભાવના, માનવજીવનનું ધ્યેય વગેરે મુદ્દાઓ વિશે સુંદર છણાવટ કરી હતી.

## સંસ્થાને સમર્પિત કર્મચારીઓનું અભિવાદન

કોઈ પણ સંસ્થાના વિકાસમાં તેના સમર્પિત કર્મચારીઓનું યોગદાન મહત્ત્વનો ભાગ ભજવે છે. કર્મચારીઓ જેટલા આનંદિત અને ઉત્સાહિત રહે તેટલા પ્રમાણમાં સંસ્થા વિકાસના પંથે આગળ વધતી રહે છે. સંસ્થા આયોજિત તીર્થયાત્રાઓ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજી જે તે તીર્થના કર્મચારીઓને દાન આપવાની સત્પ્રેરણા આપતા રહે છે. કર્મચારીઓનો જીવનનિર્વાહ યોગ્ય રીતે ચાલે તે જોવાની સંસ્થાની ફરજ છે તો નિષ્ઠાપૂર્વક કાર્ય કરવું તે કર્મચારીઓની ફરજ છે.

સંસ્થા તથા પૂજ્યશ્રીને સમર્પિત આદ. કિશોરભાઈ શેઠ તથા આદ. ઉષાબેન શેઠ ઘણા વર્ષોથી સંસ્થાને તેઓની સેવાઓનો લાભ આપે છે. નિઃસ્વાર્થભાવે સેવાની સાથે તેઓ સાધનામય જીવન જીવી રહ્યા છે. તેઓએ સાદગી, સરળતા, નિખાલસતા, વિનય, સંતોષ જેવા અનેકવિધ સદ્‌ગુણોરૂપી જળ દ્વારા પોતાની જીવનરૂપી લત્તાને નવપલ્લવિત રાખી છે. પૂજ્યશ્રીના જીવનસંદેશને ઝીલીને આ ધાર્મિક દંપતીએ શ્રી મહાવીર જન્મકલ્યાણકદિન નિમિત્તે સંસ્થાના નાના-મોટા દરેક કર્મચારીને માતબર રકમની પ્રભાવના કરીને પોતાની ઉદારતાનો પરિચય આપ્યો છે; જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે અને સાધનાયુક્ત મંગલમય જીવનની શુભેચ્છાઓ અર્પે છે.

## આપણી સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરનો વાર્ષિક અહેવાલ

આપ સૌને વિદિત છે તેમ મેડિકલ સેન્ટરમાં સોમવારથી શનિવાર દરરોજ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન ડૉ. મોહિતભાઈ શાહ (ફેમિલી ફીઝીશીયન) સેવાઓ આપે છે તેમજ ડૉ. આલાપ શાહ, સોમવાર (ઓર્થોપેડિક્સ - હાડકાના દર્દોના નિષ્ણાંત), ડૉ. કૌસ્તુભ ભાડ, મંગળવાર(ડેન્ટીસ્ટ, દાંતના દર્દોના નિષ્ણાંત), ડૉ. રુચિર શાહ (ઈએનટી- કાન, નાક અને ગળાના દર્દોના નિષ્ણાંત) અને ડૉ. મનિષ જોશી, ગુરુવાર (ઓપ્થેલ્મોલોજીસ્ટ—આંખના દર્દોના નિષ્ણાંત) ઉપરોક્ત સમયે અઠવાડિયામાં એક-એક દિવસ સેવાઓ આપે છે.

ગત ૧૨ મહિનામાં મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર દર્દીઓની સંખ્યા આ મુજબ છે : -

| દર્દીની સંખ્યા | |
|---|---|
| • ફેમિલી ફીઝીશીયન | ૨૭૫૦ |
| • ઓર્થોપેડિક્સ | ૧૨૩ |
| • ડેન્ટીસ્ટ | ૫૩ |
| • ઈએનટી | ૯૨ |
| • ઓપ્થેલ્મોલોજીસ્ટ | ૩૯૬ |
| **કુલ દર્દી** | **૩૪૧૪** |

**વિશિષ્ટ સેવાઓ :**

| | |
|---|---|
| • રેન્ડમ શુગર ટેસ્ટીંગ | ૧૩૬ |
| • આંખના ઑપરેશન | ૬૬ |
| • થાઈરોઈડ નિદાન કેમ્પ (તા. ૦૯.૦૭.૨૦૧૭) | ૧૧૮ ટેસ્ટ |
| • બોડી પ્રોફાઈલ (પેથોલોજી) કેમ્પ (તા. ૦૩.૧૨.૨૦૧૭) | ૪૨૫ ટેસ્ટ |

આપણા મેડિકલ સેન્ટરના સંચાલનમાં સહભાગી થનાર અને આર્થિક સહકાર આપનાર દરેકનો સંસ્થા આભાર માને છે. મેડિકલ સેન્ટરની વ્યવસ્થામાં સહયોગ કરનાર તેમજ સેન્ટર દ્વારા આયોજિત મેડિકલ કેમ્પમાં વિશિષ્ટ આર્થિક સહયોગ આપનારા શ્રી દિનેશભાઈ બાવીસી પરિવાર(રાજકોટ)નો સંસ્થા વિશેષ આભાર માને છે.

## શ્રી રામનવમી નિમિત્તે લક્ષ્મીપુરામાં સત્સંગ સમારોહ સંપન્ન

તા. ૨૫-૩-૨૦૧૮ના રામનવમીના શુભ પર્વ નિમિત્તે લક્ષ્મીપુરા (સાબરકાંઠા) મુકામે સત્સંગ સમારોહ સંપન્ન થયો. લગભગ ૧૦ થી ૧૨ હજાર ધર્મપ્રિય જનતાએ સત્સંગનો લાભ લીધો હતો. આપણી સંસ્થામાંથી ૧૨ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનો સત્સંગ અર્થે લક્ષ્મીપુરા ગયા હતા. આ પ્રસંગે પૂ. શુકદેવાનંદજી, પૂ. સાધ્વીજી હંસાબા, પૂ. તુલસીદાસજી, બા.બ્ર.સુરેશજીએ પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં સૌને સત્સંગનો લાભ આપ્યો હતો. બા. બ્ર. સુરેશજીએ સત્સંગમાં વર્તમાન સમાજની પરિસ્થિતિને લક્ષમાં રાખી તેની સુધારણા અર્થે ભાષા, ભૂષા, ભોજન અને ભજન - આ ચાર દૃષ્ટિબિંદુઓ પર ટૂંકમાં સમજણ આપી હતી.

લક્ષ્મીપુરા ગામની સંગઠન શક્તિ પ્રશંસનીય છે. ગામના યુવકોએ ૧૦થી ૧૨ હજાર ભક્તો માટે જાતે રસોઈ બનાવી હતી, જે પ્રેરણાત્મક કાર્ય છે. સત્સંગના સુંદર આયોજન બદલ લક્ષ્મીપુરાના આગેવાનોને કોબા પરિવાર ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે : -

• **મેડિકલ સેન્ટર :**

(૧) શ્રી દિનેશભાઈ એસ. બાવીસી પરિવાર, રાજકોટ (આંખના ઑપરેશન માટે) — રૂા. ૪૫,૦૦૦/-

(૨) એક મુમુક્ષુ તરફથી (આંખના ઑપરેશન માટે) — રૂા. ૪૫,૦૦૦/-

(૩) શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર (આંખના ઑપરેશન માટે) — રૂા. ૪૫,૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| | (૪) | શ્રી પદ્મિનીબેન મહેન્દ્રભાઈ શેઠ, યુએસએ (મેડિકલ + ગુરુકુળ) | રૂા. ૧૪,૦૦૦/- |
| • **ગુરુકુળ :** | (૧) | શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| • **છાશકેન્દ્ર :** | (૧) | ડૉ. મહેન્દ્રભાઈ તથા જ્યોતિબેન નાણાવટી (યુએસએ) | $ 600/- |
| | (૨) | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર | રૂ. ૨૫,૦૦૦/- |
| | (૩) | સ્વ. તારાબેન ગુણવંતલાલ શાહના સ્મરણાર્થે, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |
| | (૪) | એક મુમુક્ષુ બહેન તરફથી | રૂ. ૧૦,૦૦૦/- |
| • **સાધારણ ખાતું :** | (૧) | શ્રી ભરતભાઈ પ્રવીણચંદ્ર મહેતા, મુંબઈ | રૂ. ૫૧,૦૦૦/- |
| | (૨) | શ્રી અનસૂયા જ્યોતીન્દ્ર મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ | રૂ. ૫૧,૦૦૦/- |
| | (૩) | શ્રી સુમતિ ફાઉન્ડેશન, મુંબઈ | રૂ. ૧૧,૦૦૦/- |
| • **જ્ઞાનદાન :** | (૧) | શ્રી દિનેશભાઈ ગાંગજીભાઈ સાવલા, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| • **ભોજનાલય :** | (૧) | શ્રી ભારતીબેન કાંતિલાલ મહેતા, વડોદરા | રૂ. ૧૫,૦૦૦/- |
| • **પક્ષીચણ :** | (૧) | શ્રી હસુમતીબેન હસમુખલાલ શાહ, અમદાવાદ | રૂ. ૨૦,૦૦૦/- |
| | (૨) | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર | રૂ. ૧૦,૦૦૦/- |
| • **ચોપડા વિતરણ:** | (૧) | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર | રૂ. ૨૫,૦૦૦/- |

## દેશી ગાયની ઉપયોગિતા વિષયક પરિસંવાદ

સંસ્થામાં તા. ૧૮-૦૩-૧૮ના રોજ ૫૦ વર્ષથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક, અખિલ ભારતીય ગોસેવાના પ્રમુખ, બા. બ્ર. આદ. શ્રી શંકરલાલજી પધાર્યા હતા. તેઓશ્રીએ દેશી ગાયની ઉપયોગિતા તથા વિવિધ રોગો માટે ઘરગથ્થુ ઈલાજો અંગે સુંદર વકતવ્ય આપ્યું હતું. પરિસંવાદ અંતર્ગત તેઓશ્રીએ દેશી ગાયના લક્ષણો, ગાયના દૂધ, ગોમૂત્ર તથા ગોબરના પ્રયોગથી અનેક પ્રકારની બીમારીઓનો ઈલાજ, ગાયના ઘીના ઉપયોગથી અનેક રોગોમાં રાહત, એલોપથી દવાઓ અને રાસાયણિક ખાતરના પ્રયોગથી થતાં નુકસાનો, ગોબરની શક્તિ વગેરે બાબતો પર સુંદર ચર્ચા કરી હતી. મુમુક્ષુ ભાઈ-બહેનો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું તેઓશ્રીએ સુંદર સમાધાન કર્યું હતું.


## માનવઅસ્તિત્વને બચાવવા માટે ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રયોગ કરીએ

શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ (અમદાવાદ, વડવા, ઈડર), શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - કોબા, શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ - સાયલા, ગુજરાત વિદ્યાસભા, ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી, જીતો (જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન) - અમદાવાદ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ જેવી સાહિત્ય,

ઉદ્યોગ, ફિલોસોફી અને સેવાભાવી સંસ્થાઓએ સાથે મળીને ૨૯મી માર્ચે મહાવીર જન્મકલ્યાણકદિનની ઉજવણી કરી. આ પ્રસંગે "પ્રભુ મહાવીર, તમે ફરી આવો ને !" એ વિષય પર એચ. કે. હૉલ, અમદાવાદમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ભગવાન મહાવીરના સિદ્ધાંતોની વર્તમાન સંદર્ભમાં ચર્ચા કરી હતી. એમણે કહ્યું હતું કે ભગવાન મહાવીર અહિંસાની ભાવનાના માત્ર વ્યાખ્યાકાર નહોતા, બલ્કે એક પ્રયોગવીર હતા અને તેમણે પોતાના સિદ્ધાંતોને અહિંસાની પ્રયોગભૂમિ બનાવી. ભગવાન મહાવીરે દર્શાવ્યું કે જાતિ, કુળ કે જન્મનો મહિમા નિરર્થક છે. માણસ પોતાના કાર્યથી, ગુણથી અને પરિશ્રમથી મહાન થઈ શકે છે. સમત્વ એ જ સાચો ધર્મ છે. વળી, કુમારપાળ દેસાઈએ કહ્યું કે વસ્તુમાં પરિગ્રહ નથી, પરંતુ માનવીની આકાંક્ષા, ઇચ્છા, તૃષ્ણા અને મમત્વભાવનામાં પરિગ્રહ છે. સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષવા માટે ભગવાન મહાવીરે બે મહાન પરિવર્તનો કર્યા - એક તો જૈન ધર્મના મુખ્ય વ્રતોમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું સ્ત્રીને દીક્ષિત થવાનો અધિકાર આપ્યો.

આ રીતે પોતાના વ્યાખ્યાનમાં સમાપનમાં વિચારક ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે આજે માનવ અસ્તિત્વને બચાવવા માટે અને સમષ્ટિના શુભ કાજે આપણે કહેવું જોઈએ કે "પ્રભુ મહાવીર, તમે ફરી આવો ને !". આ પ્રસંગે પિકોલાબેન શાહ અને ડૉ. નિમેષભાઈ શાહે ભક્તિસંગીત પ્રસ્તુત કરેલ અને જુદી જુદી સંસ્થાના અગ્રણીઓએ દીપપ્રાગટ્ય કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી અરવિંદભાઈ પી. શાહ અને અન્ય સહુએ કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી સંવેગભાઈ લાલભાઈ, શ્રી ગૌરવભાઈ શેઠ, પૂજ્ય શર્મિષ્ઠાબહેન, શ્રીપાળભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ગડેચા, શ્રી રાકેશભાઈ શાહ અને મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વૈરાગ્ય સમાચાર



**[૧] કુંભોજ :** અતિશયક્ષેત્ર કુંભોજ બાહુબલી મુકામે ગુરુકુલમાતા **આદ. ગજાબેન**નું ૧૦૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. પૂજ્ય સમંતભદ્ર મહારાજ દ્વારા સ્થાપિત ગુરુકુળોના સંચાલન માટેના સમર્પિત વ્રતી કાર્યકર્તાઓ પૈકી આદ. ગજાબેનનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે. પૂ. સમંતભદ્ર મહારાજની સત્પ્રેરણાથી ગજાબેને આત્મસેવા, ધર્મસેવા અને સમાજસેવા માટે જીવન સમર્પિત કર્યું હતું. માત્ર ચોથા ધોરણ સુધીનું લૌકિક શિક્ષણ લીધેલ, છતાં પ્રખર બુદ્ધિમત્તાને કારણે કરણાનુયોગના ગહન શાસ્ત્રોનું પણ સુચારુ અધ્યયન કર્યું હતું. તેઓએ અનેક ગ્રંથો કંઠસ્થ પણ કર્યા હતા. ગુરુકુળના વિકાસ, સંવર્ધનમાં તેઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું. કુંભોજમાં અનેક વ્રતી, ત્યાગી મહાનુભાવોને બોલાવીને તેઓની સાથે તત્ત્વચર્ચા કરવામાં તેઓને વિશેષ રુચિ હતી. લગ્નના બીજા જ દિવસથી તેઓએ બધાનો ત્યાગ કરી જ્ઞાન-વૈરાગ્યના બળથી આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું ! કંકુબાઈ શ્રાવિકાશ્રમ (કારંજ) સંસ્થામાં તેઓએ બહેનોના અભ્યાસ માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. તેઓ ખૂબ દયાળુ હતા. લગભગ ૫૦ વર્ષ સુધી તેઓએ પૂ. સમંતભદ્ર મહારાજની સેવા કરી. પૂજ્યશ્રી આત્માનંદજી સહિત કોબા સંઘ કુંભોજ મહારાજશ્રીના દર્શન અર્થે જતા ત્યારે ગજાબેન સાથે તત્ત્વચર્ચા થતી. તેઓનો વાત્સલ્યભાવ સરાહનીય હતો. આદ. ગજાબેનનો આત્મા આગામી થોડા ભવમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને

હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૨] લીંબડી :** લીંબડીના શ્રી વીનુભાઈ ડગલી ઘણા વર્ષો સુધી આપણા આશ્રમમાં ટ્રસ્ટી હતા. પૂ. શ્રી આત્માનંદજી અને કોબા સંસ્થા પ્રત્યે તેમને અત્યંત અહોભાવ અને સમર્પણતા હતા. પૂ. સાહેબજીને પણ વીનુભાઈ અને ડગલી કુટુંબ પ્રત્યે વિશેષ આદર અને વાત્સલ્ય હતા. પ્રસંગોપાત્ સાહેબજી લીંબડી તેમના ઘરે જતા. રાજકોટ કે સૌરાષ્ટ્રમાં જતા-આવતા અચૂક લીંબડી તેમના ઘરે ઉતરતા અને રોકાઈને સત્સંગ કરતા. વીનુભાઈનું નિધન (૨૦૦૨) થયા પછી તેમના ધર્મપત્ની મંજુલાબા અવારનવાર કોબા આવે છે અને તેમની સાધનાકુટિર (નં.૧૦)માં મહિનાઓ સુધી રહે છે.



દૈવયોગે સ્વ. વીનુભાઈના **સુપુત્ર ડૉ. હેમંતભાઈ**નું તારીખ ૩-૪-૨૦૧૮ના રોજ ૬૫ વર્ષની વયે લીંબડીમાં દુઃખદ અવસાન થયેલ છે. છેલ્લા ત્રણેક વર્ષથી હેમંતભાઈને હાર્ટ, કીડની અને ડાયાબિટીસની તકલીફ હતી. બધું કાબૂમાં હતું, પરંતુ આયુષ્ય પૂરું થતાં તેઓએ વિદાય લીધી છે. પૂ. સાહેબજી અને બહેનશ્રી શર્મિષ્ઠાબેને ફોનથી ઊંડી દિલસોજી દર્શાવીને સાંત્વના આપેલ. કોબાથી મનહરભાઈ જશવાણી, અરુણભાઈ બગડિયા, અનુપમભાઈ શાહ વગેરે લીંબડી ગયા હતા.

હેમંતભાઈ (MBBS) થઈને લીંબડીમાં પ્રેક્ટીસ કરતા હતા. મળતાવડા, આનંદી અને પરગજુ સ્વભાવને લીધે તેમની સુવાસ લીંબડી અને આજુબાજુના ગામોમાં પ્રસરી હતી. તેથી તેમની સ્મશાનયાત્રા અને બેસણામાં ગામેગામથી અને દરેક કોમના ઘણી મોટી સંખ્યામાં માણસો આવેલ. સાધુ-સાધ્વીની સારવાર અને વૈયાવચ્ચમાં તેઓ ઘણી કાળજી લેતા અને અર્ધી રાત્રિએ પણ દોડીને જતા. રામકૃષ્ણમિશન, ફ્રી મેડિકલ કેમ્પ વગેરેમાં સેવા આપતા. લીંબડીના જનસમાજમાં તેઓ છવાયેલા અને લોકપ્રિય હતા.

ધાર્મિક અને અધ્યાત્મ ક્ષેત્રમાં તેમની ઘણી રુચિ હતી. કોબા તથા ઓશોની શિબિરો અને સ્વાધ્યાય-સત્સંગનો લાભ લેતા. પૂજ્ય સાહેબજીના દર્શન-સમાગમ માટે વારંવાર કોબા આવતા. વાંચન, શ્રવણ અને મૌલિક ચિંતન તેમની રોજનીશીમાં વણાઈ ગયા હતા. તેમના ધર્મપત્ની જ્યોત્સનાબેન (મહેન્દ્રભાઈ ખંધારના નાના બેન) પણ એટલી જ અધ્યાત્મરુચિવાળા, સંસ્કારી, પ્રેમાળ અને ધાર્મિક છે.

સદ્‌ગત તેમની પાછળ વત્સલ માતા, પ્રેમાળ પત્ની, પાંચ સંસ્કારી સંતાનો, બૃહદ્ ડગલી કુટુંબ, ખંધાર પરિવાર, કોબાનું મુમુક્ષુગણ અને વિશાળ ચાહકવર્ગ મુકતા ગયા છે. તેમના મૃત્યુ પહેલાના બે અઠવાડિયા અગાઉ હેમંતભાઈ સહકુટુંબ પૂ. સાહેબજીના દર્શનાર્થે અને મુમુક્ષુઓને મળવા ખાસ કોબા આવેલ. ત્યારે કોઈને ખ્યાલ ન હતો કે તે તેમની છેલ્લી મુલાકાત બની રહેશે.

હેમંતભાઈની એક સુપુત્રી (રચના અમિતભાઈ ઝાલા) અમેરિકા છે. પોતે પણ સજોડે અમેરિકા જઈ આવ્યા હતા. તબીબી વ્યવસાયમાં કોઠાસૂઝ અને આત્મીયતાને લીધે ગામમાં અને સાધુ-સાધ્વી-સંતોમાં તેઓ જાણીતા અને માનીતા હતા. લીંબડી તાલુકો અને સુરેન્દ્રનગર જિલ્લાના તબીબી વર્તુળમાં તેમનું આગવું સ્થાન હતું. તેમની પાછળ ડગલી કુટુંબે અને ખંધાર કુટુંબે સારો ધર્માદો કરેલ છે. હેમંતભાઈની વિદાયથી ડગલી-ખંધાર કુટુંબોમાં, લીંબડીમાં અને કોબામાં ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાતા-શાંતિ-સદ્‌ગતિ આપે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રાર્થના છે.

# બાહુબલી અષ્ટક

— ડો. રમેશચંદ્ર જૈન (શ્રવણબેલગોલા, કર્ણાટક)



કર્મભૂમિ કે આદિ જિનેશ્વર વૃષભેશ્વર કે પરમ સપૂત ।
તુમસે આલોકિત ત્રિભુવન હૈ વિશ્વવંદ્ય વિશ્વેશ મહેશ ॥
સ્વાભિમાન તુમસે પાકર યહ ધરા ધન્ય વિધેશ જિનેશ ।
ધન્ય સુનન્દા કે સુત તુમસા દૂજા ઔર નહીં હૃદયેશ ॥ ૧ ॥

પોદનપુર કી લાજ તુમ્હીં સે તુમસે રક્ષિત સિન્ધુ પ્રદેશ ।
ધરા ધામ તુમસે હૈ રક્ષિત બાહુબલી તુમ જગ કે ઈશ ॥
દૃષ્ટિયુદ્ધ જલયુદ્ધ જીતકર મલ્લયુદ્ધ હિત કિયા પ્રયાણ ।
ભરતેશ્વર સ્કન્ધ ઉઠાકર દિયા જગત્ કો ભારી ત્રાણ ॥ ૨ ॥

નવ ઇતિહાસ સૃજિત તુમસે હો સહ ન સકે ચક્રેશ વિશેષ ।
તત્ક્ષણ હી ક્રોધિત હો તુમ પર ચક્ર ચલા ભ્રમકા લવલેશ ॥
ચક્ર ચલા આતંકિત હોકર કિન્તુ ઝુકા વહ શસ્ત્ર વિશેષ ।
બાહુબલી ને હસ્તાંગત કર ચકિત કર દિયા વિશ્વ અશેષ ॥ ૩ ॥

મન મેં તત્ક્ષણ ભાવ જગ ગયે ધિક્કૃત હૈ વૈભવ સંસાર ।
તૃષ્ણા કા કુછ અન્ત નહીં હૈ ભોગોં સે ના હો ભવપાર ॥
રાજપાટ સબ ત્યાગ દિયા હૈ મર્યાદાયેં સબ સ્વીકાર ।
વેષ દિગમ્બર ધાર લિયા હૈ અબ હોગા મેરા ભવ પાર ॥ ૪ ॥

શાન્તિમાર્ગ કે પથિક બને તુમ કાયોત્સર્ગ ધરા સુખકાર ।
એક વર્ષ કી યોગ સાધના અચલ ધ્યાન ભૂ કા શ્રૃંગાર ॥
ચક્રેશ્વર ને આકર સમ્મુખ નમન કિયા હૈ બારંબાર ।
કર્મો કે સબ બંધન ટૂટે કેવલ વૈભવ અપરમ્પાર ॥ ૫ ॥

ધન્ય ધન્ય હો ગઈ ધરા યહ સુરગણ મેં અતિ હર્ષ અપાર ।
પ્રથમ મુક્તિ કા માર્ગ દિખાયા સારા જગ તુમ પર ન્યોછાર ॥
વીરવ્રતી વીરાગ્રગણ્ય તુમ પ્રથમ મુક્તિ કે પરમનિધાન ।
જન જન કે હે સન્ત શિરોમણિ તુમ હો જગ કે દયા નિધાન ॥ ૬ ॥

વિશ્વમૂર્તિ તુમ વિશ્વવન્ધ હો વિશ્વાત્મા અનુપમ અવિકાર ।
અક્ષર તુમ કહલાતે સ્વામી પાપતિમિર હરતે સુખકાર ॥
સ્વયંબુદ્ધ સ્વયમ્ભૂ પરમાતમ આગમરૂપ સ્વરૂપી હો ।
અચિન્ત્યવૃત્તિ કે ધારક તુમહો નિજ અધ્યાત્મસ્વભાવી હો ॥ ૭ ॥

પોદનપુર કે ઈશ તુમ્હીં હો જગપ્રતિષ્ઠ કહલાતે હો
ભરતેશ્વર કી શ્રદ્ધા લખ ધનુ સવા પચ્ચશત અવગાહિત હો ॥
ચામુણ્ડરાય મંત્રીવર ઉત્તમ ગોમ્મટેશ તુમ સ્વામી હો ॥ ૮ ॥
દિવ્ય રૂપ કે ધારી તુમહો અલખ અગોચર નામી હો ॥

**(દોહા)**

ગોમ્મટેશ કો નિત નમૂં હૃદય કલી ખિલ જાય ।
નિતપ્રતિ મૈં દર્શન કરૂં જન્મ સફળ હો જાય ॥

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2018-2020 issued by SSP Ahmedabad valid upto 31-12-2020**
**Publication Date 15th of every month**

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,
"ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ."

**ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધશે. પાણીના અભાવમાં કોઈ પશુ-પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના આંગણે, વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા મૂકવા માટે 'દિવ્યધ્વનિ' પરિવાર આપને નમ્ર નિવેદન કરે છે.**





**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

1. 'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**ડો. રાજીવ વ્યાસ, શ્રીમતી જાગૃતિ વ્યાસ અને પરિવાર, ન્યૂજર્સી (USA)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

2. 'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. માતુશ્રી ભાવનાબેન હસમુખરાય ગાંધી (રાજકોટ)ની પુણ્યસ્મૃતિમાં**
હસ્તે : ડો. શિલ્પાબેન હસમુખરાય ગાંધી
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah